પાના ૮ , કિંમત ૩.૨, તા. ૧૭-૧૧-૨૦૨૬-મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૮૬ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

ફિલિપાઈન્સમાં ગુરુદ્વારાની મુલાકાત લેતા મોદી

મનીલામાં કવાડ દેશોની બેઠક : આજે વડાપ્રધાન મોદી અને ટ્રમ્પની મુલાકાત





નવી દિલ્હી, તા. ૧૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ મંગળવારે ફિલિપાઈન્સમાં મુલાકાત કરશે. બંને નેતાઓ આજે રાજધાની મનીલામાં ક્વાડ દેશોની બેઠકમાં સામેલ થશે.

દરમિયાન, ફિલિપાઈન્સમાં ટ્રમ્પની મુલાકાતનો વિરોધ પણ શરૂ થઈ ગયો છે. મનીલામાં અનેક પ્રદર્શનકારીઓ રસ્તાઓ પર ઉતરીને અમેરિકાની નીતિઓ અને ટ્રમ્પની મુલાકાતનો વિરોધ કરી રહ્યા છે.

ક્વાડમાં ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા સામેલ છે. તેનો હેતુ હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં સુરક્ષા અને સહયોગ વધારવાનો છે.

આ બેઠકમાં મોદી અને ટ્રમ્પ ઉપરાંત ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બનીઝ અને જાપાનના વડાપ્રધાન સાને તાકાઈચી પણ સામેલ થશે.

ચારેય દેશોના નેતાઓ આ પહેલાં સપ્ટેમ્બર ૨૦૨૪માં અમેરિકાના ડેલાવેરમાં મળ્યા હતા. તે સમયે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને બેઠકની અધ્યક્ષતા કરી હતી.

આ બેઠકમાં હિંદ-પ્રશાંત ક્ષેત્રને સ્વતંત્ર અને ખુલ્લું રાખવાની પ્રતિબદ્ધતા પુનરાવર્તિત કરવામાં આવી હતી. સાથે જ દરિયાઈ સુરક્ષામાં સહયોગ વધારવાની પહેલ કરવામાં આવી હતી.

ફિલિપિન્સના મનિલામાં ગુરુદ્વારા ખાલસા દીવાનના પુનઃનિર્માણની તૈયારીઓ શરૂ થઈ. પ્રધાનમંત્રી મોદીએ આ સાથે સંબંધિત કાર્યક્રમમાં ભાગ લીધો.

ટ્રમ્પના મનીલા પહોંચતા પહેલાં ૧૫ નવેમ્બર અને ૧૬ નવેમ્બરે તેમના પ્રવાસના વિરોધમાં પ્રદર્શનકારીઓએ કૂચ કાઢી હતી. તેઓ આસિયાન પરિષદના સ્થળ તરફ આગળ વધી રહ્યા હતા, પરંતુ પોલીસે તેમને રોકી દીધા. આ દરમિયાન બંને પક્ષો વચ્ચે અથડામણ થઈ.

રોયટર્સ અનુસાર, પ્રદર્શનમાં ન્યૂ પેટ્રિયોટિક એલાયન્સ સાથે જોડાયેલા કાર્યકર્તાઓ પણ સામેલ હતા. પ્રદર્શનનું નેતૃત્વ કરી રહેલા ટેડી કાસિનોએ રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયરની ટીકા કરતાં કહ્યું કે સરકારે વિદેશી નેતાઓનું સ્વાગત કરવાને બદલે પોતાના લોકોની સમસ્યાઓ પર ધ્યાન આપવું જોઈએ.

પીએમ મોદી સોમવારે ત્રણ દિવસના પ્રવાસે ફિલિપાઈન્સની રાજધાની મનીલા પહોંચ્યા. તેમનું એરપોર્ટ પર ફૂલહાર પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું. અહીં તેમણે ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનેન્ડ માર્કોસ જુનિયર દ્વારા આયોજિત આસિયાન ગાલા ડિનરમાં ભાગ લીધો.

આ દરમિયાન મોદી ફિલિપાઈન્સના પરંપરાગત પુરુષ પહેરવેશ 'બારોંગ ટેગલોગ' પહેરેલા નજરે પડ્યા. તેઓ કાર્યક્રમમાં ખાસ રીતે તૈયાર કરવામાં આવેલી ટુક-ટુકમાં પહોંચ્યા.

મોદી આજે ૨૩મી આસિયાન-ભારત સમિટ અને ૨૧મી ઈસ્ટ એશિયા સમિટમાં સામેલ થશે.

ઓમાન પાસે હોર્મુઝ સ્ટ્રેટમાં તેલ ટેન્કર જહાજ પર હુમલો

ઓઈલ ટેન્કર પ્રતિબંધીત વિસ્તારમાંથી પસાર થયું હોવાનો ઈરાનનો દાવો

નવી દિલ્હી, તા. ૧૭

ઓમાન પાસે હોર્મુઝથી પસાર થતા એક તેલ ટેન્કર જહાજ પર હુમલો થતાં તેમાં ભીષણ આગ લાગી હતી. બાદમાં તે નેવલ માઈન-સમુદ્રી સુરંગ સાથે ટકરાતા તેમાં આગ લાગી હતી. જાણવા મળતી વિગત મુજબ આ વિસ્તારમાં છેલ્લા ૨૪ કલાકમાં આવો ચોથો હુમલો છે.

ઈરાની નૌસેનાએ માત્ર આ ઘટનાની પુષ્ટિ કરી છે અને કહ્યું છે કે ટેન્કર જહાજને ઘણુ નુકશાન થયુ છે. યુકે મેરી ટાઈમ ટ્રેડ ઓપરેશન્સ (યુકે એમટીઓ) એ કહ્યું છે કે તેને ઓમાન પાસે પસાર થઈ રહેલા એક ટેન્કર પર હુમલાનો રિપોર્ટ મળ્યો છે તેણે કહ્યું હતું કે જહાજ ખરાબ થઈ ગયુ છે.એન્જીનનાં રૂમમાં આગ લાગી ગઈ છે.ચાલક દળ સુરક્ષિત છે. નુકશાન કેટલુ થયુ છે તેની જાણકારી નથી.બીજી બાજુ ઈરાની નૌસેનાએ કહ્યું છે કે ટેન્કર પ્રતિબંધીત વિસ્તારમાંથી જઈ રહ્યું હતુ તેનુ નેવિગેશન પણ બંધ કરી દીધુ હતું. ઈરાને જણાવ્યું હતું કે શીપીંગ ઓપરેટરોને અનેક વા પ્રતિબંધીત સમુદ્રી ક્ષેત્રમાં પ્રવેશ ન કરવા માટે ચેતવણી આપવામાં આવી હતી. આ વિસ્તારમાં આ વર્ષે ફેબ્રુઆરીમાં ઈરાન-અમેરીકા,ઈઝરાયેલનુંયુદ્ધ શરૂ થયા બાદ હમાઓ સુધી પ્રતિબંધો રહ્યા હતા.

હવાઈ સેવા ખોરવાયા બાદ હવે અમેરિકી બેંકોમાં આઉટેજ

એક જ સપ્તાહમાં ત્રીજી ઘટનાથી અમેરિકામાં વ્યાપેલો ખળભળાટ

નવી દિલ્હી, તા. ૧૭

અમેરિકામાં એર ટ્રાફિક કન્ટ્રોલ ફેઈલ થવાને પગલે ખોરવાયેલી વિમાની સેવા ચાર દિવસે પણ સામાન્ય થઈ શકી નથી તેમજ માઈક્રોસોફટના આઉટેજના પ્રત્યાઘાતો પણ ખતમ થયા નથી ત્યાં હવે અમેરિકાની ટોચની બેંકો, આઉટેજનો શિકાર બની હતી. જેમ બેંક ઓફ અમેરીકા, જે.પી.મોર્ગન, વેલ્સ, ફર્ગો, યુએસ બેંક જેવી બેંકોની સેવાઓમાં વિક્ષેપ સર્જાયો હતો. ઓનલાઈન સેવામાં ગ્રાહકોને પરેશાનીનો સામનો કરવો પડયો હતો.અમેરિકી ફલાઈટો રદ થવા તથા માઈક્રોસોફટ આઉટેજના ઘટનાક્રમ બાદ આ ઘટનાએ ટ્રમ્પ વહિવટીતંત્રમાં ખળભળાટ સર્જયો છે.જાણીતી બેંક ચેઝનાં ગ્રાહકોને એવા મેસેજ મળ્યા હતા કે કેટલીક સેવાઓ ઉપલબ્ધ નથી અને તેને નોર્મલ કરવાનાં પ્રયાસ થઈ રહ્યા છે.

અનુસંધાન પાના ૭ પર

ઉત્તરાખંડમાં બે દિવસમાં બે માર્ગ અકસ્માતમાં ૧૨નાં મોત

રૂદ્રપ્રયોગમાં બોલેરો વાન ખીણમાં ગબડતા ૪ લોકોનાં મોત

નવી દિલ્હી, તા. ૧૭

ઉતરાખંડમાં છેલ્લા બે દિવસમાં બે મોટા માર્ગ અકસ્માતો થતાં તેમાં કુલ ૧૨ લોકોના મોત થયા છે. જેમાં સોમવારે રૂદ્રપ્રયાગમાં બોલેરો વાન ખીણમા પડવાથી ૪ લોકોના મોત થયા હતા. જયારે મંગળવારે ઋષિકેશ-બદ્રીનાથ હાઈવે પર બસ પુલ પરથી નીચે પાણીમાં ખાબકતા ૮ લોકોના મોત થયા હતા.

રુદ્રપ્રયાગ જિલ્લાના બાંસવાડા-કંડાડા મોટર માર્ગ પર સોમવાર મોડી સાંજે એક ભીષણ માર્ગ અકસ્માત સર્જાયો હતો. અહીં એક બોલેરો વાહન અનિયંત્રિત થઈને રસ્તાથી આશરે ૫૦૦ મીટર નીચે ઊંડી ખીણમાં ખાબક્યું હતું.

આ અકસ્માત સમયે વાહનમાં કુલ ૧૦ લોકો સવાર હતા, જેઓ એક લગ્ન સમારોહમાં હાજરી આપીને પોતાના ગામ પાછા ફરી રહ્યા હતા. આ ગમખ્વાર અકસ્માતમાં ૪ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય ૬ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

અકસ્માતની માહિતી મળતા જ જિલ્લા આપત્તિ નિયંત્રણ રૂમ દ્વારા ત્વરિત કાર્યવાહી કરવામાં આવી હતી અને ઢઢઈલ્લ, જીઢઈલ્લ તથા સ્થાનિક પોલીસની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી.

ઘટનાસ્થળે ભારે અંધાં અને ઊભી ખડકો હોવાને કારણે બચાવ કામગીરીમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. તેમ છતાં

અનુસંધાન પાના ૭ પર

WISH YOU A HAPPY DIWALI
&
PROPEROUS NEW YEAR

Kaushik J. Dalwadi
Government Approved Contractor

Barbed wire/ Chainlink ,
Fancing Specialist & Fabricators

Office:-134, Ambica industrial Society-2, Near Gandhi Kutir, Udhna Magdalla Road, Surat-395017

నూతనవర్షా అభినందన
నిరవ మహిలా ట్రస్ట
గીతాబેન દેસાઈ
પૂર્વ મેયર

దీપావళి శుభాకాంక్షలు
దీపాల వెలుగులు మీ జీవితంలో కొత్త ఆశలను నింపాలని, మీ ఇంట సుఖసంతోషాలు వెల్లివిరియాలని, మీ కుటుంబం ఆయురారోగ్యాలతో, ఐశ్వర్యాలతో ఎల్లవుడూ ఆనందంగా ఉండాలని మనస్ఫూర్తిగా కోరుకుంటు
మీకు మరియు మీ కుటుంబ సభ్యులందరికీ దీపావళి శుభాకాంక్షలు!
శ్రీమతి లక్ష్మి బుచ్చిరాములు రాపోలు
సర్వేజనోనే ప్రకాశ పర్వ దివాળીની શુભેચ્છા તથા નૂતનવર્ષાભિનંદન
શ્રીમતી લક્ષ્મીબેન બુચ્ચિરામુલુ રાપોલુ
માજી કોર્પોરેટર :
વોર્ડ નં. ૨૫ લીંબાયત-ઉધના ચાર્ડ, સુરત
માજી મહામંત્રી અને ઉપાધ્યક્ષા :
ભાજપા મહિલા મોર્ચા, સુરત શહેર
માજી મંત્રી :
સુરત શહેર ભાજપ
માજી ઉપકન્વીનર :
ભાષા-ભાષી સેલ સુરત શહેર ભાજપ
તેલુગુ સમાજના મહિલા અગ્રણી

శ్రీ బుచ్చిరాములు వెంకటయ్య రాపోలు
શ્રી બુચ્ચિરામુલુ વેંકટૈયા રાપોલુ
નિવૃત્ત આચાર્ય :
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત
મહામંત્રી :
વોર્ડ નં. ૨૫, લીંબાયત-ઉધના ચાર્ડ, સુરત.
મહામંત્રી :
સુરત તેલુગુ આદર્શ મિત્ર મંડળ
સલાહકાર :
માર્કન્ડેય પક્ષશાળી સમાજ-સુરત તેલુગુ સમાજના અગ્રણી

ભારતીય સામ્યવાદીપક્ષ
લાલ વાવટા યુનિયન તરફથી સૌ
શુભચિંતકોને દિવાળી અને
નૂતન વર્ષાભિનંદન
ભારતીય સામ્યવાદી પક્ષ
સુરત
એડવોકેટ વિજય શેણમારે
(પૂર્વ ગુજરાત રાજ્યમંત્રી-સીપીઆઈ)
સુગીત પાઠકજી
(સુરત શહેર મંત્રી)
મહેશ પટેલ
(સુરત શહેર સહમંત્રી)
રમેશભાઈ રાઠોડ
(ઓફિસ સેક્રેટરી)

S.P. SALES CORPORATION
Krishna PACKAGING
GST : 24ACHPG7449L1ZA GST : 24ABTPG1959L1Z5
Dealing With All types of Packaging Materials
48/564-565 Khatodara Housing Board,
Near Sai mandir,Shastri Nagar,Udhana ,Surat 395002
SOURABH GOYAl : 9687495631 UTKARSH GOYAl : 7359313518

દિપાવલી તથા નવા વર્ષની હાર્દિક શુભેચ્છા
હિમાલયા કોટન

SURAT TEXTILE PACKAGING ASSOCIATION
COMMITTEE MEMBERS
Kanhaiya Lal Sand (Patron)
Vinod Chajjer (President)
Gopal Periwal (Vice President)
Om Prakash Goyal (General Secretary)
Vijay Shah (Secretary)
Narendra Agrawal (Treasurer)
Paresh Patel (Member)
Ravi Rathi (Member)
Suresh Bansal (Member)
Ashish Jain (Member)
Jagdish Saini (Member)
Kanhaiya Periwal (Member)
Manish Goyal (Member)
Nirmal Chaudhary (Member)
Sunit Jain (Member)
Milap Bothra (Member)
Shivnath Saini (Member)
Bhawani Shankar Sharma (Member)
Anish Bansal (Member)

SURSEZ ISO 9001: 2000 Certified
ICD SACHIN
Building Trade... Connecting Markets...
WISHES YOU A VERY
Happy Diwali
& PROSPEROUS NEW YEAR
May the Festival of Lights bring happiness, prosperity and success to all...
FACILITIES AT ICD SACHIN
ICD – A Declared Warehouse
Fulltime Custom Services
Ample Space for Parking Containers
Availability of Forklifts & Cranes
Transport Facilities for Port & Local Available Roud the clock
Full proof Security
Shipping tine services
Ready sheds for the office of Importer/ Exporter & Shipping Lines, CHA's Services
FOR MORE DETAIL, PLEASE CONTACT US ON:
Mumbai Office:
141, Atlanta Nariman Point, Mumbai- 400021
Tel.: (022) 22851430, 22851457, 56325515/ 13/ 14
E-mail: dgdc@vsnl.com
Web: www.sursez.com
Site Office:
ICD, Diamond Park Sachin, GIDC Sachin, Surat, Gujarat. (India) 394230
Mob: 9714219520, 6354920364, 7984967452
E-mail: operations.icd@sursez.com
Let the light of Diwali bring new opportunities and success!



બિહાર ઝારખંડ ટ્રસ્ટ દ્વારા ભવ્ય છઠ પૂજા પર્વ ઉજવાયું

રાધાકૃષ્ણ મંદિર પાસેના ઘાટ પારે પૂજા અર્થે ઉમટેલી જનમેદની

સુરત, તા.૧૭

સુરતના સમસ્ત બિહાર ઝારખંડ સમાજ ટ્રસ્ટ દ્વારા મા તાપ્તીના પવિત્ર ઘાટ (અંબા માતા અને રાધા કૃષ્ણ મંદિરો પાસે) પર આયોજિત ભવ્ય છઠ પૂજા ઉત્સવ ગઈકાલે ખૂબ જ ભક્તિ, ઉત્સાહ અને સફળતા સાથે સંપન્ન થયો. આ શુભ પ્રસંગે લગભગ ૩,૫૦૦ થી ૪,૦૦૦ ભક્તોએ ભાગ લીધો, સૂર્યની પૂજા કરી અને સુખ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી.ચાર દિવસીય આ ઉત્સવ દરમિયાન, ટ્રસ્ટે ઘાટ પર સ્વચ્છતા, લાઇટિંગ, સુરક્ષા અને ભક્તોની સુવિધા માટે ખાસ વ્યવસ્થા કરી. છઠ ઉત્સવ ઔપચારિક રીતે ઉગતા સૂર્યને અર્ઘ્ય અર્પણ સાથે સમાપ્ત થયો, જેમાં મોટી



સંખ્યામાં ભક્તો અને પરિવારોએ ભાગ લીધો. આ ભવ્ય કાર્યક્રમની સફળતા માટે હોદ્દેદારો અને સમિતિના સભ્યો મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું અધ્યક્ષ શ્રી અજય ચૌધરી પ્રમુખ શ્રી પ્રભાત ઝા મહામંત્રી શ્રી પ્રતુલ ચૌધરી સંયુક્ત મહામંત્રી શ્રી સુનિલ સિંહ રાજપૂત સચિવ શ્રી ચંદન સિંહ ખજાનચી, CA રવિકાંત શર્મા સભ્ય શ્રી પવન બુધિયા ટ્રસ્ટના અધિકારીઓએ તમામ ભક્તો, સ્થાનિક વહીવટીતંત્ર, સ્વયંસેવકો અને સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો જેમના સહયોગથી આ સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમ શાંતિપૂર્ણ અને ભવ્ય રીતે સફળ બન્યો.



શ્રી સુમોવ-ઘાંચી મંડળ સુરત દ્વારા સ્નેહ મિલન સમારંભ

સુરત, તા.૧૭

શ્રી સુમોવ/ ઘાંચી હિતવર્ધક મંડળનો સ્નેહમિલન સમારંભ અને નુતન વર્ષની ઉજવણી મંડળના સભ્યો અને આમંત્રિતો સાથે યોજાયો. સમારંભ કે આર જે ડાયગ્નોસ્ટિક સેન્ટરના મુખ્ય દાતા શ્રી રમેશભાઈ જોશી ના અધ્યક્ષ સ્થાને અને મુખ્ય અતિથિ શ્રી અમિતભાઈ ગજ્જર (ચેરમેન સુરત પીપલ્સ કો-ઓપરેટિવ બેન્ક લિમિટેડ)અને શ્રી સંજયભાઈ ગાંધી (પ્રમુખ શ્રી સુમોવ સમસ્તપંચ)એ સ્થાન શોભાવ્યુ હતું. હિત વર્ધક મંડળના પ્રમુખ શ્રી હસમુખભાઈ લાલવાલા એ સ્વાગત પ્રવચન કર્યું મંત્રી શ્રી મનહરભાઈ લાપસીવાળા એ મંડળના માસિક લાભાર્થીઓને વિગતો રજૂ કરી સમારંભના અધ્યક્ષ શ્રી અને અતિથિ વિશેષ શ્રી તથા નિમંત્રક ઓએ પ્રાસંગિક ઉદબોધન કર્યું કાર્યક્રમમાં ઉપસ્થિત દાતાશ્રી અને સમાજના મોવડી મંડળ નું સાલ,પુષ્પગુચ્છ અને પુસ્તકથી સન્માન કરવામાં આવ્યું. સભામાં ઉપસ્થિત વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર પ્રો. કાંતિભાઈ મોદી (ઉમર ૯૨) ની હિન્દી ભાષા ની વિશિષ્ટ સેવા બદલ પ્રશસ્તિ પત્ર, સાલ અને પુષ્પગુચ્છ થી ઉપસ્થિત મહાનુભાવો ના વરદ હસ્તે અર્પણ કરવામાં આવ્યા. કાર્યક્રમનું સંચાલન ડો.મેઘા કિકાગણેશવાળા અને શ્રી જયના સોપારીવાલા એ કર્યું આભાર વિધિ ખજાનચીશ્રી અશોકભાઈ સોપારીવાળા એ કરી કાર્યક્રમનું સમાપન જાહેર કર્યું હતું.

નવી સિવિલમાં એક્સ-રે અને સીટી સ્કેનના રિપોર્ટ હવે દર્દીઓને વોટ્સએપ મારફતે મળશે

દર્દીઓને સમયસર રિપોર્ટ મળતાં સારવારની પ્રક્રિયા વધુ ઝડપી અને સરળ બનશે

સુરત, તા.૧૭

નવી સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને રેડિયોલોજી વિભાગના એક્સ-રે અને સીટી સ્કેનના રિપોર્ટ ઝડપથી અને સમયસર મળી રહે તેમજ તેમની સારવાર ત્વરિત શરૂ થઈ શકે તેવા હેતુથી મહત્વપૂર્ણ સુવિધા શરૂ કરવામાં આવી છે.

રેડિયોલોજી વિભાગના વડાશ્રી ડો.પુર્વીબેન દેસાઈ તેમજ ડો.હિનલ ભગત અને સિસ્ટમ મેનેજરશ્રી વિરેન પટેલના સૂચનને ધ્યાનમાં લઈને તબીબી અધિક્ષકશ્રી ડો.પારુલ વડગામાના માર્ગદર્શન હેઠળ દર્દીઓ માટે સુવિધા અમલી બનાવવામાં આવી છે. આ વ્યવસ્થા અંતર્ગત કિડની બિલ્ડિંગ, સ્ટેમસેલ બિલ્ડિંગ તેમજ રેડિયોલોજી વિભાગ બિલ્ડિંગમાં કાર્યરત એક્સ-રે અને સીટી સ્કેનની સુવિધાના રિપોર્ટ ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવશે. એક્સ-રે અને સીટી સ્કેનના રિપોર્ટ સોફ્ટવેરમાં એન્ટ્રી થયા બાદ રેડિયોલોજીસ્ટ દ્વારા વેરિફાઈ કરવામાં આવેલા રિપોર્ટ સીધા જ દર્દીઓને તેમના મોબાઈલ પર વોટ્સએપ મારફતે મળી જશે. જેથી દર્દીઓ અને તેમના પરિવારજનોને રિપોર્ટ મેળવવા માટે વારંવાર હોસ્પિટલમાં આવવાની જરૂર નહીં રહે અને સારવાર ઝડપથી શરૂ થઈ શકશે. આ સમગ્ર વ્યવસ્થાના અસરકારક અમલીકરણ ઈન્ચાર્જ આર.એમ.ઓ. ડો.લક્ષ્મણ તાહિલિયાણી તથા કિડની બિલ્ડિંગના નોડલ ઓફિસર ડો.ભરત ચાવડા તથા નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટ શ્રીમતી નીરજાબેન પટેલના સંકલન હેઠળ શરૂ થઈ છે. આમ, નવી સુવિધાના અમલીકરણથી દર્દીઓને રિપોર્ટ મેળવવામાં પડતી મુશ્કેલી અને સમયનો વિલંબ ઘટશે તેમજ દર્દીઓની સારવારની પ્રક્રિયા વધુ ઝડપી, સરળ અને સુવિધાજનક બનશે.

વિશ્વ માર્ગ અકસ્માત પીડિત સ્મરણ દિવસે મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ

રોડ સેફ્ટીના સંકલ્પ સાથે સુરતમાં જાગૃતિ કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૧૭

વિશ્વ માર્ગ અકસ્માત પીડિત સ્મરણ દિવસ–૨૦૨૬ નિમિત્તે જિલ્લા ટ્રાફિક એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી, સુરત તથા સુરત ટ્રાફિક પોલીસના સંયુક્ત ઉપક્રમે અઠવાલાઈન્સ ખાતે આવેલ ચોપાટી પાર્કિંગમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા તેમજ નાગરિકોમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ લાવવા માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમની અધ્યક્ષતા ACP શ્રી એસ. આર. ટેંડેલ સાહેબ દ્વારા કરવામાં આવી હતી, જ્યારે કાર્યક્રમનું સંચાલન જિલ્લા ટ્રાફિક એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી, સુરતના પ્રમુખ શ્રી બ્રિજેશ વર્મા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોની યાદમાં બે મિનિટનું મૌન પાળીને કરવામાં આવી હતી. ત્યારબાદ રોડ સેફ્ટી પ્રાર્થના સાથે કેન્ડલ પ્રગટાવી તથા પુષ્પ અર્પણ કરી દિવંગત આત્માઓને ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરત તરફથી શ્રી ભરતભાઈ પંડિત (એડવોકેટ) દ્વારા ઉપસ્થિત લોકોને MACP (Motro Accident Claims) હેઠળ માર્ગ અકસ્માતના ભોગ બનેલા વ્યક્તિ તથા તેમના પરિવારને મળવાપાત્ર વળતર, કાનૂની પ્રક્રિયા તથા ઉપલબ્ધ કાનૂની સહાય અંગે મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. આ અંગેના ઉપયોગી પેમ્ફલેટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ શ્રી બ્રિજેશ વર્માએ જણાવ્યું હતું કે દર વર્ષે નવેમ્બર મહિનાના ત્રીજા રવિવારે સમગ્ર વિશ્વમાં "વિશ્વ માર્ગ અકસ્માત પીડિત સ્મરણ દિવસ" મનાવવામાં આવે છે. આ દિવસ માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનાર લોકોને શ્રદ્ધાંજલિ આપવા ઉપરાંત માર્ગ અકસ્માતોને રોકવા અને માર્ગ સલામતી અંગે સમાજમાં જાગૃતિ ફેલાવવાનો મહત્વપૂર્ણ દિવસ છે. શ્રી બ્રિજેશ વર્મા દ્વારા ઉપસ્થિત લોકોને સરકારશ્રીની રાહવીર યોજના, PM-RAHAT યોજના તેમજ માર્ગ અકસ્માતના ભોગ બનેલા લોકોને મળતી કેશલેસ સારવાર અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત વ્યક્તિને સમયસર સારવાર મળે તે અત્યંત જરૂરી છે અને અકસ્માત સમયે ઘાયલ વ્યક્તિની મદદ કરવી એ દરેક નાગરિકની માનવતાપૂર્ણ જવાબદારી છે. તેમણે વધુમાં જણાવ્યું કે અકસ્માત પીડિતો અથવા તેમના પરિવારજનોને મોટર અકસ્માત ક્લેમ, કાનૂની કાર્યવાહી અથવા સંબંધિત સહાય અંગે કોઈ માર્ગદર્શનની જરૂરિયાત હોય તો સંસ્થા દ્વારા શક્ય તેટલી મદદ

અનુસંધાન પાના ૭ પર

કુકરમુંડા વિશ્રામ ગૃહની કમ્પાઉન્ડ વોલ પર દીપડો દેખાતાં ફફડાટ

વન વિભાગે શેરડીના ખેતરમાં પાંજરું ગોઠવ્યું

કુકરમુંડા, તા.૧૭

તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકાના મુખ્ય મથક ખાતે આવેલા વિશ્રામ ગૃહની કમ્પાઉન્ડ વોલ પર રાત્રિના સમયે દીપડો જોવા મળતાં સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. દીપડાની અવરજવરથી સ્થાનિક લોકોમાં ચિંતા ફેલાતાં આખરે વન વિભાગ દ્વારા દીપડાને પકડવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વિશ્રામ ગૃહની બાજુમાં આવેલા શેરડીના ઉભા પાકવાળા ખેતરમાં વન વિભાગે પાંજરું ગોઠવ્યું છે.

મળતી માહિતી મુજબ, ગત શનિવારે રાત્રિના સમયે કુકરમુંડા વિશ્રામ ગૃહની કમ્પાઉન્ડ વોલ પર એક દીપડો આરામ કરતો જોવા મળ્યો હતો. રાત્રિના સમયે અચાનક દીપડો નજરે પડતાં વિશ્રામ ગૃહમાં ફરજ બજાવતા કર્મચારીનું પણ ધ્યાન તેના પર ગયું હતું. કર્મચારીએ સતર્કતા દાખવી દીપડાની હિલચાલને પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધી હતી. આ વીડિયો સામે આવતાં વિસ્તારમાં દીપડાની હાજરીની ચર્ચા શરૂ થઈ હતી. કુકરમુંડા તાલુકાના મુખ્ય મથક જેવા અવરજવરવાળા વિસ્તારમાં અને વિશ્રામ ગૃહની નજીક દીપડો જોવા મળતાં સ્થાનિક લોકોમાં ભયની લાગણી ફેલાઈ છે. ખાસ કરીને રાત્રિના સમયે અવરજવર કરતા લોકોમાં સાવચેતી રાખવાની જરૂરિયાત ઊભી થઈ છે. આ ઘટનાને ધ્યાનમાં રાખીને ઉચ્છલ વન વિભાગ દ્વારા ગત સોમવારે વિશ્રામ ગૃહની કમ્પાઉન્ડ વોલને અડીને આવેલા શેરડીના ઉભા પાકવાળા ખેતરમાં દીપડાને પકડવા માટે પાંજરું મૂકવામાં આવ્યું છે. શેરડીના ખેતરમાં દીપડો છુપાયો હોવાની શક્યતાને ધ્યાનમાં રાખીને વન વિભાગે આ સ્થળે પાંજરું ગોઠવી આગળની કાર્યવાહી હાથ ધરી છે. હવે વન વિભાગ દ્વારા ગોઠવવામાં આવેલા પાંજરામાં દીપડો ક્યારે પકડાય છે તેની સ્થાનિક લોકો રાહ જોઈ રહ્યા છે. બીજી તરફ, વન વિભાગ દ્વારા પણ લોકોને રાત્રિના સમયે બિનજરૂરી અવરજવર ટાળવા અને દીપડો દેખાય તો તેની નજીક જવાને બદલે તાત્કાલિક વન વિભાગને જાણ કરવા અપીલ કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

ચેક રિટર્ન કેસમાં મિતેષ સવાણીને એક વર્ષની કેદની સજાનો હુકમ

કુકરમુંડા, તા.૧૭

ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષ ની કેદની સજાનો હુકમ અને ચેકની તારીખથી ૯% લેખે વ્યાજ સહિત વળતર ચૂકવવા અને ન ચૂકવે તો ત્રણ માસની સજા નો હુકમ કરાયો હતો આ કેસની વિગત મુજબ ફરિયાદી જય હંસા ટેક્સટાઈલ ના પાવરદાર કનૈયાલાલ કેવળદાસ પટેલ ૪૪-A, સ્વામી ગુણાતીતનગર, ભટાર રોડ સુરત મુકામે રહે છે અને આરોપી મિતેષભાઈ છગનભાઈ સવાણી ૨૩, વિશ્વકૃપા સોસાયટી સુમુલ ડેરી રોડ સુરત ખાતે રહે છે આરોપી મિતેષભાઈ છગનભાઈ સવાણી ને ફરિયાદી કનૈયાલાલ કેવળદાસ પટેલ સાથે મિત્રતાના સંબંધો હોવાથી ધંધાકીય કામકાજ માટે હાથ ઉછીના રૂપિયા ૪,૫૦,૦૦૦/- ની માંગણી કરેલી અને તેની સામે ફરિયાદી કનૈયાલાલ કેવળદાસ પટેલને ચેક આપેલો પરંતુ આ ચેક સમય મર્યાદા માં ભરતા રિટર્ન થયેલો જેથી ફરિયાદી કનૈયાલાલ કેવળદાસ પટેલએ એડવોકેટ જતીન પટેલ મારફતે કોર્ટમાં કેસ કરેલ આ કેસમાં એડવોકેટ જતીન પટેલે ધારદાર દલીલ કરતા આરોપીને તકસીરવાર ઠેરવીને એક વર્ષની કેદની સજા તેમજ ચેકની તારીખથી ૯ ટકા લેખે વ્યાજ સહિત વળતર ફરિયાદીને ચૂકવી આપવાનો આદેશ કર્યો હતો.

રઘુવંશી લોહાણા સમાજ દ્વારા જલારામ જયંતીની ઉજવણી કરાઈ

કુકરમુંડા, તા.૧૭

અંકલેશ્વરના રઘુવંશી લોહાણા મહાજન સમાજ દ્વારા જલારામ બાપાની ૨૨૭ મી જન્મ જયંતીની ભક્તિ ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જીઆઈડીસીમાં આવેલ JCI ભવન ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં વીરપુરના સંત જલારામ બાપાની આરતી ઉતારવામાં આવી હતી ત્યારબાદ મહાપ્રસાદીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.આ ધાર્મિક કાર્યક્રમોનો મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી.આ પ્રસંગે સમાજના નરેશ પુજારા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કુરુક્ષેત્ર સ્મશાન ભુમિ ટ્રસ્ટને ૩.૫૧,૦૦૦નું દાન



સુરત, તા.૧૭

માં અન્નપુર્ણા મંદિરનાં ટ્રસ્ટ્રી, મર્કનટાઈલ બેંકનાં વા. ચેરમેનશ્રી અને નર્મદા પરીકમી શ્રી નિતીનભાઈ મહેતા પરીવાર તરફથી નવા વર્ષ ભાઈબીજનાં મંગલદીને યોજાયેલા સ્નેહમિલનમાં શ્રી કુરુક્ષેત્ર સ્મશાનભુમિ ટ્રસ્ટને રૂ. એકવન હજાર રૂપીયાનું દાન શહેરનાં જાણીતા કવિ ડૉ મુકુલભાઈ ચોકસી, ડૉ અશોકભાઈ પટેલ, શ્રી મહાવીર સંસ્કાર ધામ જહાંગીરપુરાનાં પ્રમુખ શ્રી બાબુભાઈ મંડોત અને ઘી રાંદેર પીપલ્સ બેંકનાં ચેરમેનશ્રી વિશાલભાઈ સેલરની પ્રેરક ઉપસ્થિતીમાં પ્રમુખ શ્રી કમલેશભાઈ સેલરને ચેક આપવામાં આવ્યો હતો. કુરુક્ષેત્ર સ્મશાનભુમિ ટ્રસ્ટનાં, ઉપપ્રમુખ શ્રી શંકરભાઈ પટેલ, મંત્રી શ્રી અજયભાઈ ગાંધી, સહ મંત્રી શ્રી સમીરભાઈ વ્યાસ, ખજાનચી શ્રી ઉમેશભાઈ દેસાઈ અને ટ્રસ્ટીશ્રી જે.ડી.પટેલ, મહેશભાઈ પટેલ, પ્રકાશભાઈ પટેલ સહીત ઉપસ્થિત રાંદેર પીપલ્સ બેંકનાં ડીરેકટરશ્રીઓએ દાતાશ્રીનો આભાર વ્યકત કર્યો હતો. ધી રાંદેર પીપલ્સ કો.ઓ.બેંકનાં ડીરેકટર શ્રી નેમીચંદભાઈ જૈનની તેરાપંથ જૈન સમાજ ઉધનાનાં પ્રમુખ પદે નિમણુંક થતા તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ખેડૂતોને ૧૦૦ ટકા વળતર આપવાની નિઝરના ખેડૂતો દ્વારા ઉગ્ર માંગ

ખેતરો વચ્ચેથી પસાર થતી જોખમી વીજલાઇનો દૂર કરી બ્લેક કોટિંગ કેબલ નાખવા રજૂઆત

કુકરમુંડા, તા.૧૭

નિઝર તાલુકામાં ખેતરો વચ્ચેથી પસાર થતી વીજલાઈનો ખેડૂતો માટે માથાનો દુખાવો બની રહી છે. વીજતારમાં સર્જાતી ખામી અને તારના સંપર્કને કારણે શેરડી સહિતના ખેતીપાકોમાં આગ લાગવાની ઘટનાઓ સામે આવી રહી છે. ખેડૂતોની આખા વર્ષની મહેનત અને લાખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા પાકને આગમાં હોમાવાનો વારો આવે છે, ત્યારે આવા નુકસાનની જવાબદારી કોણ લેશે તેવો સવાલ ઉઠાવી નિઝર તાલુકાના ખેડૂતોએ હવે વીજ વિભાગ સામે બાંયો ચડાવી છે.

ખેતીપાક અને ખેડૂતોના જીવની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ખેડૂતોએ ગુજરાત વીજ કંપનીના નિઝર ખાતેના નાયબ ઈજનેર, પ્રાંત અધિકારી તેમજ મામલતદાર સમક્ષ લેખિત રજૂઆત કરી વિવિધ માંગણીઓ સાથે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

ખેડૂતોના જણાવ્યા મુજબ નિઝર તાલુકાના અનેક ખેતરો વચ્ચેથી વીજલાઈનો પસાર થાય છે. ખાસ કરીને શેરડીના પાકની ઓવર સીઝન દરમિયાન વીજતારના સંપર્ક અથવા વીજલાઈનમાં સર્જાતી ખામીને કારણે આગ લાગવાની ઘટનાઓ બને છે. દર વર્ષે અંદાજે ૧૦૦ એકર જેટલો શેરડીનો પાક વીજતારના કારણે આગની લપેટમાં આવી નુકસાન પામતો હોવાનો ખેડૂતોનો દાવો છે. શેરડી ઉપરાંત ઘઉં સહિતના અન્ય પાકોને પણ આ સમસ્યાના કારણે નુકસાન વેઠવું પડે છે. એક તરફ ખેડૂતો મોંઘા બિયારણ, ખાતર, દવા, મજૂરી અને સિંચાઈનો ખર્ચ કરીને પાક તૈયાર કરે છે, તો બીજી તરફ વીજ વિભાગની બેદરકારી કે ટેકનિકલ ખામીના કારણે પાક બળીને ખાખ થાય તો ખેડૂતોને ભારે આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડે છે. એટલું જ નહીં, ખેતરો વચ્ચેથી પસાર થતા વીજતાર ખેડૂતો અને ખેતમજૂરોના જીવ માટે પણ જોખમરૂપ બન્યા છે. વીજતારના સંપર્કને કારણે ખેડૂતોના મૃત્યુ થયાની ઘટનાઓ પણ બની હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

ખેડૂતોએ સ્પષ્ટ માંગ કરી છે કે વીજલાઈનની ખામી કે વીજતારના કારણે પાકમાં આગ લાગવાની ઘટના બને તો અસરગ્રસ્ત ખેડૂતોને નુકસાનનું ૧૦૦ ટકા વળતર ચૂકવવામાં આવે. ખેતરો વચ્ચેથી પસાર થતી વીજલાઈનોમાં સુરક્ષિત બ્લેક કોટિંગ કેબલ નાખવામાં આવે અને ખેતરની વચ્ચે ઊભેલા વીજ થાંભલાઓને ખેતરના શેઢા ઉપર ખસેડવામાં આવે. ખેડૂતોનો સવાલ છે કે જ્યારે વીજ વિભાગ ખેડૂતો પાસેથી નિયમિત વીજબીલ વસૂલવામાં કોઈ કચાશ રાખતું નથી, ત્યારે ખેડૂતોના પાક અને જીવની સુરક્ષાની જવાબદારી નિભાવવામાં પણ એટલી જ ગંભીરતા કેમ દાખવવામાં આવતી નથી?

હવે માત્ર આશ્વાસન કે કાગળ પરની કાર્યવાહીથી ખેડૂતોને સંતોષ થવાનો નથી. વીજ વિભાગ દ્વારા તાત્કાલિક સ્થળ તપાસ કરી જોખમી વીજલાઈનોનું સમારકામ, બ્લેક કોટિંગ કેબલની વ્યવસ્થા અને વીજ થાંભલાઓનું સ્થળાંતર કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. જો સમયસર યોગ્ય પગલાં

અનુસંધાન પાના ૭ પર

માંડવી ખાતે ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે 'પ્રબુદ્ધ નાગરિક સંમેલન' યોજાયું

ભગવાન બિરસા મુંડાજીના આદર્શોને જીવનમાં ઉતારીને શિક્ષિત, સંગઠિત અને આત્મનિર્ભર સમાજના નિર્માણ માટે સંકલ્પબદ્ધ થઈએઃ જિલ્લા પંચાયત પ્રમુખ સમીરભાઈ મોદી

સુરત, તા.૧૭

ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી તથા 'જનજાતિ ગૌરવ સપ્તાહ-૨૦૨૬' ની ઉજવણીના ભાગરૂપે માંડવી હાઈસ્કૂલ ખાતે સુરત જિલ્લા પંચાયત પ્રમુખ સમીર મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં 'પ્રબુદ્ધ નાગરિક સંમેલન' યોજાયું હતું. આ અવસરે જિલ્લા કલેકટર તેજસ પરમાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ સમીર ભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડા સમગ્ર દેશ માટે ગૌરવ અને પ્રેરણાના પ્રતિક



છે. તેમણે સમાજમાં જાગૃતિ, સ્વાભિમાન, એકતા અને અન્યાય સામે લડવાની હિંમત જગાવી હતી. આદિવાસી સમાજના કલા, કૌશલ્ય, સાંસ્કૃતિક વારસા અને સ્વાતંત્ર્ય ચળવળમાં આપેલા યોગદાનને જન-જન સુધી પહોંચાડીને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો છે. વધુમાં તેમણે કહ્યું કે, આજના સમયમાં આદિવાસી યુવાનોને શિક્ષણ, રોજગાર અને નવી ટેકનોલોજી સાથે જોડીને તેમની સમૃદ્ધ સંસ્કૃતિ અને પરંપરાનું જતન કરવું એટલું જ જરૂરી છે. ભગવાન બિરસા મુંડાજીના આદર્શોને જીવનમાં ઉતારીને શિક્ષિત, સંગઠિત અને આત્મનિર્ભર સમાજના નિર્માણ માટે આપણે સૌએ સંકલ્પબદ્ધ થવાનો અનુરોધ કર્યો હતો. ધારાસભ્યશ્રી કુંવરજી હળપતિએ ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીનું સ્મરણ કરી દેશની આઝાદી અને આદિજાતિ સમાજના અધિકારો માટે તેમણે કરેલા સંઘર્ષને યાદ કર્યા હતા. તેમણે કહ્યું કે, ભગવાન બિરસા મુંડાએ આદિવાસી સમાજમાં સ્વાભિમાન, એકતા અને જાગૃતિની ભાવના જગાડવા માટે આપેલું યોગદાન આજે પણ સૌના

અનુસંધાન પાના ૭ પર

રાંદેરમાં ‘રોહીદાસ સેવાશ્રમ ભવન’નું ભવ્ય લોકાર્પણ







સેવાભાવનાનું કાર્યઃ નવનિર્મિત ભવન માત્ર એક ઈમારત નહીં, પરંતુ સમાજસેવા, સંગઠન અને ભાવિ પેઢીના વિકાસનું કેન્દ્ર બનશે



- **સર્વસમાજનો સહયોગઃ સોરઠીયા, ગુજરા, પરજીયા, વઢિયાર સહિતના સમાજોએ સાથે મળીને આ પ્રસંગને સફળ બનાવ્યો.**
- **સામાજિક એકતાઃ અમદાવાદથી મુંબઈ સુધીના વિવિધ શહેરોના સમાજબંધુઓ એક મંચ પર એકત્રિત થયા એ આ કાર્યક્રમની સૌથી મોટી સિદ્ધિ છે**
- **કળશયાત્રામાં ઉમટી પડ્યો સમાજબંધુઓનો મહેરામણ; સુરત સહિત ગુજરાત અને મુંબઈના વિવિધ સમાજોએ એકતાના દર્શન કરાવ્યાં**



સુરત, તા. ૧૬ નવેમ્બર, ૨૦૨૬

સંત શિરોમણી શ્રી રોહીદાસવંશી સોરઠીયા સમાજ, રાંદેર દ્વારા સમાજના ઉત્કર્ષ, સંગઠન અને સેવાકાર્યના ઉમદા હેતુ સાથે રાંદેરના રામબાગ ખાતે નવનિર્મિત ‘રોહીદાસ સેવાશ્રમ ભવન, રાંદેર’નું ભવ્ય ઉદ્ઘાટન અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સમાજના પ્રમુખ ભીખાભાઈ બાબરિયા, ઉપપ્રમુખ રમેશભાઈ ચાવડા, ખજાનચી બાબુભાઈ ગોહિલ તેમજ જગદીશભાઈ ચાવડા, નારણભાઈ કંટારિયા અને સમસ્ત સોરઠીયા સમાજ, રાંદેરના આગેવાનોની આગેવાની, સાથ અને સહકારથી કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ સુરત શહેરના રોહીદાસવંશી સમાજના અગ્રણીઓ, સમાજબંધુઓ અને બહેનોની વિશાળ ઉપસ્થિતિમાં રોહીદાસ સર્કલથી રોહીદાસ સેવાશ્રમ ભવન, રાંદેર સુધી નીકળેલી ભવ્ય કળશયાત્રાથી થયો હતો. પરંપરાગત ધાર્મિક માહોલ, ઉત્સાહ અને ભક્તિભાવ સાથે નીકળેલી આ કળશયાત્રાએ સમગ્ર વાતાવરણને ઉત્સવમય બનાવી દીધું હતું.

આ ઐતિહાસિક પ્રસંગે માત્ર સુરત જ નહીં, પરંતુ અમદાવાદ, ભરૂચ, કોસંબા, નવસારી, બીલીમોરા, બારડોલી, વલસાડ અને મુંબઈ સહિતના વિવિધ શહેરોમાંથી રોહીદાસવંશી સોરઠીયા સમાજના અગ્રણીઓ તથા સમાજબંધુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સુરત શહેરમાં વસતા સોરઠીયા સમાજ, ગુજરા સમાજ, પરજીયા સમાજ, વઢિયાર સમાજ અને અન્ય સમાજના આગેવાનોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમની સૌથી વિશેષ અને નોંધપાત્ર બાબત એ રહી કે વિવિધ શહેરો અને વિવિધ સમાજના લોકોએ એક મંચ પર એકત્રિત થઈ સામાજિક એકતા, સંગઠન અને ભાઈચારાનું અદભુત ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ઉપસ્થિત સમાજના અગ્રણીઓએ પ્રસંગને અનુરૂપ પોતાના વિચારો વ્યક્ત કરી નવનિર્મિત ભવન માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. સાથે જ આ સેવાકાર્યને સાકાર કરવામાં અનેક સમાજબંધુઓએ યથાશક્તિ અનુદાન આપી આર્થિક અને સામાજિક સહયોગ પણ પૂરો પાડ્યો હતો.

અંતે નવનિર્મિત ‘રોહીદાસ સેવાશ્રમ ભવન, રાંદેર’ને સમાજના સર્વાંગી વિકાસ તેમજ જાહેર જનતાની સેવા માટે લોકાર્પણ કરી ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ ભવન ભવિષ્યમાં સમાજના સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સેવાકીય પ્રવૃત્તિઓનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

આ ભવ્ય કાર્યક્રમ દ્વારા અમદાવાદથી મુંબઈ સુધીના વિવિધ વિસ્તારોમાં વસતા રોહીદાસવંશી સોરઠીયા સમાજ સહિત ગુજરા, પરજીયા, વઢિયાર અને અન્ય સમાજોએ જે અભૂતપૂર્વ એકતા અને સંગઠનશક્તિનું પ્રદર્શન કર્યું છે તે સમાજ માટે ગૌરવની બાબત બની રહી છે.

આ પ્રસંગે આયોજકો દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા તમામ સમાજના આગેવાનો, વડીલો, યુવાનો, ભાઈઓ-બહેનો, દાતાશ્રીઓ અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહયોગ આપનાર તમામ શુભચિંતકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

સામાજિક એકતા, સંગઠન અને સેવાભાવનાનું પ્રતીક બનેલું ‘રોહીદાસ સેવાશ્રમ ભવન’ સમાજની પ્રગતિ અને ભાવિ પેઢીના ઉત્કર્ષ માટે એક નવો અધ્યાય બની રહેશે. રોહીદાસ સેવાશ્રમ ભવન માત્ર એક સામાજિક ભવન નથી, પરંતુ સમગ્ર સમાજની એકતા, સંગઠન, સહકાર અને સેવાભાવનાનું જીવંત પ્રતીક છે."

અમદાવાદ, ભરૂચ, કોસંબા, નવસારી, બીલીમોરા, બારડોલી, વલસાડ અને મુંબઈ સહિતના વિવિધ શહેરોમાંથી રોહીદાસવંશી સોરઠીયા સમાજના અગ્રણીઓ તથા સમાજબંધુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અને હવે વર્ચ્યુઅલ મેક અપ



વર્ચ્યુઅલ મેક અપ વાસ્તવમાં કેટલીક એપ્સ ઘણી લોકપ્રિય બ્યુટી બ્રાન્ડ્સ માટે કસ્ટમાઈઝ કરવામાં આવી છે જેથી કોઈ જાણી શકે કે કોઈપણ બ્રાન્ડની કોઈપણ સુંદરતા તેનો વાસ્તવમાં ઉપયોગ કર્યા વિના તેના પર સારી લાગશે. આ માટે તમે તમારી વર્ચ્યુઅલ પ્રોફાઈલમાં આ બ્રાન્ડ્સનાં ઉત્પાદનોને વર્ચ્યુઅલ રીતે લાગુ કરી શકો છો અને જોઈ શકો છો કે તમે તેની સંભાળ કેવી રીતે રાખો છો.

ઉદાહરણ તરીકે તમે આઈશેડો, લિપસ્ટિક, મસ્કરા, બ્લશ, ફાઉન્ડેશન અને અન્ય મેકઅપ પ્રોડક્ટ્સ લગાવીને વાસ્તવિક દેખાવ મેળવી શકો છો. આ બધું માત્ર થોડીક સેકંડ લે છે.

આજકાલ બ્રાઈડલ મેક-અપ વર્ચ્યુઅલ રીતે ચેક કર્યા પછી જ કરવામાં આવે છે જેથી મેક-અપ ખીલે અને તેની સુંદરતા ફેલાવે.

આ રીતે વર્ચ્યુઅલ મેકઅપ એ ખરેખર મેક અપ કર્યા વિના જાણવાની સુવિધા છે કે તમે ચોક્કસ મેક અપ કરીને સારા દેખાશો. તે હવામાં વાસ્તવિક રિહર્સલ જેવું છે.

ચોક્કસપણે આ એક ખૂબ જ ઉપયોગી અને ગ્રાહક મૈત્રીપૂર્ણ સુવિધા છે. વર્ચ્યુઅલ મેકઅપ કીટ આપણને સારા લાગે તેવા મેક અપ ઉત્પાદનો પસંદ કરવામાં પ્રામાણિકપણે મદદ કરે છે. વર્ચ્યુઅલ મેક અપ સ્નેપ ચાટના ૩ડી માસ્ક જેવો છે. આ સાધન અમને વધુ સારા દેખાવાની વાસ્તવિક અપેક્ષાઓ આપે છે. આ આખી રમત ટેકનિકલ છે. વર્ચ્યુઅલ મેક અપમાં પણ તમે તમારા મેક અપને દૂર કર્યા વિના પણ તમે જે ઉત્પાદનો અજમાવવા જઈ રહ્યા છો તે વિશે જાણી શકો છો.

એડવાન્સ ફેસ ટ્રેક એલ્ગોરિધમ દ્વારા તમે એક સેક્ધડમાં જાણી શકશો કે મેક અપ લગાવ્યા પછી તમારી આંખો, હોઠ, ગાલ કેવા દેખાશે. આટલું જ નહીં વર્ચ્યુઅલ મેક અપ ટેક્નોલોજી એઆઈનો ઉપયોગ કરીને તમને જણાવે છે કે તમારો મેક અપ કેવી રીતે કરવો જેથી તમે ખૂબ જ સુંદર દેખાશો. આ ટેક્નોલોજી દ્વારા તમારા વર્ચ્યુઅલ બોડીમાં સ્પેશિયલ બ્યુટી થીમ લગાવીને તમે જાણી શકો છો કે તમારા પર કઈ સ્ટાઈલ સારી લાગશે.

નિસ્તેજ ડિઝાઈન અને એસેસરીઝમાં ખૂબ જ સુંદર દેખાશે. તેથી ભવિષ્યમાં તૈયાર થવામાં ઓછો સમય લાગશે અને તમે વધુ પરફેક્ટ દેખાવ સાથે તૈયાર થઈ શકશો. અત્યાર સુધી વર્ચ્યુઅલ બ્યુટી અથવા વર્ચ્યુઅલ મેકઅપના રૂપમાં, ભારતમાં મહિલાઓને વર્ચ્યુઅલ રીતે શક્ય તેટલી સુંદર દેખાવાની રીતો અન્વેષણ કરવા માટે માત્ર આ જ સાધન મળ્યું છે. જો ભવિષ્યમાં આવી તમામ સવલતોનો ઉપયોગ રોજબરોજના જીવનમાં વર્ચ્યુઅલ પ્લેટફોર્મમાં કરવામાં આવે તો આપણી સર્જનાત્મકતાને વધુ સારી રીતે સમજી શકાય તેવો ફાયદો થઈ શકે છે.

પાંચમું અંગ ‘પ્રત્યાહાર- વિભાવથી સ્વભાવ તરફ પ્રયાણ’

એક કવિએ ખૂબ જ સુંદર વાત કરી છે. એક કડવું સત પ્રકાશ્યું છે


“તત્પર છે ઈશ્વર તને બધું આપવા માટે
તું ચમચી લઈને ઊભો છે, સાગર માગવા માટે

આ વાતની ગહનતાને સમજવાની જરૂર છે. સરલ ભાષામાં કહીએ તો આપણી પાસે જે દિવ્ય જ્ઞાનનો ખજાનો છે એની વિશાળતા અને ઉપયોગિતાને જાણ્યા વગર એને બાહ્ય ઔપચારિક ક્રિયા બનાવી દીધી છે. આપણા આત્મિકગુણોને સાક્ષાત્કાર કરવા માટે અને આપણી ગતિ સુધારવા માટે જે દિવ્ય આધ્યાત્મિક વિજ્ઞાનનો વારસો આપણને મળ્યો છે એનું સાચું અનુસરણ થાય તો આપણું જીવન ધન્ય બની જાય.

અષ્ટાંગ યોગ વિજ્ઞાન આપણા વર્તમાનને સુધારવા માટે અને ભવિષ્યને ઉગારવા માટે ઉત્તમ પરંપરા છે. એક વાત ખાસ યાદ રાખવા જેવી છે કે આ વિજ્ઞાન માત્ર આત્મલક્ષી નથી, તે જીવનલક્ષી પણ છે. અર્થાત્ તે તમારા જીવનને આજ ક્ષણેથી સુધારવાની ક્ષમતા ધરાવે છે. આપણો બાહ્ય સાંસારિક જીવન અને અભ્યંતરિક અધ્યાત્મિક જીવન બન્નેને એક સરખું માન આપવાની જરૂર છે. અષ્ટાંગ યોગના ૮ અંગો આ બન્ને પાસાઓને સુધારવાનું વિરલ કાર્ય પૂરું પાડે છે. યમ, નિયમ, આસન અને પ્રાણાયામ સ્વરૂપે પહેલાં ૪ અંગો આપણા બાહ્ય જીવનને સાચી દિશા આપે છે અને પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ સ્વરૂપે અંગો આપણી આત્માને ઉજાગર કરે છે. પ્રાણાયામ અને પ્રત્યાહાર એક વિશેષ સેતુનું કાર્ય બજાવે છે. જેનાથી આપણે સભાનપણે જીવન જીવી શકીએ અને સાથે આત્મ જાગરૂકતા પણ વિકસાવી શકીએ.

બધા જ જીવો અનંત શક્તિ અને અનેક લબ્ધિઓ ધરાવતા હોય છે. પણ દુર્ભાગ્યવશ તેમને આ વાતની ખબર જ હોતી નથી.એમની શક્તિઓ અલ્પતામાં વેડફાઇ જાય છે. શાસ્ત્રો કહે છે કે સાધારણ મનુષ્ય પોતાની શક્તિઓ એમની જ ઈન્દ્રિયોને કાર્યશીલ રાખવા માટે વાપરી નાખે છે. પાંચ ઈન્દ્રિયો અને મનની અશુદ્ધ અને અશુભ ક્રિયાઓ-પ્રવૃત્તિઓ માટે આ અમૂલ્ય પ્રાણશક્તિ વેડફાય જાય છે. આ બગાડને અટકાવા માટે એક અનોખું પ્રયોજન છે- પ્રત્યાહાર.

પ્રત્યાહારનું વિજ્ઞાન :‘પ્રતિ’ અને ‘આહાર’ના સંયોજનથી નિર્મિત પ્રત્યાહાર એટલે આપણા મન અને ઈન્દ્રિયોને અશુદ્ધ પોષણ આપવાનું બંધ કરવું.અષ્ટાંગ યોગ એક મહત્ત્વની વાત કરવા માગે છે. અજ્ઞાની જીવો પોતાની શક્તિને સંસારના વિષયોમાં વેડફી નાખે છે. આપણે આ શરીર રૂપી બાહ્ય અસ્તિત્વને જ સર્વસ્વ માની બેઠા છીએ. અને રોજિંદા જીવનમાં આપણો બધો સમય આ શરીરમાં અશ્રીત ઈન્દ્રિયોને એના બાહ્ય વિષયો ભોગવવામાં વ્યતીત કરતા હોઈએ છીએ. આપણી આંખો સુંદર દ્રષ્યમાં, કાન મધુર સંગીતમાં, નાક મોહક સુગંધમાં, જીભ સ્વાદમાં અને ત્વચા સ્પર્શની કોમલતામાં મોહિત થઈ જાય છે.ઈન્દ્રિયોનો રાજા મન છે. અને મન જયાં સુધી ઈન્દ્રિયોના વિષયોમાં રમણ કરે છે ત્યાં સુધી એ સ્થિર થઈ શકતો નથી. અને એની સ્વભાવિ શક્તિઓને પ્રકટ કરી શકતો નથી. આપણું મન ઈન્દ્રિયોનું ગુલામ બની જાય છે. તે રાજા હોવા છતાં રંક બની જાય છે. મનની આ દુર્દશા વિવિધ વિભાવનાઓને આમંત્રણ આપે છે. ક્રોધ, લોભ, કપટ, અભિમાન, ભય જેવી વિષકારી ભાવનાઓ આપણા સુખ અને શાંતિને વિચલીત કરી નાખે છે. આપણી બધી શક્તિઓ સરર કરતી વહી જાય છે.માટે જ પરમ તત્ત્વના સાધકો પ્રત્યાહારના અસ્ત્રા દ્વારા, મનને ઈન્દ્રિયોના વિષયોમાંથી પાછું વાળે છે. એટલે ઈન્દ્રિયો ભલેને પોતાના વિષયોની સંવેદના કરે પણ મન એની ક્રિયા-પ્રતિક્રિયાથી અલિપ્ત રહે છે. ઈન્દ્રિયોના પ્રભાવથી અલિપ્ત મન શાંત બને છે અને પોતાની સ્વાભાવિક શક્તિઓને પ્રાપ્ત કરે છે. આ દશામાં કોઈ ઈચ્છા-વાસના રહેતી નથી, ભૂત અને ભવિષ્યના વિચારા રહેતા નથી અને સુખ-દુઃખની વેદના પણ ગાયબ થઈ જાય છે. મન અંતરમુખી બને છે અને ભટકવાનું બંધ થઈ જાય છે.



પ્રત્યાહારની સાધના એટલે આપણે સ્વેચ્છાએ આપણી આદતો પર અંકુશ લાવીએ.રોજ જમતી વખતે ભાવતી વસ્તુનો આગ્રહ રાખવો એવી આદત પડી ગઈ છે. આપણે સ્વાદિષ્ટ વાનગીઓની માયામાં ફસાઈ ગયા છીએ. આવા બંધનથી મુક્ત થવું એ પ્રત્યાહાર.

તંત્રી લેખ...

મંગળવાર, તા.૧૭ નવેમ્બર ૨૦૨૬

રનમેદાન- રણમેદાનને વિજય પતાકા

ક્રિકેટ ભારતમાં એક રમત માત્ર નથી કરોડો નાગરિકોનો તેની સાથે સંવેદનાસભર નાતો છે. આ સંબંધ પુનઃ જીવંત થયો છે. અન્ડર ૧૯ ક્રિકેટમાં ભારતના યુવા ક્રિકેટરોએ દર્શાવેલા કૌશલ્યે એવું સાબિત કર્યું કે જેનો ભૂતકાળ ભવ્ય છે તે ભારતીય ક્રિકેટના ભવિષ્યનું બેટ પણ સુરક્ષિત અને પ્રશિક્ષિત હાથોમાં છે. ક્રિકેટના ક્ષેત્રે વિશ્વ સ્તરે તિરંગો લહેરાવવા માટે નવયુવાન ક્રિકેટર્સ પણ તૈયાર છે. ઓમાનમાં રમાયેલા એશિયાકપના ફાઈનલ મેચમાં પાકિસ્તાનને પરાસ્ત કરીને ભારતના ક્રિકટરોએ મેદાનમાં અને ક્રિકેટપ્રેમીઓના મનમાં જગ્યા પ્રાપ્ત કરી, તાળીઓ મેળવી એવું કહી શકાય. આ ભારતીય ક્રિકેટનો આગામી સમય છે જે તેના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે સ્થાન પામશે.

પાકિસ્તાને આપેલા ૩૩૮ રનના માતબર લક્ષ્યાંક સામે ભારતની ક્રિકેટટીમ મેદાનમાં ઉતરી હતી. ફાઈનલમાં પણ આ આંક સુધી પહોંચવાનું સરળ ન જ હોય. લોઢાના ચણા ચાવવા જેવી આ બાબત ભારતના યુવા ક્રિકેટરોએ શીરો ગળે ઉતારવા જેટલી સરળ બનાવી દીધી. યુવા ક્રિકેટર્સે સાબિત કરી દીધું કે તેમના માટે કોઈ પડકાર, કોઈ લક્ષ્ય નાનું નથી. મિડલ ઓર્ડર જ્યારે ધરાશાયી થયો ત્યારે ટીમને જાણે આંખે અંધારાં આવવા જેવી સ્થિતિ થઈ, સમજી શકાય કે ડ્રાસિંગરૂમનું વાતાવરણ કેવું તણાવયુક્ત હશે, પરંતુ મેદાનમાં રહેલા બેટર સમજી ગયા કે હવે આ રનમેદાન નથી, રણમેદાન છે. સંયમ, પરિપક્તવતા અને ધૈર્ય દર્શાવીને તેમણે બાજી ભારતના પક્ષે પલટી નાંખી.

આર્યવીર સહેવાગ આ જીતના સૌથી મોટા શ્રેયસ્કર ખેલાડી કહી શકાય. આખી ટુર્નામેન્ટમાં તેમણે સામેની ટીમના બોલર્સને હંફાવી દીધા. દબાવની ચરમસીમા વચ્ચે ૪૯ રન સાથે નોટઆઉટ રહીને મોહિત ઉલ્વાએ પણ રમતનું પ્રદર્શન કર્યું તેમના આ કૌવત-કૌશલ્યથી ગુજરાતમાં તો ખુશી બેવડાઈ, તેના ઘર પાસે ફટાકડા પણ ફૂટ્યા. તો મનાલ ચૌહાણની પીઠ થાબડવાની પણ ક્રિકેટર પ્રેમીઓને જરુરત વર્તાઈ છે કારણ કે નિર્ભય અને આક્રમક બાટિંગથી તેમણે હારેલી બાજી વિજયમાં પલટાવી. અંતિમ દડા સુધી ચાલેલા આ રોમાંચે આમ તો દર્શકોના શ્વાસ અધ્ધર કરી દીધા હતા. દોડીને, કેચ કરીને એટલે કે ફક્ત શરીરથી થતી પ્રવૃત્તિનું આ પરિણામ નથી. માનસિક મજબૂતી, દૃઢ મનોબળને લીધે આ શક્ય બન્યું છે.આજના યુવા ક્રિકેટરો નેશનલ ક્રિકેટ એકેડેમી (ન્રઝછ) અને તળથી મળતા આધુનિક પ્રશિક્ષણને કારણે દબાણની પરિસ્થિતિમાં પણ ડગમગતા નથી. પાકિસ્તાન સામેના હાઈ-પ્રેસર મેચમાં જે રીતે ખેલાડીઓએ બાટિંગ કર્યું તે દર્શાવે છે કે આ ખેલાડીઓ માત્ર શારીરિક રીતે સ્વસ્થ અને પ્રતિભાશાળી નથી પરંતુ માનસિક રીતે પણ પરિપક્વ છે. ભારતીય ક્રિકેટની સૌથી મોટી તાકાત તેની 'બેન્ચ સ્ટ્રેન્થ' છે; જ્યારે પણ કોઈ મુખ્ય ખેલાડી કે ટીમ સંકટમાં હોય, ત્યારે કોઈને કોઈ નવો ચહેરો ઉભો થઈને મેચ જિતાડી આપે છે.અન્ડર-૧૯ સ્તરનો આ વિજય માત્ર એક ટ્રોફી જીતવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે આવનારા સમયમાં ભારતીય સિનિયર રાષ્ટ્રીય ટીમ માટે મજબૂત પાયો નાખવાનું કામ કરે છે. આ ખેલાડીઓ ભવિષ્યના સુપરસ્ટાર છે, જેઓ આવનારા વર્ષોમાં દેશનું પ્રતિનિધિત્વ કરશે. આ યુવાઓએ દેશવાસીઓને ગર્વ લેવાની સોનેરી તક આપી છે અને સાબિત કરી દીધું છે કે જ્યારે ભારતીય જર્સી પહેરીને મેદાન પર ઉતરે છે, ત્યારે જીત સિવાય બીજું કોઈ લક્ષ્ય હોતું નથી. ભારતીય ક્રિકેટ એક લેગેસી- પરંપરા છે તેવું પુનઃ પુરવાર થયું છે.

યુરોપના દેશોમાં તંગ આર્થિક સ્થિતિનું કારણ બુઝુર્ગો પાછળનો ખર્ચ

વિશ્વમાં અસમાનતાના અલગ અલગ પડકારો સામે આવતા રહે છે. જાતિ, ધર્મ કે વર્ગની અસમાનતામાં હવે યુવાનો અને બુઝર્ગો વચ્ચેનાં પરીમાણનો ઉમેરો થઈ રહ્યાની સાબિતી યુરોપમાં બની રહેલા બનાવોમાંથી મળી રહી છે. તાજેતરમાં યુરોપના દેશો અને તેમાં પણ મોટાભાગે ફ્રાંસમાં નારાજ યુવાનો જે રીતે માર્ગો પર ઉતરીને હિંસાચાર કરી રહ્યા છે, તેના મૂળમાં તો ફંડના અભાવે શાળાઓની બદતર હાલત અને શિક્ષકોની અછત હોવાનાં કારણ રહ્યાં છે, હવે વિરોધમાં મોંધવારી અને વધતા જતા રોજબરોજના ખર્ચની સામેનો ગુસ્સો ઘોળાઈ રહ્યો છે.

યુરોપના દેશો તેમને ત્યાં બુઝુર્ગો માટેની કલ્યાણ યોજનાઓને વધુ ભંડોળ આપી રહ્યા છે. આમાં યુવાનોને તેમનાં શિક્ષણ અને કલ્યાણ સહિતના કાર્યક્રમોમાં પુરતાં નાણાં ઉપલબ્ધ ન હોવાની ફરિયાદ હવે વિરોધમાં પરિવર્તીત થવા લાગી છે. ફ્રાંસમાં શિક્ષણ માળખાંની હાલત અંગે શરૂ થયેલી યુવાનોની નારાજગી મૂળમાં સરકાર દ્વારા અપૂરતા નાણાં ફાળવાતા હોવાનું સામે આવી ચુક્યું છે. આવી નારાજગી હવે સ્પેન અને યુરોપના અન્ય દેશોમાં ઊભા થઈ રહ્યાના અહેવાલ છે. ખાસ તો આ દેશોમાં જન્મ દર ઘટી રહ્યો છે અને સરેરાશ ઉમર વધી રહી છે. પરિણામે યુવાનોની સરખામણીએ બુઝર્ગોની સંખ્યા સતત વધી રહી છે.

યુરોપના દેશો વધતી જતી બુઝુર્ગોની વસ્તીની સરખામણીને મસમોટા પેન્શન ચુકવે છે. આ બોજો તેમનાં બજેટ પર સતત વધી રહ્યો છે. સરકારો ઈચ્છે, તો પણ પેન્શનમાં કાપ મૂકી શકે તેમ નથી એટલે અન્ય ખર્ચમાં નાણાકીય ફાળવણી ઓછી થાય છે. ફ્રાંસમાં શિક્ષણની પાછળ ખર્ચ વધારવા માટે પૈસા નથી એટલે તેના યુવાનો માટેનાં માળખાંને સુધરાવનો કોઈ માર્ગ જણાતો નથી. એક આંકડા મુજબ ફ્રાંસની સરકાર તેના જીડીપીનો ૫.૧ ટકા હિસ્સો શિક્ષણ માટે ફાળવે છે, પણ તેનો મોટે હિસ્સો નિવૃત્ત શિક્ષકોનાં પેન્શન ચૂકવવામાં જતો રહે છ અને શિક્ષણ માળખાંને સુધરવા બહુ ઓછું ફંડ બચે છે. આ ખર્ચને ઘટાડા માટે ૨૦૨૩માં સરકારે નિવૃત્તીની વય ૬૨ વર્ષથી વધારીને ૬૪ વર્ષ કરવાનો નિર્ણય લીધો હતો, પણ વિરોધને કારણે તેનો અમલ રોકવો પડયો હતો.

ફ્રાંસ માટે આર્થિક મોરચે પડકાર દિવસ મુશ્કેલ બની રહ્યો છે. સરકારી દેણાને લીધે રોકાણકારોને ચિંતા છે. વ્યાજના દર છેલ્લા ૨૫ વર્ષની ટોચે આંબી ગયા છે. આમ છતાં આવતા વર્ષના બેજટમાં કોઈ મોટો ફેરફાર આવે એવી શક્યતા બહુ ઓછી જણાય છે. સરકાર નાના નાના પગલાં લઈને સ્થિતિને સંભાળવા મથી રહી છે. આ ઉપરાંત ગેરકાયદે વસાહતીઓને સરળતાથી પ્રવેશ કરવા દેવાની ફ્રાંસ અને અન્ય યુરોપીયન દેશોની નીતિના જોખમો હવે સામે આવવા લાગી રહ્યા છે. હજારોની સંખ્યામાં શરણ અપાયેલા આ ગેરકાયદે વસાહતીઓની પાછળ પણ મસમોટોખર્ચ થાય છે. આ ખર્ચ પછી પણ વિરોધ તોફોનમાં સામેલ થઈને આ તત્ત્વોએ લૂંટફાટ મચાવી હોવાની ચોંકાવનારી હકીકતો સામે આવી રહી છે. આમ ફ્રાંસ હાલે ભારે કપરા પડકારોનો સામનો કરી રહ્યંઅ છે. યુરોપના અન્ય દેશો માટે આ અગમના અૅંધાણ છે.

અમિતાભ બચ્ચન એ વખતે ઈન્દિરાની હત્યા પછી વડા પ્રધાન બનેલા રાજીવ ગાંધીનો ગોઠિયો હતો

અમિતાભ બચ્ચને ખરેખર શીખોની હત્યા માટે ટોળાને ઉશ્કેરેલું?

એ પછી છ નવેમ્બરે ફરી આવી જ ધમકીનો ઈમેલ મળ્યો ને હવે તો બે શૂટર જ ઝડપાઈ ગયા છે.

અભિનેતા ટાઈગર શ્રોફ પર થયેલા ગોળીબારની ઘટના તાજી જ છે ત્યાં અમિતાભ બચ્ચનના ઘરે ગોળીબાર કરીને તેને ઉડાવી દેવાનો કારસો નિષ્ફળ બનાવાયો હોવાનો દિલ્હી પોલીસે દાવો કર્યો છે. દિલ્હી પોલીસે જલંધરના વિકાસ ઠાકુર અને તરન તારણના દીપક સિંહ નામના બે શૂટરને ઝડપ્યા છે. આ બંને અમિતાભ બચ્ચનના બંગલા પર ગોળીબાર કરવા માટે નિકળેલા પણ દિલ્હી પોલીસે તેમને દબોચી લેતાં બંનેની મનની મનમાં રહી ગઈ.

બોલિવૂડની કોઈ પણ હસ્તીને નિશાન બનાવવાની વાત આવે ત્યારે સૌથી પહેલાં સૌને ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ યાદ આવી જાય છે ને સલમાન ખાન સાથેના કનેક્શનના કારણે બિશ્નોઈ ભડક્યો હોવાનું લાગે છે પણ આ કિસ્સામાં કથા કંઈક અલગ છે. બચ્ચનને ઉડાવી દેવા માટે ૧૯૮૪નાં શીખ વિરોધી રમખાણો વખતે કરેલાં કહેવાતાં એક નિવેદનનું બહાનું આગળ કરાયું છે.

ઈન્દિરા ગાંધીની ૩૧ ઓક્ટોબર, ૧૯૮૪ના રોજ બે શીખ અંગરક્ષકો સતવંતસિંહ અને બિયંતસિંહે હત્યા કરી પછી દિલ્હી તથા આસપાસના વિસ્તારોમાં શીખ વિરોધી રમખાણો ફાટી નિકલેલાં. કૉંગ્રેસીઓએ રમખાણોમાં ભૂંડી ભૂમિકા ઊજવીને હજારો નિર્દોષ શીખોને ઘરોમાં સૂતા હતા ત્યારે જીવતા સળગાવીને પતાવી દીધેલા. ઘણા શીખોને રસ્તા પર દોડાવી જોડાવીને ભાજી-મૂળાની જેમ રહેંસી નખાયેલા.

અમિતાભ બચ્ચન એ વખતે ઈન્દિરાની હત્યા પછી વડા પ્રધાન બનેલા રાજીવ ગાંધીનો ગોઠિયો હતો ને નેહરુ-ગાંધી ખાનદાનનો ખાસમખાસ હતો. રાજીવ ગાંધીની ટોળકીના સજ્જન કુમાર, જગદીશ ટાઈટલર, હરકિશનલાલ ભગત, અજય માકન, કમલનાથ વગેરે કૉંગ્રેસીઓ શીખોની હત્યા માટે ટોળાંને ઉશ્કેરવામાં મોખરે હતા. અમિતાભ પણ રાજીવની ટોળીનો સભ્ય હતો તેથી તેણે પણ ટોળાંને ઉશ્કેરીને શીખોની હત્યા કરાવેલી એવા આક્ષેપો લાંબા સમયથી થાય જ છે.

શીખોની હત્યાઓના કેસમાં મહત્ત્વનાં સાક્ષી જગદીશ કૌરનાં નિવેદને આ આક્ષેપોને હવા આપવાનું કામ કર્યું છે. જગદીશ કૌરે આક્ષેપ કરેલો કે, ૩૧ ઓક્ટોબર, ૧૯૮૪ના રોજ તત્કાલીન વડા પ્રધાન ઈન્દિરા ગાંધીની હત્યા પછી અમિતાભ બચ્ચને દિલ્હીમાં એઈમ્સ બહાર એક ટોળાને શીખોની હત્યા કરવા ઉશ્કેર્યું હતું. આ ઘટનાનું દૂરદર્શનના સમાચારોમાં પ્રસારણ કરાયું હોવાના દાવા પણ કરાયા છે. આ દાવા પ્રમાણે, દૂરદર્શન પર એક જીવંત પ્રસારણ દરમિયાન, અમિતાભે હાથ ઊંચો કરીને "ખૂન કા બદલા ખૂન" અને "ખૂન કે છીટે શીખોં કે ઘરોં તક પહુંચને ચાહિયે" એવા નારા લગાવ્યા હતા.

અમિતાભે આ આક્ષેપોને બકવાસ ગણાવ્યા છે. અમિતાભનું કહેવું છે કે, પોતે કદી શીખો વિરુદ્ધ હરફ પણ ઉચ્ચાર્યો નથી પછી તેમની હત્યા કરવા માટે લોકોને ઉશ્કેરવાનો તો સવાલ જ પેદા થતો નથી. અમિતાભે તો ત્યાં લગી કહ્યું છે કે, મારાં માતા તેજી પોતે શીખ હતાં તો પછી હું શીખોને કઈ રીતે નફરત કરી શકું કે તેમની હત્યા માટે લોકોને ઉશ્કેરી શકું? આ દલીલ પાંગળી છે પણ સામે એ પણ હકીકત છે કે, અમિતાભ કદી શીખ વિરોધી હત્યાકાંડમાં આરોપી નથી બન્યા કેમ કે ૧૯૮૪નાં રમખાણોની તપાસ કરતી તપાસ એજન્સીઓને પણ કોઈ પણ કેસમાં અમિતાભ બચ્ચનને આરોપી બનાવવાના પુરાવા મળ્યા નથી.

અમિતાભે આવા નારા લગાવ્યા હોવાના કોઈ પુરાવા નથી ને જગદીશ કૌર સિવાય બીજાં કોઈ સાક્ષી નથી. જગદીશ કૌરે દૂરદર્શનના જીવંત પ્રસારણમાં અમિતાભે શીખ વિરોધી નારા લગાવ્યાનો દાવો કર્યો છે પણ દૂરદર્શનના આર્કાઈવ્સમાં સત્તાવાર રીતે એવો કોઈ વીડિયો નથી. એ વખતે યુ-ટ્યૂબ કે બીજાં સોશ્યલ મીડિયા હતાં નહીં તેથી બીજે કોઈ ઠેકાણે વીડિયો હોવાની શક્યતા નથી પણ શીખોને ન્યાય અપાવવા માટ લડતી સંસ્થાઓ કે સંગઠનો પાસે પણ આવો કોઈ વીડિયો નથી.

આ કારણોસર શંકાનો લાભ બચ્ચનને મળવો જ જોઈએ ને મળ્યો પણ છે. બહુમતી ભારતીયો તો ખરા જ પણ શીખોનો બહુમતી વર્ગ પણ બચ્ચનને વિલન નથી માનતો કે બચ્ચન શીખોની હત્યાઓમાં સંડોવાયેલા હતા એવું સ્વીકારતો નથી. શીખોના એક વર્ગની માન્યતા તેનાથી અલગ છે ને આ વર્ગ વરસોથી બચ્ચનને શીખોના હત્યારા ચિતરવા મથે છે.

આ લોકોએ બચ્ચનને કોર્ટના કઠેરામાં ખડા કરવાની કોશિશ પણ કરી જોઈ છે. અમેરિકામાં રહીને ખાલિસ્તાનનું વાજું વગાડ્યા કરતા સતવંતસિંહ પન્નુનની 'સિખ્સ ફોર જસ્ટિસ' (જૌરજ ક્લિજૈંજી) સંસ્થાએ ઓક્ટોબર ૨૦૧૪માં લોસ એન્જલસની એક કોર્ટમાં અમિતાભ સામે કેસ પણ ઠોકી દીધેલો પણ કશું ના વળ્યું. ભારતમાં ૩૦ વર્ષ પહેલાં થયેલા હત્યાકાંડમાં અમેરિકાની કોર્ટ શું કરી શકે?

અમિતાભે એ વખતે પણ પોતાની સામેના આક્ષેપોને નકારેલા પણ આ વર્ગ તેની વાત સાંભળવા તૈયાર નથી. આ વર્ગ અમિતાભને ઉડાવી દઈને શીખોને ન્યાય અપાવવાની વાતો કર્યા કરે છે ને ધમકીઓ મોકલ્યા કરે છે. છેલ્લા એક મહિનામાં આવી બે ધમકીઓ મળી છે પણ બંને ધમકી પોકળ સાબિત થઈ છે. અમિતાભના બંગલા 'જલસા'ને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો પહેલો ઈમેલ મુંબઈના મેયર રીતુ તાવડેની ઓફિસને ૨૩ ઓક્ટોબરે મળેલો ને તેમાં શીખ-વિરોધી રમખાણોનો ઉલ્લેખ હતો.

એ પછી છ નવેમ્બરે ફરી આવી જ ધમકીનો ઈમેલ મળ્યો ને હવે તો બે શૂટર જ ઝડપાઈ ગયા છે. મેયર રીતુ તાવડેની ઓફિસને મળેલા ધમકીભર્યા ઈમેલમાં તો બચ્ચનના બંગલાને ઉડાવી દેવાની ધમકીની સાથે સાથે મુંબઈમાં ૨૭ નવેમ્બરે મહાલક્ષમી રેસ કોર્સ ખાતે થનારી દિલજીત દોસાંજની કોન્સર્ટ પર હુમલો કરીને દિલજીતને ઉડાવી દેવાની ધમકી પણ અપાયેલી. દિલજીતનો વાંક શો? એ જ કે, દિલજીત દોસાંજ અમિતાભ બચ્ચનના પગે લાગ્યો હતો!

અમિતાભ સહિતની સેલિબ્રિટી પહેલેથી લોખંડી સુરક્ષામાં રહે છે ને ધમકીઓ પછી સુરક્ષા વધારે ચુસ્ત કરી દેવાઈ છે. હવે બચ્ચન ચાહકોને દર્શન આપવા બહાર નીકળે ત્યારે પણ બુલેટપ્રૂફ શીલ્ડ આગળ રખાય છે. આ સંજોગોમાં અમિતાભનું કોઈ કશું બગાડી શકે એવી શક્યતા અત્યારે તો દેખાતી નથી પણ આ ધમકીઓ પરથી ભારતમાં ક્યા પ્રકારનો માહોલ બની રહ્યો છે એ સમજવા જેવું છે.

ભારતમાં એવો માહોલ પેદા થઈ રહ્યો છે કે, ગમે તે આલિયો, માલિયો, જમાલિયો પોતાના સમાજમાં હીરો બનવા સેલિબ્રિટીઝને ધમકી આપી દે છે ને કાયદાનું શાસન જ ના હોય એ રીતે વર્તે છે. લોરેન્સે પોતાના બિસ્નોઈ સમાજમાં હીરો બનવા સલમાન ખાન, રોહિત શેટ્ટી, ટાઈગર શ્રોફ વગેરે પર ગોળીબાર કરાવ્યા ને હવે અમિતાભને પણ શીખોમાં હીરો બનવા માટે ઉડાવી દેવાની ધમકીઓ અપાય છે. આ રીતે સમાજમાં ભયનો માહોલ પેદા કરાઈ રહ્યો છે અને દેશનો કાયદો નહીં પણ જ્ઞાતિ કે સમુદાય સર્વોપરિ હોવાનું ચિત્ર ઊભું કરાઈ રહ્યું છે. કોઈ પણ દેશ માટે તેનો કાયદો સર્વોપરિ ના મનાતો હોય ને કાયદાને ગણકારાય નહીં એ માહોલ જરાય સારો ના કહેવાય.

એક સમય હતો, જ્યારે એ દિવાળી આવવાની રાહ જોતી.

ઉંમર સાથે બદલાય છે દિવાળીની ઉજવણી

દાદીએ પણ વાત આગળ ના વધારી. પણ અનાયા પોતાના રૂમમાં ગઈ ત્યારે એ ફોટો વારંવાર એની નજર સામે આવતો રહ્યો. એને પહેલી વાર લાગ્યું કે કદાચ તહેવારો બદલાયા નહોતા, એ પોતે બદલાઈ ગઈ હતી.

'અનાયા, તારે દિવાળી માટે કોઈ તૈયારી નથી કરવાની?' મમ્મીએ રસોડામાંથી બૂમ પાડીને પૂછ્યું.

'મમ્મી, પ્લીઝ! દર વર્ષે એ જ બધું. સફાઈ, રંગોળી, દીવા, પૂજા, સગાંવહાલાં અને એ જ મીઠાઈઓ! કંઈ નવું નથી હોતું !' અનાયાએ પોતાના રૂમમાંથી જવાબ આપ્યો.

અનાયા સોળ વર્ષની હતી. દિવાળીના દિવસો નજીક આવતાં ઘરમાં ઉત્સાહનું વાતાવરણ હતું, પણ એના ચહેરા પર એવો કોઈ ઉમંગ વર્તાતો નહોતો. મમ્મી- દાદી ઘરની સાફસફાઈમાં વ્યસ્ત હતાં. પપ્પા બજારમાંથી વસ્તુઓ લાવવાની યાદી બનાવી રહ્યા હતા. નાનો ભાઈ ફટાકડા માટે કૂદાકૂદ કરતો હતો. અને અનાયા? એને આ કોઈ બાબતમાં રસ નહોતો.

એક સમય હતો, જ્યારે એ દિવાળી આવવાની રાહ જોતી. કઈ રંગોળી બનાવવી, કયા કપડાં પહેરવા, કઈ મીઠાઈ ખાવી અને કયા કઝિન્સ સાથે આખી રાત ગપ્પાં મારવાં એના માટે દિવાળી વર્ષનો સૌથી મનગમતો તહેવાર હતો, પરંતુ અત્યારે જાણે એ બધું પાછળ છૂટી ગયું હતું. હવે એને રંગોળી બનાવવી જૂની વાત લાગતી.

દીવા ગોઠવવા કરતાં ઈન્સ્ટાગ્રામ પર દિવાળીની રીલ્સ જોવામાં વધારે રસ પડતો. ઘરના લોકો સાથે બેસીને ગપ્પાં મારવા કરતાં મિત્રો સાથે ચેટ કરવી વધારે ગમતી. મમ્મી જ્યારે કોઈ કામ સોંપે ત્યારે એને લાગતું કે તહેવારની મજા કરતાં કામનું ભારણ વધારે છે.

'તને હવે કોઈ વાતમાં રસ જ નથી રહ્યો,' મમ્મી ક્યારેક ફરિયાદ કરતી. અનાયાને આ વાત સાંભળવી ગમતી નહીં. એને લાગતું કે દરેક વખતે ટીનેજર્સને જ કેમ સમજાવવાના હોય છે? એમની પોતાની પસંદગી, પોતાનો મૂડ અને પોતાની દુનિયા પણ તો હોય છે!

દિવાળીના એક દિવસ પહેલાં મમ્મીએ એને રંગોળી બનાવવા બોલાવી. અનાયાએ ના પાડી દીધી. દાદીએ હસીને કહ્યું, 'અમારા સમયમાં તો દિવાળી આવે એટલે આખું ઘર રંગાઈ જતું. છોકરીઓને તો રંગોળી બનાવવાની કેટલી મજા પડતી!'

'દાદી, હવે બધું બદલાઈ ગયું છે,' અનાયાએ સહેજ કંટાળીને કહ્યું. દાદીએ કોઈ દલીલ ના કરી. એ થોડીવાર પછી જૂના કબાટમાંથી એક નાનું આલબમ લઈ આવ્યા. એમાં નાની અનાયાના દિવાળી ઉજવતાં ફોટોગ્રાફ્સ હતાં. ફટાકડાં ફોડતી, પૂજા કરતી, ફૂલો સજાવતી, નવાં કપડાં પહેરેલી નિર્દોષ હાસ્ય કરતી એ છોકરી, અનાયાની આંખો નીચેથી પસાર થતી ગઈ. એક ફોટામાં ચાર-પાંચ વર્ષની અનાયા રંગોળીના રંગોથી હાથ અને કપડાં બગાડીને જમીન પર બેઠી હતી. એની સામે અધૂરી રંગોળી હતી અને ચહેરા પર ગજબનો ઉત્સાહ હતો. 'જો તો ખરી, આ તારી પહેલી રંગોળી! આખી રંગોળી કરતાં વધારે રંગો તે પોતાના પર લગાવી દીધા હતા,' દાદી હસતાં હસતાં બોલ્યાં. અનાયા પણ હસી પડી. ફોટો જોતાં જ એને યાદ આવ્યું કે એ વખતે રંગોળી બગડી જાય તો પણ એને કોઈ ફરક પડતો નહોતો. રંગો ભેગા થઈ જાય, ડિઝાઈન વાંકીચૂકી બને, છતાં એને પોતાની રંગોળી સર્વશ્રેષ્ઠ લાગતી. 'આ વખતે પણ બનાવીશ મારી સાથે?' દાદીએ સહજતાથી પૂછ્યું.'દાદી, હવે હું નાની થોડી છું!' અનાયાએ હસીને કહ્યું અને આલબમ પાછું આપી દીધું.

દાદીએ પણ વાત આગળ ના વધારી. પણ અનાયા પોતાના રૂમમાં ગઈ ત્યારે એ ફોટો વારંવાર એની નજર સામે આવતો રહ્યો. એને પહેલી વાર લાગ્યું કે કદાચ તહેવારો બદલાયા નહોતા, એ પોતે બદલાઈ ગઈ હતી. બાળપણમાં જે રંગો સાથે રમવામાં કલાકો પસાર કરતી હતી, આજે એ જ રંગો એને નિરર્થક લાગતા હતા. કદાચ ઉંમર વધવાની સાથે માણસ આનંદ માણવાનું ભૂલતો જાય છે કે પછી આનંદની વ્યાખ્યા જ બદલાઈ જાય છે?

બીજા દિવસે સાંજે અનાયા પોતાના રૂમની બારી પાસે ઊભી હતી. આસપાસનાં ઘરો દીવાઓ અને રંગબેરંગી લાઈટ્સથી ઝગમગી રહ્યાં હતાં. ક્યાંક બાળકો ફટાકડા ફોડતાં હતાં, ક્યાંક પરિવાર સાથે પૂજા થતી હતી. અચાનક એને પોતાના બાળપણની દિવાળીઓ યાદ આવી. પપ્પા સાથે ફટાકડા લેવા જવું, દાદી પાસે બેસીને વાર્તાઓ સાંભળવી, મમ્મી સાથે દીવાઓમાં તેલ પૂરવું અને ભાઈ સાથે રંગોળીના રંગો માટે ઝઘડવું! એને સમજાયું કે કદાચ એને દિવાળી નહીં, પણ બાળપણ બદલાઈ રહ્યું છે. જે વાત એક સમયે આનંદ આપતી હતી, એ જ વાત હવે બદલાતી ઉંમર સાથે સહજ રહી નથી. એ ધીમેથી રૂમની બહાર આવી. મમ્મી હજી પણ પૂજાની તૈયારીમાં વ્યસ્ત હતી.

'મમ્મી, હું દીવા ગોઠવી દઉં?' અનાયાએ પૂછ્યું. મમ્મીએ આશ્ચર્યથી એની સામે જોયું અને હસીને દીવાઓની થાળી એની તરફ ધરી. એ રાત્રે અનાયાએ આખી દિવાળી પહેલાં જેવી માણી એવું નહોતું.એને હજી પણ પોતાના મિત્રો સાથે સમય પસાર કરવો ગમતો હતો, પોતાની પસંદગીનાં કપડાં પહેરવાં ગમતાં હતાં અને પરિવારની દરેક પરંપરામાં સામેલ થવાની ફરજિયાત અપેક્ષા પણ નહોતી ગમતી, પરંતુ એણે એટલું જરૂર સમજ્યું કે દરેક પેઢી પોતાની રીતે તહેવારોને જીવતી હોય છે.

દિવાળી દર વર્ષે આવે છે, પરંતુ દરેક ઉંમરે એનો અર્થ બદલાતો રહે છે. બાળપણમાં એ ફટાકડાનો ઉત્સવ હોય છે, યુવાનીમાં મિત્રો અને પોતાની દુનિયાનો અને કદાચ મોટા થયા પછી એ જ દિવાળી પરિવાર સાથે વિતાવેલી પળોની કિમત સમજાવતો તહેવાર બની જાય છે. આખરે, દિવાળીનો પ્રકાશ ઘરના આંગણામાં જ નહીં, પેઢીઓ વચ્ચેના સંબંધોમાં પણ જળવાઈ રહે એ જ સૌથી મોટી ઉજવણી છે.

હેમલતાબહેનનાં મઠિયા એટલે કહેવું પડે. મઠનો લોટ જાતે દળાવે, જાતે જ બાંધે અને જાતે કૂટે પણ ખરાં!

મઠિયા, ચોળાફળી ને ઘૂઘરા દિવાળી પછી ભેળ!

દિવસ આવ્યો. કામિનીબહેનનાં ઘેર બધાં ભેગા થયાં. હાઉસી રમ્યા પછી વહુ નાસ્તો લાવી. એક પ્લેટમાં ત્રણ ઘૂઘરા, બે કાજુ કતરી અને ભૂકો જોડેલા ત્રણ કટકા મોહનથાળ.

આ ઉંમરેય જુવાનિયાઓને શરમાવે એટલી તાકાત, બોલો. અમે તો છેલ્લાં વીસ વર્ષથી હેમલતાબહેનનાં મઠિયા જ મંગાવીએ. એક મહિના પહેલા ઓર્ડર આપ્યો હોય તો જ મળે હોં, છેલ્લી ઘડીની વાત જ નહીં ને આ ગયા વર્ષે અમારે નેહાને એમ કે પછી ઓર્ડર આપીશું, અને પછી ભૂલી ગઈ. ઓગણીસ વર્ષનો સંબંધ હોવા છતાં હેમલતાબહેને એક કિલો મઠિયા પણ ના જ કરી આપ્યા. પછી તો મઠિયાની ટ્રાયલોમાં જ આખી દિવાળી ગઈ, તોય હેમલતાબહેન જેવી મજા તો નહીં જ. એટલે આ વર્ષે મેં જાતે બે મહિના પહેલાથી મારા બે કિલો મઠિયાનો ઓર્ડર આપી દીધો, અને જો આ આવી પણ ગયા!

'કેટલા સ્વાદિષ્ટ છે...આ હા હા...' મઠિયાનું બટકું ભરતાં રીટાબહેન બોલ્યા. તો સામે બીનાબહેન કહે 'તમારા મઠિયાની જેમ અમને તો જશનાં ચોળફળી જ ભાવે. જો બીજે ક્યાંયથી આવે તો દિવાળી બગડી સમજો.' ત્યારે કામિનીબહેન કહે : 'મારે

તો બહારનું કંઈ ના ચાલે. કરબડા આઠમથી નાસ્તા બનાવવાનું ચાલુ કરી જ દેવાનું. હું ને મારી વહુ બંને કામે લાગી જઈએ. મઠિયા, ચોળાફળી, ઘૂઘરા, મોહનથાળ, જાડી-ઝીણી સેવ, ચેવડો, ફરસીપુરી, સુંવાળી બધુંય તે હાથોહાથ જ બનાવી લેવાનું.'

આ બધી વાતો સાંભળીને હંસાબહેને તારણ આપ્યું કે 'ઘેર બનાવો કે બહારથી લાવો પણ દિવાળીનાં નાસ્તા તો જોઈએ જ! ભલેને દીકરા - વહુ ગમે એટલું ડાયટિંગ અને હેલ્થી ડાયટની વાતો કરે, પણ આપણે દિવાળીનાં નાસ્તા ને મીઠાઈઓ તો નહીં જ છોડવાનાં!' હંસાબહેનની આ વાત કીટીની બધી બહેનપણીઓએ હસીને તાળી પાડીને વધાવી લીધી. અને પછી બધાએ કીટીની આ પ્રી-દિવાળી પાર્ટીમાં મનભરીને નાસ્તા કર્યા.

પછી સૌ પોતપોતાના પરિવાર સાથે તહેવાર ઉજવવામાં મસ્ત થઈ ગયા. દિવાળી પૂરી થઈ ગયા પછી મહિનાની બીજી કીટી પાર્ટીનો

દિવસ આવ્યો. કામિનીબહેનનાં ઘેર બધાં ભેગા થયાં. હાઉસી રમ્યા પછી વહુ નાસ્તો લાવી. એક પ્લેટમાં ત્રણ ઘૂઘરા, બે કાજુ કતરી અને ભૂકો જોડેલા ત્રણ કટકા મોહનથાળ. બીજી પ્લેટમાં અડધા કરેલા પાંચ છ મઠિયા, ચોળાફળી ચાટ, બે જાતની સેવ-ફરસીપુરી-ચેવડા-સુંવાળીનું મિશ્રણ આ જોઈને કોઈએ આંખ મીચકારી તો કોઈ મનમાં હસ્યું, કોઈએ કંઈ નાસ્તો ના કર્યો તો કોઈએ હોંશે હોંશે ખાધું. નાસ્તામાં શું હતું એ બધા મનમાં સમજી ગયા હતા પણ લગભગ દરેક જણ આ જ કરતું હોય એટલે કોઈ કંઈ બોલ્યું નહીં.

આપણે રોજિંદા જીવનમાં પણ કોઈ વ્યક્તિ ગમે, કોઈ ના ગમે, કોઈની સાથે ફાવે ના ફાવે, કોઈની સાથે સંબંધ સારા રાખવા હોય, કોઈની સાથે સારા રાખવા પડતા હોય સંબંધોનાં તાણાવાણા પણ દિવાળીનાં નાસ્તા જેવા જ હોય છે, નહીં? જૂના, નવા અને કોઈવાર ભેળ જેવા. ખાટામીઠા, તીખા, ખારા અને ખાટા બધા જ સ્વાદ આપણી આસપાસના સંબંધોમાંથી ચાખવા મળી જાય. જે ના ભાવે એ ઓછું ખાઈએ કે પછી ખાવાનું ટાળીએ, પણ એનાથી એ સ્વાદ બેસ્વાદ નથી થતો. એ જ રીતે કોઈ સંબંધ સાથે જોડાયેલી વ્યક્તિ ના ગમતી હોય કે ઓછી ગમતી હોય તો એનાથી સંબંધ મટી નથી જતો.

ઘૂઘરા કે ગુલાબજાંબુ જેવા સંબંધો કોને ના ગમે? હંમેશાં મીઠા. જોકે બે વાસણ સાથે રાખો તો ખખડે જ.

માટે મીઠાઈ જેવા સંબંધો હોવા એનાં કરતાં સંબંધોમાં મીઠાશ જળવાઈ રહે એ જરૂરી છે. કેટલાક સંબંધો ચોળાફળી જેવા તીખા તો કેટલાક મ

અમર જ્યોતિઃ ૯૦ વર્ષ પહેલાંની અનન્ય સિદ્ધિ...


સમય કરતાં ય આગળ ચાલનારા મૂઠી ઊંચેરા સર્જક. તેમના ચિત્રપટ કેવળ મનોરંજન અથવા પૌરાણિક કથાઓ પૂરતું મર્યાદિત નહોતા, ફિલ્મો દ્વારા સામાજિક જાગૃતિ અને પરિવર્તન માટે તે સતત પ્રયત્નશીલ રહ્યા હતા. સંવેદનશીલ વિષયો જેમ કે અસ્પૃશ્યતા (ધર્માત્મા), દહેજ પ્રથા (દહેજ) અને કોમી એકતા (પડોસી) જેવા મુદ્દા પર ફિલ્મો બનાવી હતી. મહિલાઓના અધિકારો, બળજબરીપૂર્વકના લગ્નોનો વિરોધ અને સ્ત્રીઓના આત્મસન્માનને કેન્દ્રમાં રાખીને પ્રગતિશીલ પાત્રો તેમની ફિલ્મોમાં જોવા મળ્યા હતા.

ફિલ્મના પ્રાણ (કથા, સંગીત, દિગ્દર્શન વગેરે) માટે ચીવટ રાખનારા શાંતારામ ફિલ્મના શરીર (ટેકનિકલ (બાબતો)ને પણ પ્રાધાન્ય આપી કેમેરા મૂવમેન્ટ, લાઈટિંગ અને મ્યુઝિકના ઉપયોગમાં તેમણે અનેક પ્રયોગો કર્યા હતા. ચાર્લી ચેપ્લિને શાંતારામની મરાઠી ફિલ્મ 'માણૂસ' (હિન્દીમાં 'આદમી' અંગ્રેજીમાં (ન્કી'જ ક્ર્ક્ષ્ટ્રઁદૃહપ્ન)ને જાહેરમાં બિરદાવી હતી.

૯૦ વર્ષ પહેલાં (૧૯૩૬) શાંતારામની 'અમર જ્યોતિ' વેનિસ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રદર્શિત કરવામાં આવી હતી. વેનિસ ફિલ્મ ફેસ્ટિવલમાં સત્તાવાર રીતે સ્થાન મેળવનારી 'સીતા' (૧૯૩૪) પછી આ બીજી ભારતીય ફિલ્મ હતી. ફિલ્મ ફેસ્ટિવલમાં પુરસ્કાર જીતવામાં સફળ નહોતી રહી, પણ આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં એની હાજરી ભારતીય સિનેમા માટે અનન્ય ઘટના સાબિત થઈ હતી. 'સીતા'ની કથાવસ્તુ પૌરાણિક હતી, જ્યારે 'અમર જ્યોતિ' એક્શન-એડવેન્ચર ચિત્રપટ હોવાથી વર્લ્ડ સિનેમા આપણી ફિલ્મોના વિષયો અને એની ટેકનિકથી વાકેફ થયું હતું.

'અમર જ્યોતિ'ની પ્રગતિશીલ નારીવાદી કથા માટે પ્રશંસા કરવામાં આવી હતી. ફેસ્ટિવલમાં રજૂઆત અને માનપાન મળ્યા પછી જ્યારે ફિલ્મ ભારતમાં રજૂ થઈ ત્યારે બોક્સ ઓફિસ પર એને ભવ્ય સફળતા મળી હતી. જોગાનુજોગ ૧૯૩૭માં રજૂ થયેલી શાંતારામની જ 'સંત તુકારામ' વેનિસ ફિલ્મ ફેસ્ટિવલમાં સન્માન મેળવવામાં સફળ રહી હતી.

હોલિવૂડ વિવિધ વિષય પર ફિલ્મો બનાવવા માટે ખ્યાતિ ધરાવે છે. એમાંનો એક પ્રકાર છે 'પાઈરેટ ફિલ્મ્સ'. પાઈરેટ એટલે દરિયાઈ ચાંચિયા. હોલિવૂડમાં પ્રથમ પાઈરેટ બોલપટ હતું 'ટ્રેઝર આઈલેન્ડ' (૧૯૩૪). જોકે, આ પ્રકારની પહેલી લોકપ્રિય ફિલ્મ હતી ૧૯૩૫માં રિલીઝ થયેલી 'કેપ્ટન બ્લડ'.





એકવીસમી સદીમાં જોની ડેપની 'પાઈરેટ્સ ઓફ ધ કેરિબિયન'ને પણ ખાસ્સી લોકપ્રિયતા મળી હતી. ૧૯૩૬માં આવેલી 'અમર જ્યોતિ'માં દરિયાઈ ચાંચિયાની વાર્તા હતી. શાંતારામને હોલિવૂડની ફિલ્મ જોઈને પ્રેરણા મળી એ વિશે નક્કર જાણકારી નથી, પણ વિષય પ્રત્યે આકર્ષણ થયું હોય એ સંભાવના નકારી ન શકાય. જોકે, બંનેની કથામાં ચાંચિયાગીરી સિવાય કોઈ સામ્ય નહોતું.

ફિલ્મમાં દેખાડવામાં આવેલાં દરિયામાં મોટાં જહાજો અને વિઝ્યુઅલ ઈફેક્ટ્સની સરખામણી કેવળ 'કેપ્ટન બ્લડ' સાથે જ નહીં, એ સમયની હોલિવૂડની અન્ય ફિલ્મોની ટેકનિક સાથે કરવામાં આવી હતી. 'અમર જ્યોતિ'નો પડદા ઉપરનો દબદબો પ્રભાવી હતો. ફિલ્મનું મોટાભાગનું શૂટિંગ સ્ટુડિયોમાં કરવામાં આવ્યું હોવા છતાં સમુદ્રમાં ગોથા ખાતું અને ચાંચિયાઓના તાબામાં આવી ગયેલું જહાજ વગેરે સમુદ્રના માહોલ-વાતાવરણનો અનુભવ કરાવે એવા હતા.

ફિલ્મના કોસ્ચ્યુમ પણ લાજવાબ હતા, જેની સ્તુતિ દુર્ગા ખોટેએ તેમની આત્મકથામાં કરી છે. ફિલ્મ રિયાલિસ્ટિક દેખાય એ માટે કોઈ કસર બાકી ન રાખવા માગતા શાંતારામે વિશાળ જહાજની પ્રતિકૃતિ સેટ પર ઊભી કરી દીધી હતી. બેકગ્રાઉન્ડમાં ઊભા કરેલા કેનવાસથી દરિયાના મોજાંની ઉછળકૂદ પડદા પર જોવા મળી શકી હતી. વિચાર કરો કે ૯૦ વર્ષ પહેલાં શાંતારામજીએ આ કુશળતા દેખાડી હતી.

ભારતીય સિનેમામાં સંભવતઃ પહેલીવાર મેઈનસ્ટ્રીમની હીરોઈને બળવાખોર દરિયાઈ ચાંચિયાનું પાત્ર ભજવ્યું હતું. હાથમાં તલવાર લઈને લડતી અને દુશ્મનોનાં જહાજો પર આક્રમણ કરતાં દુર્ગા ખોટે સૌદામિનીના પાત્રમાં પ્રભાવી સાબિત થયાં હતાં. વેધક નજર, સિંહ જેવી ગર્જના અને પ્રભાવશાળી ડાયલોગ ડિલિવરીને કારણે પાત્ર ધારદાર બન્યું હતું. એ સમયમાં પડદા પર નાયિકાને આક્રમક સ્વરૂપમાં જોવા ન ટેવાયેલા લોકો સ્તબ્ધ થઈ ગયા હતા.

કચરાના ડબ્બામાંથી રાષ્ટ્રીય સંગ્રહાલય

શાંતારામની 'સંત તુકારામ'ને વેનિસ આંતરરાષ્ટ્રીય ચિત્રપટ મહોત્સવમાં વિશ્વની ત્રણ ઉત્તમ ફિલ્મોમાં સ્થાન મળ્યું હતું. આંતરરાષ્ટ્રીય સ્તર પર અવોર્ડ મેળવનારી આ પ્રથમ ભારતીય ફિલ્મની કઠણાઈ એ હતી કે પ્રભાત ફિલ્મ કંપનીના નિર્માણને મળેલું ૪ ઓગસ્ટ, ૧૯૩૭ની તારીખ ધરાવતું ઐતિહાસિક સર્ટિફિકેટ ખોવાઈ ગયું હતું. ૧૯૭૯માં પુણેની ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (એફટીઆઈઆઈ)માં સિનેમેટોગ્રાફીનો કોર્સ કરી રહેલા સની જોસેફ (પાછળથી નેશનલ અવોર્ડ વિજેતા બન્યા)ની નજર અનાયાસે રસ્તા પરની કચરાપેટીમાં પડેલા લીલા-પીળા રંગના કાગળ પર પડી.

કુતૂહુલવશ બહાર કાઢીને જોયું તો એ ફેસ્ટિવલ તરફથી મળેલું 'સંત તુકારામ'નું સન્માન કરતું સર્ટિફિકેટ હતું.! કચરાના ડબ્બામાં પડેલા કંચનનું મહત્ત્વ જાણતા જોસેફ એ સર્ટિફિકેટ પોતાના ઘરે લઈ ગયા. આ પ્રમાણપત્ર માટે એમને એટલું મમત્વ બંધાઈ ગયું કે એ અન્યની અનામત છે એ વાત જ ભૂલી ગયા. જોકે, અંતે મન મક્કમ કરી એ સર્ટિફિકેટ તેમણે નેશનલ ફિલ્મ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયાના ડિરેક્ટરને સોંપી દીધું. આજની તારીખમાં એ સંસ્થામાં ગૌરવભેર સચવાઈને પડ્યું છે. સર્ટિફિકેટ જોસેફને કચરાપેટીમાંથી સમયસર ન મળ્યું હોત તો ભારતીય સિનેમાના ગૌરવશાળી ઈતિહાસનો આ દસ્તાવેજ હંમેશને માટે નષ્ટ થઈ ગયો હોત.



AI સંગીતકારોને મદદ કરી શકે, પરંતુ સર્જનાત્મકતાનું સ્થાન ન લઈ શકે

ગીતને લોકપ્રિયતા નહીં, તેની મૌલિકતા અને શબ્દો બનાવે છે એવરગ્રીનઃ અનુ મલિક

સંગીતજગતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ વધી રહ્યો છે ત્યારે જાણીતા ફિલ્મ સંગીતકાર અનુ મલિકનું માનવું છે કે ટેક્નોલોજી સંગીતકારો માટે મદદરૂપ બની શકે છે, પરંતુ મૌલિક સર્જનાત્મકતાનું સ્થાન લઈ શકતી નથી. પાંચ દાયકાથી વધુ સમયથી સંગીતક્ષેત્રે સક્રિય અનુ મલિકના મતે, સંગીતકારોએ છૈંનો ઉપયોગ સહાયક સાધન તરીકે કરવો જોઈએ, તેના પર સંપૂર્ણપણે નિર્ભર ન થવું જોઈએ.અનુ મલિકે જણાવ્યું હતું કે છૈં અગાઉના સંગીતકારો અને ગીતકારોની શૈલીનું અનુકરણ કરી શકે છે, પરંતુ સંપૂર્ણપણે નવું અને મૌલિક સર્જન કરી શકતું નથી. તેમણે કહ્યું કે છૈંને સહાયક તરીકે ઉપયોગમાં લેવું જોઈએ, સર્જનાત્મકતાનો વિકલ્પ બનાવી દેવો જોઈએ નહીં. જો સંગીતકારો એવું માનવા લાગે કે હવે સર્જન કરવાની જરૂર નથી અને છૈં જ બધું કરી દેશે, તો તે યોગ્ય નથી.

અનુ મલિકના મતે, સારા ગીતની રચનાની શરૂઆત તેના શબ્દો અને ફિલ્મની વાર્તા સમજવાથી થાય છે. કોઈ ગીત બનાવતાં પહેલાં તેઓ ફિલ્મની સ્ક્રિપ્ટ વારંવાર વાંચે છે, જેથી પ્રસંગ અને પાત્રોની લાગણીઓને સમજી શકાય. તેમના મતે, ગીત લાંબા સમય સુધી યાદગાર રહે તે માટે તેની રચના પાછળની વાર્તા અને ભાવનાત્મક જોડાણ સમજવું જરૂરી છે.

આજના સંગીતક્ષેત્રમાં દરરોજ નવાં ગીતો રજૂ થઈ રહ્યાં છે ત્યારે સાઉન્ડ અને મ્યુઝિક પ્રોડક્શનમાં વધી રહેલા પ્રયોગો વચ્ચે ગીતોના શબ્દો પર પૂરતું ધ્યાન અપાતું ન હોવાની ચિંતા પણ તેમણે વ્યક્ત કરી હતી. મલિકે કહ્યું કે શ્રોતાઓ હંમેશાં એવા ગીતો યાદ રાખે છે, જેના શબ્દો તેમના હૃદયને સ્પર્શે છે. માત્ર વાયરલ થવું કોઈ ગીતને એવરગ્રીન બનાવતું નથી.

દરમિયાન, રિયાલિટી શો 'સા રે ગા મા પા'માં ચોથી વખત સુપર જજ તરીકે પરત ફરેલા મલિકે નવા ગાયકોની પ્રતિભાનાં વખાણ કર્યા હતા. તેમણે કહ્યું કે ભારતમાં અસાધારણ ગાયન પ્રતિભા છે અને શોમાં મહિલા તથા પુરુષ સ્પર્ધકોના અવાજ સાંભળીને તેઓ પ્રભાવિત થયા છે. યુવા સંગીતકારો અને શ્રોતાઓ તેમનાં જૂનાં ગીતોને નવી રીતે રજૂ કરી રહ્યા છે તે બાબતથી પણ તેઓ ખુશ છે. તેમના મતે, આ નવી રજૂઆતોમાં પણ ગીતોની મધુરતા અને મૂળ સંગીતરચનાની વિશેષતા જ ઊભરી આવે છે.



હિન્દી ફિલ્મોમાં મર્દાનગી દેખાડવાની માનસિકતા સામે પંકજ ત્રિપાઠીનો સવાલ

અભિનેતા પંકજ ત્રિપાઠી આ વખતે પોતાનાં ગંભીર અને કોમિક રોલથી અલગ અંદાજમાં રોમેન્ટિક કોમેડી ફિલ્મ 'પારિવારિક મનુરંજન'માં જોવા મળી રહ્યા છે. અદિતિ રાવ હૈદરી સાથેની આ ફિલ્મ ૧૩ નવેમ્બરે સોની લિવ પર રિલીઝ થઈ છે. ફિલ્મનાં પ્રમોશન દરમિયાન એક ઈન્ટરવ્યુમાં પંકજે આજના સિનેમામાં બદલાતી વાર્તાઓ, રોમેન્ટિક હીરો બનવાના અનુભવ અને પુરુષત્વની બદલાતી વ્યાખ્યા અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.ફિલ્મની વાર્તા તેમને એટલી પસંદ પડી હતી કે સ્ક્રિપ્ટ વાંચ્યાના બીજા જ દિવસે તેમણે ફિલ્મ કરવાની સંમતિ આપી દીધી હતી. પંકજના જણાવ્યા અનુસાર, તેમને વાસ્તવિક જીવનની નજીક હોય તેવી સાદી અને સહજ વાર્તાઓ પસંદ છે. આજકાલ ફિલ્મોમાં દર્શકોને ચોંકાવવાના હેતુથી અનેક પ્રયોગો અને ગિમિક્સનો ઉપયોગ થાય છે, જેના કારણે સામાન્ય જીવન સાથે જોડાયેલી વાર્તાઓ ઓછી જોવા મળે છે.ફિલ્મમાં પંકજ રંજન દુબે નામના આધેડ ઉંમરે પહોંચેલા કુંવારા વ્યક્તિની ભૂમિકા ભજવે છે, જેના જીવનમાં એક હાઉસકીપરના આગમનથી પરિવર્તન આવે છે. પંકજે કહ્યું કે પાત્રના વિચારો પોતાના વિચારો સાથે મળતા હોવાથી તેને ભજવવું વધુ પડકારજનક બન્યું હતું. જોકે, તેમણે ક્યારેય પરંપરાગત રોમેન્ટિક હીરો બનવાની ઈચ્છા રાખી નહોતી.ફિલ્મના સંવાદમાં 'બીટા'માંથી 'આલ્ફા' બનવાની વાતને લઈને પંકજે કહ્યું કે તેમના મતે સાચો આલ્ફા મેલ એવો માણસ છે, જેને પોતાની મર્દાનગી સાબિત કરવા છાતી ઠોકવાની જરૂર પડતી નથી.તેમણે હિન્દી ફિલ્મોમાં મર્દાનગીના દેખાડાની માનસિકતા પર પણ સવાલ ઉઠાવ્યા હતા. પેઢીઓથી પુરુષો માટે નક્કી કરવામાં આવેલી રૂઢિચુસ્ત માન્યતાઓ બદલવાની જરૂરિયાત વ્યક્ત કરતા તેમણે કહ્યું કે થોડા જાગૃત અને સંવેદનશીલ બનવામાં કંઈ ખોટું નથી.

'રામાયણ'નો વૈશ્વિક બોક્સ ઓફિસ પર ડંકો, ૯ દિવસમાં ૧,૧૧૧ કરોડની કમાણી

ઇન્ડોનેશિયા, વિયેતનામ, થાઇલેન્ડ અને નેપાળમાં ફિલ્મે બનાવ્યા નવા રેકોર્ડ; 'બાહુબલી-૨', 'RRR' અને 'પઠાણ'ને પાછળ છોડ્યાં

નિતેશ તિવારીના નિર્દેશનમાં બનેલી રણબીર કપૂર, યશ અને સાઈ પલ્લવીની ફિલ્મ 'રામાયણ' બોક્સ ઓફિસ પર જોરદાર સફળતા મેળવી રહી છે. દિવાળીના તહેવાર બાદ ફિલ્મની કમાણીમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. રિલીઝના માત્ર ૯ દિવસમાં ફિલ્મે વિશ્વભરમાં ૧,૧૧૧ કરોડનું અંદાજિત કલેક્શન કર્યું છે. ખાસ વાત એ છે કે દક્ષિણ-પૂર્વ એશિયાના એવા દેશોમાં પણ ફિલ્મને શાનદાર પ્રતિસાદ મળ્યો છે, જ્યાં રામાયણની કથા સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસા સાથે જોડાયેલી છે.

ઈન્ડોનેશિયામાં ૧૧ નવેમ્બરે ફિલ્મનું પ્રીમિયર યોજાયું હતું, જેમાં તેણે લગભગ ૧૦૦,૦૦૦ ડૉલરની કમાણી કરી હતી. આ દેશમાં કોઈ ભારતીય ફિલ્મ માટેનું અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રીમિયર કલેક્શન છે. થાઈલેન્ડમાં ફિલ્મે એક સપ્તાહમાં લગભગ ૯ કરોડ, જ્યારે કંબોડિયામાં ઓપનિંગ વીકએન્ડ દરમિયાન ૧૫૦,૦૦૦ ડૉલરની કમાણી કરી છે. મલેશિયામાં પણ ફિલ્મે એક સપ્તાહ કરતાં ઓછા સમયમાં લગભગ ૮ કરોડનું કલેક્શન કર્યું છે.

વિયેતનામમાં ફિલ્મની સફળતા વિશેષ નોંધપાત્ર છે. ભારતીય ફિલ્મો માટે આ બજારમાં સામાન્ય રીતે મર્યાદિત કમાણી જોવા મળે છે, પરંતુ 'રામાયણ'એ પ્રથમ દિવસે જ અગાઉના રેકોર્ડ તોડી નાખ્યાં હતાં. અહીં ફિલ્મનું કલેક્શન લગભગ ૩ કરોડ થયું છે. નેપાળમાં પણ ફિલ્મે પ્રથમ સપ્તાહમાં ૧૨.૮૦ કરોડ નેપાલી રૂપિયા(આશરે ૮ કરોડ)ની કમાણી કરી છે.

ટ્રેડ ટ્રેકર સેકનિકના આંકડા મુજબ, ભારતમાં ફિલ્મનું અંદાજિત કલેક્શન ૭૩૨.૫૦ કરોડ અને વિદેશી બજારોમાંથી ૩૭૮.૫૦ કરોડ થયું છે. ફિલ્મે ૮ દિવસમાં જ ૧,૦૦૦ કરોડનો આંકડો પાર કર્યો હતો. આ સાથે તેણે 'બાહુબલી-૨', 'ઇઇઇ' અને 'દ્ધથ્ક્ક-૨' કરતાં ઝડપથી આ સિદ્ધિ મેળવી છે. જોકે, ૧,૧૫૧.૧૯ કરોડની કમાણી સાથે 'ધુરંધર-૨' હજુ વૈશ્વિક બોક્સ ઓફિસ પર આગળ છે.

દરમિયાન, 'રામાયણ' ૨૦ નવેમ્બરથી ગોવામાં શરૂ થનારા ૫૭મા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ (IFFI)માં BRICS વિભાગની શરૂઆત કરનારી પ્રથમ ફિલ્મ બનશે. ફિલ્મનો બીજો ભાગ ૨૦૨૮માં રિલીઝ થવાનો છે.

'રોકી'- સિલ્વેસ્ટર સ્ટેલોનઃ સ્ટાર એક્ટર- બોક્સર કે પછી રાઇટર?

'રોકી બાલ્બોઆ' ફિલ્મનો આ ડાયલોગ હોલિવૂડના સુપરસ્ટાર સિલ્વેસ્ટર સ્ટેલોનની જિંદગીનો સારાંશ છે. એક્ટર બનતા પહેલાં બેકારીમાં સ્ટેલોન પ્રાણી સંગ્રહાલયમાં સિંહનાં પાંજરાં સાફ કરતો.ઘરનું ભાડું ભરવાના પૈસા નહોતા. પોતાના પ્રિય કૂતરાને પણ વેચવો પડ્યો હતો. ૧૯૪૬માં ન્યૂયોર્કમાં જન્મેલા સ્ટેલોનના જન્મ વખતે ડોક્ટરના ચિંપીયાથી ચહેરાની નસને ઈજા થઈ. એટલે મોઢાનો એક ભાગ વાંકો રહી ગયો ને બોલવામાં તકલીફ થવા લાગી. મિત્રો મજાક ઉડાવતા. હોલિવૂડના પ્રોડ્યુસરો એનો ચહેરો જોઈને જ દરવાજા બંધ કરી દેતા, પણ થોડાં જ વર્ષોમાં એ જ ચહેરાનાં પોસ્ટરો દુનિયાભરનાં થિયેટરો પર ચમકવા લાગ્યાં!

આ વર્ષે સ્ટેલોન ૮૦ વર્ષના થયો. એની ફિલ્મ 'રોકી'ને ૫૦ વર્ષ થયા ને એ નિમિત્તે સ્ટેલોને પોતાની આત્મકથા 'ધ સ્ટેપ્સ' પ્રકાશિત કરી છે.

સ્ટેલોનનું બાળપણ ખૂબ કંગાળ ને દુઃખી હતું. બાપ ક્રોધી ને સતત હાથ ઉપાડે. માબાપ વચ્ચે ઝઘડા ચાલતા. બાળપણમાં એને પ્રેમ કે હૂંફ મળ્યા જ નહીં. કદાચ એટલે જ એની ફિલ્મોના હીરો પણ એકલવાયા, પ્રેમ માટે તરસતા દેખાશે. એક્ટર બનવા નીકળેલા સ્ટેલોન માટે એવું કહેવાય છે કે એણે ૧૦૦૦ જેટલા સ્ક્રીન ટેસ્ટ આપેલા. દંતકથા સમાન ફિલ્મ 'ધ ગોડફાધર'ના લગ્નના સીનમાં લગભગ ૩૦૦ મહેમાનોની જરૂર હતી. સ્ટેલોને ભીડમાં ઊભા રહેવાનો નાનકડો રોલ માગ્યો, પણ ત્યાંથી પણ સ્ટેલોનને રિજેક્ટ કરવામાં આવેલો!

એ વખતના ગુમનામ કલાકાર સ્ટેલોન પાસે એક એવું હથિયાર હતું, જેનો હોલિવૂડને અંદાજ નહોતો. એ હથિયાર એટલે એની 'કલમ'! એણે એક સામાન્ય બોક્સરની સ્ટોરી લખી. રોકી માર્સિયાનો જેવા બોક્સરના જીવનમાંથી પ્રેરણા લીધી. વર્લ્ડ ચેમ્પિયન બોક્સર મુહમ્મદ અલીની ઈમેજમાંથી એપોલો કિડનું પાત્ર ઊભું કર્યું. પ્રોડ્યુસરોને સ્ક્રિપ્ટ તો ગમી, પણ સ્ટેલોનને હીરો બનાવવા કોઈ તૈયાર

નહોતું.

સ્ક્રિપ્ટ વેંચવાની મોટી ઓફર હોવા છતાં એણે જીદ ન છોડી કે હીરો તો હું જ બનીશ. આખરે એક પ્રોડ્યુસરે સ્ટેલોનની શરત સ્વીકારી. ૧૯૭૬માં 'રોકી' રિલીઝ થઈ. લગભગ દસ લાખ ડૉલરમાં બનેલી ફિલ્મે ૨૨ કરોડ ડૉલરથી વધુ કમાણી કરી. ત્રણ ઑસ્કર જીત્યા. સ્ટેલોનને રાઈટર અને એક્ટર બંને તરીકે ઑસ્કર નોમિનેશન મળ્યાં. ગઈકાલ સુધી પ્રોડ્યુસરોની ઑફિસમાં રાહ જોતો માણસ હવે સુપરસ્ટાર હતો!

'રોકી'ના શૂટિંગમાં પૈસાની તંગી હતી. રોકી અને એની ગર્લફ્રેન્ડ એડ્રિયન માટે આઈસ-સ્કેટિંગ રિંગમાં એક સીન હતો. ભીડ ગોઠવવી મોંઘી પડતી હતી એટલે સીન બદલાયો. ખાલી રિંગમાં બંને પ્રેમી વાતો કરે છે. મજબૂરીમાંથી





ફિલ્મનો સુંદર રોમેન્ટિક સીન જન્મ્યો! 'રોકી' માત્ર બોક્સિંગની ફિલ્મ નહોતી, એક શરમાળ માણસની લવસ્ટોરી પણ હતી. જે વહાલા કૂતરાને એણે વેંચી દીધેલો એને પાછો ખરીદીને ફિલ્મમાં રોલ પણ આપ્યો!

સ્ટેલોનની પોતાની લવસ્ટોરીઓ પણ ઓછી નાટ્યાત્મક નહોતી. ૧૯૭૪માં સાશા ઝેક સાથે લગ્ન કર્યા ત્યારે સાશાએ ઘરના પડદામાંથી લગ્નનો ડ્રેસ સીવ્યો અને સ્ટેલોને 'કેપોન' ફિલ્મના કોસ્ચ્યુમ ડિપાર્ટમેન્ટમાંથી ગેન્ગસ્ટરનો સૂટ ઉછીનો લીધો! સફળતા આવી, પણ લગ્નજીવનમાં તિરાડ પડી. ૧૯૮૫માં ડિવોર્સ થયા. પછી આવી ડેનમાર્કની ઊંચી, ગ્લેમરસ એક્ટ્રેસ બ્રિજિટ નીલ્સન. બંનેનો રોમાન્સ હોલિવૂડની ગોસિપ મેગેઝિનોનો ફેવરિટ વિષય બન્યો. લગ્ન થયાં, પણ બે વર્ષથી ઓછા સમયમાં ડિવોર્સ આમ આ લવસ્ટોરી તો ઈન્ટરવલ સુધીયે ના ચાલી!

ત્રીજી લવસ્ટોરી જેનિફર ફ્લેવિન સાથે શરૂ થઈ. એક સમયે સ્ટેલોને જેનિફરને બ્રેકઅપનો મેસેજ છ પાનાંના પત્ર દ્વારા મોકલ્યો! પણ પછી ફરી બંને નજીક આવ્યાં અને ૧૯૯૭માં લગ્ન કર્યાં. ત્રણ દીકરીઓ થઈ. ૨૦૨૨માં જેનિફરે ડિવોર્સની અરજી કરી, પણ ફરી બેઉમાં સમાધાન થઈ ગયું. એટલે હેપી એન્ડિંગ પછી પણ નવો ક્લાઈમેક્સ આવ્યો!

જગતભરમાં હિટ એક્શન ફિલ્મ 'રોકી' પછી 'રેમ્બો' આવી. ૧૯૮૦ ને ૯૦ના દાયકામાં સ્ટેલોન અને આર્નોલ્ડ શ્વાર્ઝેનેગર, જેવા બે તગડા પહેલવાન જેવા સ્ટાર્સ વચ્ચે જબરદસ્ત હરીફાઈ હતી. કોના બાવડાં મોટા? કોની ફિલ્મ વધુ કમાય? આર્નોલ્ડે એક વખત જાણીજોઈને 'સ્ટોપ! ઑર માય મોમ વિલ શૂટ' જેવી નબળી ફિલ્મમાં રસ બતાવ્યો. સ્ટેલોને તરત ઓછા પૈસે એ ફિલ્મ સ્વીકારી લીધી અને એ ફ્લોપ થઈ! આર્નોલ્ડે પછી આ શરારતનો ખુલાસો કર્યો. જો કે હવે એ બંને પાક્કા મિત્ર છે.

આ એક્શન હીરો સ્ટેલોનની અંદર એક ગંભીર લેખક ચિંતક પણ વસે છે. સ્ટેલોન ૧૭-૧૮ વર્ષની ઉંમરથી ભારતીય ફિલસૂફી તરફ આકર્ષાયો હતો. જે. કૃષ્ણમૂર્તિના વિચારો, હર્મન હેસીની 'સિદ્ધાર્થ', બૌદ્ધ ધર્મ અને હિન્દુ ફિલોસોફી એને ગમતાં. ભારતીય ભોજન અને ભારતીય ફિલસૂફી બંને એને પ્રિય છે.

પડદા પર મશીનગન ચલાવતો રેમ્બો, વાસ્તવમાં 'જિંદગીના અર્થ' વિશે વિચારતો માણસ છે, પણ ફિલોસોફી એને જીવનનાં સૌથી મોટા આઘાતથી બચાવી શકી નહીં. ૨૦૧૨માં ૩૬ વર્ષના દીકરા સેજનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું. સેજે 'રોકી પાર્ટ ૫'માં સ્ટેલોન સાથે એક્ટિંગ કરી હતી.

સ્ટેલોન ભાંગી પડ્યો. સ્ટેલોને, હિંદુ શાસ્ત્રોના જાણકાર ભારતીયને કહ્યું કે એના મૃત દીકરાની હાજરી પોતાની આસપાસ વરતાય છે. એ વિદ્વાનની સલાહથી પછી ૨૦૧૫માં સ્ટેલોનના પરિવારજનોએ હરિદ્વારમાં શ્રાદ્ધવિધિ કરાવેલી, પણ બીમારીને લીધે સ્ટેલોન ત્યાં હાજર નહોતો.

પડદા પર સેંકડો દુશ્મનોને પછાડનારો આ માણસ, દીકરાના મૃત્યુ સામે બેબસ હતો. આત્મકથા 'ધ સ્ટેપ્સ'માં સ્ટેલોને કરુણ બાળપણ, બાપનો ગુસ્સો, ગરીબી, હોલિવૂડના અપમાન, અવગણના અને 'રોકી'ની સ્ક્રિપ્ટ લખવાના સંઘર્ષની વાત લખી છે. રોજ લાઇબ્રેરીમાં જઇને વાંચતો, સતત પટકથા લખતો મઠારતો. શરૂઆતમાં સ્ટેલોન લેખનમાં બહુ સાધારણ હતો એટલે સ્ટેલોને એડગર એલન પો જેવા રહસ્યના ભીષ્મ પિતામહ ગણાતા લેખકનો ઊંડો અભ્યાસ કરીને લેખનકળા વિકસાવી.

એડગર એલન પોના જીવન પર ફિલ્મ બનાવવાનું સપનું પણ જોયું હતું. એની ઈચ્છા માત્ર એક્શન હીરો બનવાની નહોતી, પણ 'રોકી'ને 'રેમ્બો'એ એને એવો મોટા સ્ટાર બનાવી દીધો કે અંદરનો 'રાઈટર' ઢંકાઈ ગયો. આજે ૮૦ વર્ષે પણ અનેક ઈજાઓ ને અસંખ્ય સર્જરીઓ છતાં એનો ઉત્સાહ અકબંધ છે, 'તુલસા કિંગ' જેવી વેબસિરીઝમાં વ્યસ્ત છે. પોતે લખેલી કથાપટકથા પરથી ફિલ્મ બનાવીને આટલો મોટો સ્ટાર બન્યો હોય, એવો દાખલો સ્ટેલોન સિવાય કોઇ પણ નથી!

ફિલાડેલ્ફિયાના મ્યુઝિયમનાં દાદરા પર સ્ટેલોનનાં પગલાં ટાઇલ્સમાં છાપ્યા છે, જેની પાસે આજેય રોજ એના અનેક ચાહકો - ટૂરિસ્ટો 'રોકી'ની અદામાં ત્યાં ફોટા પડાવે છે. જે મ્યુઝિયમમાં પિકાસો અને વાન ગોગ જેવા મહાન પેન્ટરોની કૃતિઓ છે, પણ ટૂરિસ્ટોને એક ફિલ્મી બોક્સરના પગલાં જ ગમે છે એટલે જ સ્ટેલોને આત્મકથાનું નામ પણ 'ધ સ્ટેપ્સ' રાખ્યું છે. માણસ સફળતાના શિખરે પહોંચે પછી દુનિયા એની ઊંચાઈ જુએ છે,

પાકિસ્તાનનું સપનું તોડનાર મોહિત ઉલ્વાએ પોતાના રોલ મોડલ્સનો કર્યો ખુલાસો

અંડર-૧૯ એશિયા કપ ફાઇનલના હીરોએ બેટિંગમાં કોહલીને અને બોલિંગમાં ઓસ્ટ્રેલિયાનાં પેટ કમિન્સને ગણાવ્યા ફેવરિટ



અંડર-૧૯ એશિયા કપ ૨૦૨૬ની ફાઈનલમાં પાકિસ્તાન સામે ભારતની ઐતિહાસિક જીતના સૌથી મોટા નાયક બનેલાં યુવા ઓલરાઉન્ડર મોહિત ઉલ્વા હાલ ચર્ચામાં છે. અંતિમ બોલ પર ચોગ્ગો ફટકારીને ભારતને ચેમ્પિયન બનાવનાર આ ખેલાડીએ તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં પોતાનાં ક્રિકેટિંગ રોલ મોડલ્સનો ખુલાસો કર્યો છે.

મોહિતે જણાવ્યું હતું કે બેટિંગમાં તેને વિરાટ કોહલી સૌથી વધુ પસંદ છે, જ્યારે બોલિંગમાં તે ઓસ્ટ્રેલિયાનાં દિગ્ગજ બોલર પેટ કમિન્સને ફોલો કરે છે. બે દિવસ પહેલાં ઓમાનમાં રમાયેલી અંડર-૧૯ એશિયા કપ ફાઈનલમાં પાકિસ્તાને ભારત સામે ૩૩૮ રનનો વિશાળ લક્ષ્યાંક મૂક્યો હતો.

ભારતે ૨૫૨ રનમાં ૮ વિકેટ ગુમાવી દીધી હતી ત્યારે ૧૦ મા ક્રમે બેટિંગ કરવા ઉતરેલા મોહિતે દબાણ વચ્ચે ૨૬ બોલમાં અણનમ ૪૯ રનની શાનદાર ઈનિંગ રમી હતી. અંતિમ બોલ પર જીત માટે ૩ રનની જરૂર હતી ત્યારે તેણે મિડ-ઓફ ઉપરથી ચોગ્ગો ફટકારીને ભારતને યાદગાર વિજય અપાવ્યો હતો.

એશિયા કપમાં શાનદાર પ્રદર્શન બાદ હવે મોહિત ઉલ્વાને સૈયદ મુશ્તાક અલી ટ્રોફી માટે સૌરાષ્ટ્રની સિનિયર પુરુષ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશને સોશિયલ મીડિયા પર કેપ્ટન જયદેવ ઉનડકટ, હેડ કોચ નીરજ ઓડેદ્રા અને કોચ શેલ્ડન જેક્સન સાથેની તેની તસવીર શેર કરી હતી. જોકે, હરિયાણા સામેની મેચમાં તેને પ્લેઈંગ ઈલેવનમાં તક મળી ન હતી, પરંતુ આગામી મેચોમાં તે ડેબ્યુ કરી શકે છે. પોતાના આગામી લક્ષ્ય વિશે વાત કરતાં મોહિતે કહ્યું હતું કે અંડર-૧૯ સ્તર પર સારા પ્રદર્શન બાદ હવે તે સિનિયર ક્રિકેટમાં પોતાની ઓળખ બનાવવા માંગે છે. તેનાં મતે કોઈપણ ખેલાડીને જેટલો જલ્દી સિનિયર સ્તરનો અનુભવ મળે છે, આગળ જઈને ટોચના સ્તરનું ક્રિકેટ રમવું તેના માટે તેટલું જ સરળ બની જાય છે. તેથી જ તે સૌરાષ્ટ્રની ટીમ તરફથી મળનારી આ તકનો પૂરો ફાયદો ઉઠાવવા માટે ઉત્સુક છે.

મુંબઈમાં 'માસ્ટર બ્લાસ્ટર' સાથે શાહી દંપતીનો દેશી અંદાજ : કુલ્લડની ચા અને ગલી ક્રિકેટની મજા માણી

ત્રણ દિવસનાં ભારત પ્રવાસે આવેલાં પ્રિન્સ વિલિયમ અને કેટ મિડલટને બેલાર્ડ એસ્ટેટ ખાતે સ્ટ્રીટ ફૂડ માણ્યું ; શાળાનાં બાળકો સાથે ક્રિકેટ રમીને સૌના દિલ જીતી લીધાં



મુંબઈ, તા. ૧૬ : બ્રિટનનાં પ્રિન્સ ઓફ વેલ્સ વિલિયમ અને પ્રિન્સેસ ઓફ વેલ્સ કેટ મિડલટન સોમવારે ત્રણ દિવસનાં ભારત પ્રવાસે મુંબઈ પહોંચ્યા હતાં, જ્યાં તેમણે ભારતીય ક્રિકેટનાં દિગ્ગજ સચિન તેંડુલકર સાથે ખાસ મુલાકાત કરી હતી. આ ત્રણેય મુંબઈનાં ઐતિહાસિક બેલાર્ડ એસ્ટેટ વિસ્તારમાં અને દેશનાં સૌથી જૂના ફોટોગ્રાફી સ્ટુડિયોમાંના એક 'હેમિલ્ટન સ્ટુડિયો'ની બહાર સાથે લટાર મારતા જોવા મળ્યા હતા.

સચિને શાહી દંપતીને મુંબઈનાં સામાન્ય પ્રવાસી સ્થળોથી અલગ શહેરની અસલી રોનક બતાવી હતી અને આ દરમિયાન ત્રણેયે ખાસ સ્ટોલ પર પરંપરાગત માટીના કુલ્લડમાં ગરમાગરમ ચા અને મુંબઈના પ્રખ્યાત સ્ટ્રીટ ફૂડનો આનંદ માણ્યો હતો.

આ મુલાકાતનું સૌથી આકર્ષક પાસું શાળાનાં બાળકો સાથે રમાયેલી 'ગલી ક્રિકેટ' હતી, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. પ્રિન્સ વિલિયમે બાળકો સાથે ઉત્સાહપૂર્વક ક્રિકેટ પર હાથ અજમાવ્યો હતો, જેમાં માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર તેમને બેટિંગ અને રમતની બારીકાઈઓ શીખવતા તથા માર્ગદર્શન આપતા જોવા મળ્યા હતા. બીજી તરફ, પ્રિન્સેસ કેટ મિડલટન મેદાનની કિનારે ઊભા રહીને હસતા ચહેરે આ રમતનો આનંદ માણી રહ્યા હતા અને સચિન પાસેથી ક્રિકેટના રસપ્રદ કિસ્સાઓ સાંભળી રહ્યા હતા.

મુંબઈના કાર્યક્રમો દરમિયાન પ્રિન્સ વિલિયમ અને કેટ મેટ્રો રેલમાં મુસાફરી કરશે તેમજ આલિયા ભટ્ટ સહિત બોલિવૂડની જાણીતી હસ્તીઓ સાથે સંવાદ કરશે, જ્યારે બ્રિટિશ પોપ ગ્રુપ 'ટેક ધેટ' એવોર્ડ સમારોહમાં પરફોર્મ કરશે. ભારત અને બ્રિટન વચ્ચે સ્વચ્છ ઊર્જા, ટકાઉ પરિવહન, નવીનતા અને વેપાર ક્ષેત્રે વધતા સહયોગને દર્શાવતા આ પ્રવાસના અંતિમ તબક્કામાં શાહી દંપતી બુધવારે નવી દિલ્હી જશે, જ્યાં તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરીને પોતાનાં પ્રવાસનું સમાપન કરશે.

૨૨ નવેમ્બરે ભારત-એ અને પાકિસ્તાન વચ્ચે હાઈ-વોલ્ટેજ મુકાબલો : અભિષેક અને વૈભવ પર રહેશે નજર

અંડર-૧૯ એશિયા કપમાં ઐતિહાસિક જીત બાદ હવે 'એસીસી મેન્સ રાઇઝિંગ સ્ટાર્સ એશિયા કપ ૨૦૨૬'માં ભારત અને પાકિસ્તાન આમનેસામને



અંડર-૧૯ એશિયા કપના રોમાંચક ફાઈનલમાં છેલ્લા બોલે પાકિસ્તાનને એક વિકેટે હરાવીને ભારતે નવમી વખત ખિતાબ જીત્યા બાદ, હવે ક્રિકેટ ચાહકોની નજર વધુ એક હાઈ-વોલ્ટેજ મુકાબલા પર ટકી છે. આગામી રવિવાર, ૨૨ નવેમ્બરના રોજ કતારની રાજધાની દોહા ખાતે 'એસીસી મેન્સ રાઇઝિંગ સ્ટાર્સ એશિયા કપ ૨૦૨૬'ની ગ્રુપ-બી મેચમાં ભારત-એ અને પાકિસ્તાન-એ (પાકિસ્તાન શાહીન્સ) આમને-સામને ટકરાશે. ૫૦ ઓવરના ફોર્મેટમાં રમાનારો આ મુકાબલો વેસ્ટ એન્ડ પાર્ક ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં ભારતીય સમય અનુસાર બપોરે ૩:૩૦ વાગ્યે શરૂ થશે.

ગયા વર્ષે દોહામાં જ રમાયેલી મેન્સ રાઇઝિંગ સ્ટાર્સ ટુર્નામેન્ટમાં પાકિસ્તાન શાહીન્સે ભારત-અ ને આઠ વિકેટે હરાવીને ટ્રોફી જીતી હતી. અંડર-૧૯ ટીમે જે રીતે પાકિસ્તાન સામે જૂનો હિસાબ ચૂકતે કર્યો છે, તેવી જ રીતે હવે તિલક વર્માની આગેવાની હેઠળની ભારત-એ ટીમ પાસે પણ ગયા વર્ષની હારનો બદલો લેવાની સોનેરી તક છે. આ મુકાબલામાં ભારતીય ટીમની ઓપનિંગ જોડી તરીકે અભિષેક શર્મા અને યુવા વિસ્ફોટક બેટ્સમેન વૈભવ સૂર્યવંશી પર સૌથી વધુ નજર રહેશે. બંને ડાબોડી બેટ્સમેનો શરૂઆતથી જ પાકિસ્તાની બોલરો પર દબાણ બનાવવાનો પ્રયાસ કરશે.

ભારતીય ટીમની કમાન તિલક વર્મા સંભાળશે, જ્યારે રિંકુ સિંહને ઉપ-કપ્તાન બનાવવામાં આવ્યો છે. ઈજાગ્રસ્ત રજત પાટીદાર ટુર્નામેન્ટમાંથી બહાર થતાં તેનાં સ્થાને આયુષ બદોનીને ટીમમાં સામેલ કરાયો છે. ટીમમાં પ્રભસિમરન સિંહ, કુમાર કુશાગ્ર, શાહબાઝ અહેમદ અને ફાસ્ટ બોલર હર્ષિત રાણા જેવા આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ક્રિકેટના અનુભવી ખેલાડીઓનું મજબૂત સંતુલન છે.

બીજી તરફ, પાકિસ્તાન શાહીન્સની કમાન અબ્દુલ સમદના હાથમાં છે. તેમની ટીમમાં મોહમ્મદ હસનૈન, હૈદર અલી, સુફિયાન મુકીમ અને રોહેલ નઝીર જેવા આંતરરાષ્ટ્રીય સ્તરે રમી ચૂકેલા ખેલાડીઓ ઉપરાંત તાજેતરમાં અંડર-૧૯ ટીમની કમાની કરનાર ફરહાન યુસુફનો પણ સમાવેશ થાય છે. થ બંને દેશો વચ્ચે ચાલી રહેલી 'નો-હેન્ડશેક' નીતિ અને મેદાન પરની કટ્ટર હરીફાઈને જોતા, દોહામાં રમાનારો આ મુકાબલો અત્યંત રોમાંચક બની રહેશે તે નિશ્ચિત છે.

ન્યુઝીલેન્ડને મોટો ઝટકો : મિચેલ સેન્ટનર ભારત સામેની ટેસ્ટ શ્રેણીમાંથી બહાર

પાંચમી વનડેમાં થયેલી ઈજા ભારે પડી ; ડીન ફોક્સક્રોફ્ટને ટીમમાં સ્થાન



ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ટી૨૦ અને વનડે શ્રેણી બાદ હવે ૧૯ નવેમ્બરથી બે મેચોની રોમાંચક ટેસ્ટ શ્રેણી શરૂ થવા જઈ રહી છે. જોકે, આ મહત્વની શ્રેણીના પ્રારંભ પહેલાં જ ન્યુઝીલેન્ડની ટીમને મોટો ફટકો પડ્યો છે.

ટીમનાં અનુભવી ઓલરાઉન્ડર અને વ્હાઇટ બોલ ફોર્મેટના કેપ્ટન મિચેલ સેન્ટનર જમણા હાથમાં ફ્રેક્ચર થવાને કારણે આખી ટેસ્ટ શ્રેણીમાંથી બહાર થઈ ગયા છે. પ્રથમ ટેસ્ટ મેચ વેલિંગ્ટન ખાતે રમાવાની છે, જ્યાં ટીમને તેમના અનુભવની ખોટ ચોક્કસપણે વર્તાશે. ભારત સામે રમાયેલી પાંચમી અને નિર્ણાયક વનડે મેચ દરમિયાન મિચેલ સેન્ટનરને હાથમાં ઈજા પહોંચી હતી. મેચ પૂરી થયા બાદ તબીબી તપાસ અને સ્કેન કરાવવામાં આવતાં તેમના જમણા હાથમાં ફ્રેક્ચર હોવાની પુષ્ટિ થઈ છે. ડોક્ટરોએ તેમને આરામ કરવાની સલાહ આપી હોવાથી તેઓ હવે ભારત સામેની બંને ટેસ્ટ મેચમાં મેદાન પર ઉતરી શકશે નહીં. સેન્ટનરના બહાર થયા બાદ ન્યુઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે તેમના સ્થાને સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટ્સના સ્પિન બોલિંગ ઓલરાઉન્ડર ડીન ફોક્સક્રોફ્ટનો ટેસ્ટ ટીમમાં સમાવેશ કર્યો છે. ફોક્સક્રોફ્ટે આ જ વર્ષે મે મહિનામાં બેલફાસ્ટ ખાતે આયર્લેન્ડ સામે પોતાની પ્રથમ અને એકમાત્ર ટેસ્ટ મેચ રમી હતી. પોતાના ડેબ્યુ મુકાબલાની પ્રથમ ઈનિંગમાં તેમણે સાતમા ક્રમે બેટિંગ કરતા ૧૨૯ બોલમાં શાનદાર ૯૮ રન ફટકારીને પોતાની ક્ષમતા સાબિત કરી હતી, જેના કારણે ટીમ મેનેજમેન્ટને તેમની પાસેથી સારા પ્રદર્શનની અપેક્ષા છે. ટોમ લેથમ (કેપ્ટન), ટોમ બ્લંડેલ, ડેવોન કોનવે, જેકબ ડફી, મેટ હેનરી, કાઈલ જેમિસન, ડેરિલ મિચેલ, હેનરી નિકોલ્સ, ગ્લેન ફિલિપ્સ, રચિન રવીન્દ્ર, ડીન ફોક્સક્રોફ્ટ, નાથન સ્મિથ, બ્લેર ટિકનર અને વિલ યંગ.

અંડર-૧૯ એશિયા કપમાં શાનદાર પ્રદર્શન બાદ સેહવાગ પરિવાર બાગેશ્વર ધામની મુલાકાતે

પાકિસ્તાન સામેની જીત બાદ પુત્ર આર્યવીર સાથે બાગેશ્વર ધામ પહોંચ્યા વીરેન્દ્ર સેહવાગ ; ધીરેન્દ્ર શાસ્ત્રીના લીધાં આશીર્વાદ



અંડર-૧૯ એશિયા કપ ૨૦૨૬ માં ભારતને ચેમ્પિયન બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર આર્યવીર સેહવાગ હાલ ચર્ચામાં છે. ટૂર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યા બાદ પૂર્વ ભારતીય વિસ્ફોટક બેટ્સમેન વીરેન્દ્ર સેહવાગ પોતાના બંને પુત્રો આર્યવીર અને વેદાંત સાથે બાગેશ્વર ધામ પહોંચ્યા હતા.

અહીં તેમણે પીઠાધીશ્વર પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી સાથે મુલાકાત કરીને તેમના આશીર્વાદ મેળવ્યા હતા, જેની તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. આર્યવીર સેહવાગે અંડર-૧૯ એશિયા કપ ૨૦૨૬ માં અદ્ભુત રમતનું પ્રદર્શન કર્યું હતું. પાકિસ્તાન સામે રમાયેલી ફાઈનલ મેચમાં તેણે ૬૧ બોલમાં ૫૮ રન બનાવીને ૩૩૮ રનના વિશાળ લક્ષ્યનો પીછો કરવા માટે ભારતને મજબૂત શરૂઆત અપાવી હતી. સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન આર્યવીરે પાંચ મેચમાં ૯૦.૨૫ની સરેરાશ અને ૯૫ થી વધુના સ્ટ્રાઈક રેટથી કુલ ૩૬૧ રન ફટકાર્યા હતા, જેમાં એક સદી અને ત્રણ અડધી સદી સામેલ છે.

ટૂર્નામેન્ટમાં સૌથી વધુ ૧૬ છગ્ગા ફટકારનાર બેટ્સમેન પણ આર્યવીર જ રહ્યો હતો, જેના કારણે તેને 'પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ' જાહેર કરવામાં આવ્યો હતો. ફાઈનલ જીત્યાં બાદ વીરેન્દ્ર સેહવાગે આર્યવીર સાથેની વીડિયો કોલની ક્લિપ શેર કરી હતી, જેમાં આર્યવીરે જણાવ્યું હતું કે, અંતિમ ઓવરમાં તે ખૂબ જ નર્વસ હતો અને પોતાની જાતને શાંત રાખવા માટે સતત 'સીતારામ-સીતારામ'નો જાપ કરી રહ્યો હતો. આર્યવીરે રમૂજી અંદાજમાં એ પણ ખુલાસો કર્યો હતો કે, જ્યારે તે બેટિંગ કરી રહ્યો હતો ત્યારે સ્ટેડિયમમાં હાજર કેટલાક પાકિસ્તાની સમર્થકો 'સેહવાગ-સેહવાગ'ના નારા લગાવી રહ્યાં હતાં.

આ તકે વીરેન્દ્ર સેહવાગે ભાવુક થઈને લખ્યું હતું કે, કેટલીક ક્ષણો ટ્રોફી, રન અને એવોર્ડ કરતાં પણ મોટી હોય છે અને એક પિતા માટે પુત્ર સાથે જોડાયેલી આવી યાદો હંમેશાં ખાસ રહે છે.

રોહિત શર્માના ખરાબ પ્રદર્શનથી પસંદગીકારોની ચિંતા વધી



ન્યુઝીલેન્ડ સામે હાલમાં જ સમાપ્ત થયેલી પાંચ મેચોની વનડે શ્રેણી ભલે ભારતીય ટીમે ૩-૧થી જીતી લીધી હોય, પરંતુ ઓપનર રોહિત શર્માના ખરાબ પ્રદર્શનથી મુખ્ય પસંદગીકાર પ્રજ્ઞાન ઓઝાની ચિંતા વધી ગઈ છે. હવે સવાલો ઉઠવા લાગ્યા છે કે શું રોહિત ૨૦૨૭ વનડે વિશ્વ કપ માટે યોગ્ય છે કે પછી તેમના સ્થાને કોઈ યુવા બેટ્સમેનને તક મળવી જોઈએ?

પસંદગીકારોની નજર હવે આવતાં મહિને શરૂ થનારી ઘરેલું વનડે ટૂર્નામેન્ટ વિજય હજારે પર છે, જેમાં રોહિત શર્મા મુંબઈની ટીમ તરફથી રમતા નજરે આવશે.

આગામી આઈસીસી વનડે વિશ્વ કપ આવતાં વર્ષે દક્ષિણ આફ્રિકામાં રમાવાનો છે, જ્યાંની પિચ અને પરિસ્થિતિઓ લગભગ ન્યુઝીલેન્ડ જેવી જ હશે. આ પિચો પર બોલરોને સ્વિંગની સાથે-સાથે સારો ઉછાળ પણ મળશે, જેના કારણે રોહિત માટે મુશ્કેલીઓ વધી શકે છે.



શું ધોની વિના આગળ વધશે ચેન્નાઈ સુપર કિંગ્સ?

આજે ધોનીના ભવિષ્યનો નિર્ણય લેવાશે, રિટેન્શન લિસ્ટમાં નામ આવ્યું તો રમશે આઈપીએલ ૨૦૨૭, નહીં તો સફર ખતમ

ઈન્ડિયન પ્રીમિયર લીગ(IPL)ની આગામી સિઝન માટે આજનો દિવસ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. લીગની તમામ ૧૦ ફ્રેન્ચાઈઝીઓએ મંગળવાર સાંજ સુધીમાં IPL ૨૦૨૭ માટે પોતાના રિટેન ખેલાડીઓની યાદી જાહેર કરવાની છે. આ દિવસ ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) અને ટીમના પૂર્વ કેપ્ટન એમએસ ધોની માટે ખૂબ જ ખાસ છે. IPL ૨૦૨૭ માટે તમામ ૧૦ ફ્રેન્ચાઈઝી કયા ખેલાડીઓને રિટેન કરશે અને કયા ખેલાડીઓને રિલીઝ કરશે, તેના પર ક્રિકેટ વિશ્લેષકો અને ચાહકોની નજર ટકેલી છે. જોકે, સૌથી વધુ ઉત્સુકતા CSKની રિટેન કરાયેલા ખેલાડીઓની યાદી પર છે, જેનું મુખ્ય કારણ એમએસ ધોની છે.

CSKના પૂર્વ કેપ્ટન એમએસ ધોની ઈજાના કારણે IPL ૨૦૨૬માં એક પણ મેચ રમી શક્યા નહોતા. ધોનીએ IPLની આગામી સિઝનમાં રમવા કે ન રમવા અંગે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. CSK તરફથી પણ ધોનીના રમવા કે ન રમવા અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. ધોની ૪૫ વર્ષના થઈ ચૂક્યા છે અને આગામી ૭ જુલાઈએ તેઓ ૪૬ વર્ષના થશે.

ક્રિકેટ વર્ષોવર્ષ વધુ ઝડપી બની રહ્યું છે અને IPLનું સ્તર પણ ઝડપથી વધી રહ્યું છે. આવી સ્થિતિમાં આગામી IPL સુધીમાં લગભગ ૪૬ વર્ષના થનારા ધોની શું રમવા માટે તૈયાર છે? શું તેઓ રમવા માંગે છે? આ સવાલોના જવાબ અત્યાર સુધી મળી શક્યા નહોતા, પરંતુ CSKની રિટેન્શન લિસ્ટથી આ ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

આજે જાહેર થનારી CSKની રિટેન્શન લિસ્ટમાં જો ધોનીનું નામ હશે, તો આગામી સિઝનમાં તેમના રમવાની શક્યતા જળવાઈ રહેશે. જો નામ નહીં હોય, તો આંતરરાષ્ટ્રીય કારકિર્દી બાદ ધોનીની IPLની યાદગાર સફરનો પણ અંત આવી શકે છે. આ જ કારણસર ધોનીને લીધે તમામ ૧૦ ફ્રેન્ચાઈઝીઓની યાદીમાં સૌથી વધુ રાહ CSKની રિટેન્શન લિસ્ટની જોવાઈ રહી છે.

એમએસ ધોની CSKનો સૌથી મોટો ચહેરો છે. તેમની કેપ્ટનશિપ હેઠળ CSKએ ૫ વખત IPLનો ખિતાબ જીત્યો છે. ટીમ માટે સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓની યાદીમાં પણ ધોનીનું નામ બીજા ક્રમે છે. ૨૦૦૮થી ૨૦૨૫ દરમિયાન તેમણે ૨૭૨ મેચની ૨૩૮ ઈનિંગ્સમાં ૯૯ વખત અણનમ રહીને ૫,૩૧૪ રન બનાવ્યા છે. આ દરમિયાન તેમણે ૨૩ હાફ સેન્ચ્યુરી ફટકારી છે.



સુરતમાં ગઈકાલે પૂ.જલારામ બાપાની ૨૨૭મી જન્મ જયંતિની ઠેર-ઠેર ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શહેરના વિવિધ વિસ્તારોમાં દિવસભર જાહેર ભંડારો, શોભાયાત્રા, અન્નકુટ દર્શન અને ભજન-કિર્તનના કાર્યક્રમો યોજાયા હતા. (તસવીર : પ્રદીપ ગોહિલ)

રાજુલા તાલુકામાં આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાશે પ્રાકૃતિક ખેતી પરીસંવાદ

રાજ્યપાલશ્રીના બે દિવસીય પ્રવાસને લઈને સમૂહખેતી ગામમાં ઉત્સવ જેવો માહોલ; ભગવાનબાપાની પૂર્ણ કદની પ્રતિમાનું થશે અનાવરણ

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનું સમૂહખેતી ગામ આગામી ૧૭ અને ૧૮ નવેમ્બર, ૨૦૨૬ના રોજ એક ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ પ્રસંગનું સાક્ષી બનવા જઈ રહ્યું છે. સમૂહખેતીના વિચારબીજ વાવનાર, ખેડૂત હિતના પ્રખર હિમાયતી અને પૂર્વ ધારાસભ્ય સ્વ. ભગવાનબાપા કસવાલા દ્વારા નિર્મિત આ ગામની પવિત્ર ધરતી પર ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી બે દિવસીય પ્રવાસે પધારશે.

રાજ્યપાલશ્રીની વિશેષ ઉપસ્થિતિમાં અહીં 'પ્રાકૃતિક ખેતી સંવાદ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાકૃતિક ખેતીના પ્રચાર-પ્રસાર, ખેડૂતોના અનુભવો અને ખેતીના ભવિષ્ય અંગે વિચારવિમર્શ આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહેશે. સમૂહખેતી ગામ માટે આ પ્રવાસ માત્ર એક સરકારી કાર્યક્રમ નહીં, પરંતુ ગામના ઇતિહાસ, ગૌરવ અને કૃષિ સંસ્કૃતિ સાથે જોડાયેલો ઉત્સવ સમાન અવસર બની રહ્યો છે. રાજ્યપાલશ્રીના આગમનને લઈને સમગ્ર ગામમાં ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે.સમૂહખેતીના પ્રણેતા અને પૂર્વ ધારાસભ્ય સ્વ. ભગવાનબાપા કસવાલાએ ખેડૂત સમાજના હિત, સામૂહિક વિકાસ અને ગ્રામ્ય સ્વાવલંબનના ઉમદા વિચાર સાથે સમૂહખેતી ગામનું નિર્માણ કર્યું હતું. તેમના આજીવન યોગદાન અને પ્રેરણાદાયી સ્મૃતિને કાયમી અંજલિ અર્પવાના હેતુથી રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે સમૂહખેતી પ્રાથમિક શાળા સામે સ્થાપિત ભગવાનબાપાની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવશે.

સમૂહખેતી ગામના નિર્માણ અને વિકાસમાં મહત્વપૂર્ણ સહયોગ આપનાર સ્વ. ગોવિંદબાપા પરસાણાના સ્મરણાર્થે 'ગોવિંદ સરોવર'નું ભૂમિપૂજન પણ મહામહિમ રાજ્યપાલશ્રીના હસ્તે કરવામાં આવશે. આ જળસંચયનું કાર્ય ગામની સ્મૃતિ, જળસંરક્ષણ અને ભાવિ પેઢીઓના હિત સાથે જોડાયેલું એક મહત્વપૂર્ણ પગલું બની રહેશે.આ કાર્યક્રમમાં પ્રાકૃતિક ખેતી અપનાવી રહેલા પ્રગતિશીલ ખેડૂતો પોતાના અનુભવો, સફળતાની વાતો અને પ્રાકૃતિક ખેતીથી થયેલા લાભો અંગે પ્રતિભાવ રજૂ કરશે. રાજ્યપાલશ્રી ખેડૂતો સાથે સીધો સંવાદ કરી પ્રાકૃતિક ખેતીના વ્યાપક અમલીકરણ અંગે માર્ગદર્શન અને પ્રેરણા આપશે.

આ ઉપરાંત ગામમાં વૃક્ષારોપણ, ખેત તલાવડી, ગૌશાળાની મુલાકાત, ગૌપૂજન, સ્વચ્છતા અભિયાન તથા પ્રગતિશીલ ખેડૂતોના મોડેલ ફાર્મની મુલાકાત સહિતના કાર્યક્રમો પણ યોજાશે. આ બે દિવસીય કાર્યક્રમમાં રાજ્યના મંત્રીશ્રીઓ શ્રી જીતુભાઈ વાઘાણી, શ્રી કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્યશ્રીઓ શ્રી હીરાભાઈ સોલંકી, શ્રી મહેશ કસવાલા, શ્રી જે.વી. કાકડિયા, શ્રી જનકભાઈ તળાવીયા તથા જિલ્લા પંચાયતનાં અધ્યક્ષાશ્રીમતી દક્ષાબેન ચોડવડિયા સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે સ્વ. ભગવાનબાપા કસવાલાના પૌત્ર અને સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશ કસવાલાનું પણ આ સમૂહખેતી ગામ વતન છે. તેમના માટે આ પ્રસંગ દાદાશ્રીના વિચારો, સંકલ્પો અને ખેડૂત કલ્યાણના વારસાને નવી પેઢી સુધી પહોંચાડવાની ભાવનાત્મક અને ગૌરવપૂર્ણ ક્ષણ બની રહેશે. સમૂહખેતીના પાયામાં રહેલો સામૂહિક વિકાસનો વિચાર અને પ્રાકૃતિક ખેતી દ્વારા ધરતી, પર્યાવરણ તથા ખેડૂતના કલ્યાણની ભાવના એકસાથે સાકાર થાય તેવા ઉમદા હેતુ સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ભગવાનબાપાએ વાવેલા સમૂહખેતીના વિચારબીજને પ્રાકૃતિક ખેતીના માધ્યમથી નવી પેઢી સુધી પહોંચાડવાનો આ પ્રસંગ સમૂહખેતી ગામ માટે ગૌરવ, ગૌરવશાળી વારસાનું સ્મરણ અને ઉજ્જવળ કૃષિ ભવિષ્યની નવી આશા બની રહેશે.

ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સજા કરતી પલસાણા કોર્ટ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૭

વરાછા કો-ઓપરેટીવ બેંકના ચેક રિટર્ન કેસમાં પલસાણા કોર્ટે આરોપીને એક વર્ષની સજા ફટકારી હતી. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના' અંતર્ગત કારીગરના પગાર અને ભાડા માટે આરોપી રાજેશ દેવાયત ધાણકએ કડોદરા શાખાની ધી વરાછા કો.ઓ. બેંક લી. પાસેથી રૂા. ૧,૦૦,૦૦૦ની લોન મેળવી હતી. જો કે, લોન નિયમિત ન ભરતા આરોપીએ બેંકને આપેલ ચેક જમા કરાવતા રિટર્ન થયો હતો. જેથી બેંક દ્વારા વકીલ રમેશ વી. સાનેપરા મારફતે રાજેશ વિરુદ્ધ પલસાણાની કોર્ટમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસની સુનાવણી દરમિયાન ફરિયાદી વકીલ સાનેપરાની રજૂઆતોને ધ્યાને રાખી કોર્ટે આરોપીને તક્સીરવાર ઠેરવ્યો હતો. કોર્ટે આરોપીને ૧ વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી.

પાંડેસરામાં અજાણ્યા વાહનની અડફેટમાં વૃદ્ધનું કરૂણ મોત

૬ દિવસની સારવાર દરમિયાન ઈજાગ્રસ્ત વૃદ્ધનું મોત

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭

સુરતના પાંડેસરા વિસ્તારમાં અજાણ્યા વાહન ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારી રસ્તા પરથી પસાર થઈ રહેલા આશરે ૬૦ વર્ષીય અજાણ્યા વૃદ્ધને અડફેટે લેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં વૃદ્ધને માથા અને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ વાહન ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

પોલીસ ફરિયાદ મુજબ, ગત તા.૧૦ નવેમ્બર ૨૦૨૬ના રોજ બપોરે આશરે ૧૨:૧૫ વાગ્યાના અરસામાં પાંડેસરા તેરેનામ ચોકડીથી પિયુષ પોઈન્ટ તરફ જતા જાહેર માર્ગ પર આ અકસ્માત બન્યો હતો. આશરે ૬૦ વર્ષના અજાણ્યા પુરુષને કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાના કબજાનું વાહન પૂરઝડપે અને બેદરકારીપૂર્વક હંકારી લાવી અડફેટે લીધા હતા. જેના કારણે વૃદ્ધને માથા તથા મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી.

સુરક્ષિત બહાર કાઢીને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

ઋષિકેશ-બદ્રીનાથ હાઈવે પર બસ પુલ પરથી પાણીમાં પડી સોમવારની ઘટના બાદ મંગળવારે ઋષિકેશ-બદ્રીનાથ હાઈવે પર ગૂલર બજાર પાસે વધુ એક મોટો અકસ્માત સર્જાયો હતો. અહીં મુસાફરોથી ભરેલી એક બસ બેકાબૂ બનીને પુલ પરથી આશરે ૧૦૦ મીટર નીચે પાણીમાં ખાબકી હતી. આ બસમાં અંદાજે ૩૦થી ૩૫ લોકો સવાર હતા. આ દુર્ઘટનામાં કુલ ૮ લોકોના મોત થયા છે, જેમાં ૭ લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ થયા હતા જ્યારે એક વ્યક્તિએ એઈમ્સ (છૈંસ્જી)માં સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. આ અકસ્માતમાં ૧૮ લોકો ઘાયલ થયા છે, જેમને હાલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. ઘટનાસ્થળે રાહત અને બચાવ કામગીરી ચાલુ બીજી તરફ ઘટનાની જાણ થતાં જ જીઢ્ઢઈદ્ધ પોસ્ટ વ્યાસી અને ઢાલવાલાની ટીમો તાત્કાલિક કામે લાગી ગઈ હતી. જીઢ્ઢઈદ્ધના કમાન્ડન્ટના આદેશ અનુસાર બચાવ કામગીરીને વેગ આપવા માટે વધારાની ટીમો પણ મોકલવામાં આવી છે. હાલમાં ઘટનાસ્થળે પોલીસનો મોટો કાફલો તૈનાત છે અને તંત્ર દ્વારા આ ગંભીર અકસ્માતના ચોક્કસ કારણોની તપાસ કરવામાં આવી રહી છે.

વિશ્વ માર્ગ

પેજ-૨ પાનાનું ચાલુ

કરવામાં આવશે. સંસ્થાના સેક્રેટરી ડૉ. આર્યન દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકો તથા તેમના પરિવારજનો અંગે જરૂરી સંકલન કામગીરી કરવામાં આવી હતી અને અકસ્માત પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં જિલ્લા કોર્ટ, સુરતના પેરા લીગલ વોલિયેન્ટર (PLV) શ્રી સતીશ પટેલ, શ્રીમતી કેતકીબેન, શ્રીમતી રેણુકાબેન, શ્રીમતી હર્ષાબેન તથા શ્રીમતી કાંતાબેન ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પણ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ ઉપરાંત સુરત ગ્રામ્ય પોલીસ તથા સુરત શહેર ટ્રાફિક પોલીસ તરફથી સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી શ્યામગીરી ગોસ્વામી, શ્રીમતી ભારતીબેન વેગડ, પોલીસ કોન્સ્ટેબલ તથા ટ્રાફિક બ્રિગેડના જવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન માર્ગ અકસ્માતમાં પોતાના પરિવારજનોને ગુમાવનાર પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરવામાં આવી હતી તથા પરિવારજનોને સાંત્વના આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં એ સંદેશ આપવામાં આવ્યો કે માર્ગ અકસ્માત માત્ર એક વ્યક્તિનો જીવ નથી લેતો, પરંતુ સમગ્ર પરિવારના જીવનને અસર કરે છે. તેથી દરેક નાગરિકે માર્ગ પર જવાબદારીપૂર્વક વાહન ચલાવીને અકસ્માત નિવારણમાં પોતાનું યોગદાન આપવું જોઈએ.

અંતે તમામ ઉપસ્થિત લોકોએ રોડ સેફ્ટી—જીવન રક્ષાનો સંકલ્પ લીધો અને માર્ગ સલામતી અંગે જાગૃતિ ફેલાવવાના સંદેશ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

"માર્ગ અકસ્માત માત્ર એક આંકડો નથી—દરેક અકસ્માત પાછળ એક પરિવારનું દુ:ખ, એક અધૂરું સપનું અને અનેક આશાઓ છુપાયેલી હોય છે. ચાલો, સલામતીથી વાહન ચલાવીએ અને કોઈ પરિવારને ઉજડતો અટકાવીએ."

ખેડૂતોને
પેજ-૨ પાનાનું ચાલુ

લેવામાં નહીં આવે તો ભવિષ્યમાં પણ ખેડૂતોને પાકના નુકસાન સાથે જાનમાલનું જોખમ સહન કરવું પડી શકે છે. આથી સંબંધિત અધિકારીઓ ખેડૂતોની રજૂઆતને ગંભીરતાથી લઈ કાયમી ઉકેલ લાવે તેવી માંગ પ્રબળ બની છે.

માંડવી ખાતે
પેજ-૨ પાનાનું ચાલુ

માટે પ્રેરણારૂપ છે. સાથે જ સરકાર દ્વારા આદિજાતિ સમાજના ઉત્થાન માટે શરૂ કરાયેલી વન બંધુ કલ્યાણ સહિતની અનેક યોજનાઓ વિશે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા ધો.૧૨ પછીના અભ્યાસ માટે તેમજ ડૉક્ટર, ઈજનેર કે પાયલોટ બનવા માટે સરકાર દ્વારા લાખો રૂપિયાની આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે, જેનો લાભ લઈને અનેક યુવાનો આજે વિવિધ ક્ષેત્રોમાં ઝળહળતી કારકિર્દી બનાવી શક્યા છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનને દોહરાવતા પૂર્વ સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટે જણાવ્યું હતું કે, એક મહિલા એટલે આખું કુટુંબ, સમગ્ર પરિવારના સર્વાંગી વિકાસ માટે સરકાર દ્વારા અસંખ્ય લોકકલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. છેવાડા વિસ્તારમાં વસતા આદિવાસી પરિવાર સરકારી યોજનાઓના લાભથી વંચિત ન રહેવો જોઈએ. આ માત્ર રાજકીય કાર્યકર્તાઓ કે જનપ્રતિનિધિઓની સાથે સમાજનું સંયુક્ત નૈતિક કર્તવ્ય છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આદિવાસી બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે શ્રેષ્ઠ શિક્ષણ, શિષ્યવૃત્તિ અને લોનની જેવી અનેક યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે.

વધુમાં તેમણે કહ્યું હતું કે, ઘર-પરિવાર સંભાળતી બહેનો ઘર બેઠા આત્મનિર્ભર અને સ્વાવલંબી બને તે માટે વિશેષ તાલીમ, લોન અને આર્થિક વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે, જરૂરિયાતમંદ પરિવારોને સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી આપવી જોઈએ અને તેમને તેનો મહત્તમ લાભ અપાવવામાં સહભાગી બનવા સૌને અનુરોધ કર્યો હતો. મહાનુભાવોએ સુરત જિલ્લાના જનજાતિ વિસ્તારના સર્વાંગી વિકાસ, આદિવાસી સંસ્કૃતિના જતન અને રાષ્ટ્રના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભગવાન બિરસા મુંડાના અતુલ્ય યોગદાન વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. સુરત જિલ્લાના જનજાતિ સમાજ અને પ્રબુદ્ધ નાગરિકોને આદિજાતિ વિકાસ મંત્રાલયની વિવિધ યોજનાની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

નવસારી જિલ્લાના ટાંકલ ગામે બિરસા મુંડાજીની પ્રતિમાનું અનાવરણ કરાયું

નવસારી, તા.૧૭

ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે સમગ્ર દેશમાં જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના ટાંકલ ગામ ખાતે ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાનું રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલના વરદહસ્તે ભવ્ય અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમગ્ર ગામમાં ઉત્સવ જેવો માહોલ સર્જાયો હતો અને મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોએ આ ઐતિહાસિક ક્ષણને હર્ષોલ્લાસ સાથે વધાવી હતી.

આ પ્રસંગે મંત્રીશ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ધરતી આબા ભગવાન બિરસા મુંડાજી માત્ર આદિવાસી સમાજના જ નહીં, પરંતુ સમગ્ર દેશના ગૌરવ અને પ્રેરણાના પ્રતીક છે. તેમણે આદિવાસી સમાજના હક, અધિકાર, જળ, જંગલ અને જમીનના રક્ષણ માટે અંગ્રેજ શાસન સામે અદમ્ય સાહસ અને સંઘર્ષ સાથે લડત આપી હતી. તેમનું જીવન આપણને સ્વાભિમાન, એકતા, સંઘર્ષ અને સમાજના ઉત્થાન માટે સમર્પિત રહેવાની પ્રેરણા આપે છે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાનું અનાવરણ એ માત્ર એક પ્રતિમાની સ્થાપના નથી, પરંતુ આવનારી પેઢીઓને આપણા ગૌરવશાળી ઇતિહાસ, આદિવાસી સંસ્કૃતિ અને મહાન સ્વાતંત્ર્ય સેનાનીના બલિદાનથી પરિચિત કરાવવાનો ઉમદા પ્રયાસ છે. આવા સ્મારકો યુવાનોમાં સમાજ પ્રત્યે ગૌરવ, રાષ્ટ્રભાવના અને પોતાના વારસાના જતન માટેની ભાવનાને વધુ મજબૂત બનાવશે.

પાના નં.૮નું શરૂ
સચીન પોલીસે

નેતૃત્વ હેઠળ અને પો.સબ ઇન્સ્પેક્ટર એન.ડી. ડામોરના માર્ગદર્શન હેઠળ સચીન પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન એએસઆઈ ઈન્દ્રજીતસિંહ અમરસંગ વનારને મળેલી બાતમીના આધારે પોલીસે સચીન-મોઢીણી-નિયોલ રોડ પર બુલેટ ટ્રેનના થાંભલા નંબર ૨૬૧ પાસે વોચ ગોઠવી હતી.

દરમિયાન સફેદ કલરની જીજે-૧૨-એફએ-૭૦૦૧ નંબરની આઈ-૨૦ કારમાંથી દારૂનો જથ્થો મળી આવતાં પોલીસે કારચાલક ચીરાગ પ્રહલાદભાઈ પરમાર (ઉં.વ.૨૪, રહે. વિહતનગર, કડોદરા ચાર રસ્તા)ને ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન કારમાંથી અલગ અલગ બ્રાન્ડની નાની-મોટી દારૂની ૧૮૦૦ બોટલ અને બિયરના ૫૫૨ ટીન મળી કુલ ૨૩૫૨ નંગ મળી આવ્યા હતા. જેની કિંમત રૂ.૪,૬૨,૦૦૦ થાય છે. આ ઉપરાંત રૂ.૬ લાખની કાર અને રૂ.૫ હજારનો મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧૦,૬૭,૦૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

કામરેજ તાલુકાના અરેઠ-બૌધાન-ધલા રસ્તાને ભગવાન બિરસા મુંડા પંથ તરીકે નામકરણ કરાયું

જળ, જંગલ અને જમીનની રક્ષા માટે સર્વોચ્ચ બલિદાન આપનાર ભગવાન બિરસા મુંડાઃ સાંસદ પ્રભુભાઈ વસાવા

સુરત, તા.૧૭

ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રનિર્માણમાં આદિજાતિ સમાજના ગૌરવપૂર્ણ યોગદાનને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે યોજાઈ રહેલા 'જનજાતીય ગૌરવ સપ્તાહ' અંતર્ગત સુરત જિલ્લાના કામરેજ તાલુકાના સામપુરા ખાતે સાંસદ પ્રભુભાઈ વસાવા તથા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી સમીરભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય જનજાતિ ગૌરવ દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પ્રારંભમા વિહાણ ચોકડીથી સામપુરા સુધી ભવ્ય રેલી પણ યોજાઈ હતી.

આ અવસરે સાંસદ પ્રભુભાઈ વસાવાએ બિરસા મુંડાનું જીવન અને બલિદાનને વર્ણવતા જણાવ્યું હતું કે, ઝારખંડના ઉલિહાતુ ગામમાં ૧૫ નવેમ્બર ૧૮૭૫ના રોજ જન્મેલા ભગવાન બિરસા મુંડાએ માત્ર ૨૫ વર્ષની નાની વયે અંગ્રેજો સામે લડતા લડતા સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું. આદિવાસી સમાજમાં જન્મેલા અને દેશ માટે ખુમારી દાખવનાર ભગવાન બિરસા મુંડાએ અંગ્રેજો સામે અનેક લડતો આપી હતી. તેમણે આપણો દેશ, આપણું રાજ અને "જય જોહાર હમારા નારા હૈ, ભારત દેશ હમારા હૈ" જેવા સૂત્રો આપીને દેશ પ્રત્યેનો અજોડ આદરભાવ અને સ્વાભિમાન જાગૃત કર્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈ મોદીએ આદિવાસી સમાજના રાષ્ટ્રપ્રેમ અને યોગદાનને યાદ કરી, ભગવાન બિરસા મુંડાની ૧૫મી નવેમ્બરની જન્મજંયતીને 'રાષ્ટ્રીય જનજાતિ ગૌરવ દિવસ' તરીકે ઘોષિત કરી છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા આદિવાસી સમાજને કેન્દ્રમાં રાખી અનેક લોકકલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી હોવાનું જણાવ્યું હતું. આ અવસરે વડાપ્રધાનશ્રીના ગઢચિરોલી ખાતેથી જનજાતીય ગૌરવ દિવસનું લાઈવ સંબોધન પ્રસારણ સૌએ નિહાળ્યું હતું. આ અવસરે મહાનુભાવોના હસ્તે આદિવાસી સમાજના લાભાર્થીઓને આવાસ, કુંવરબાઈનું મામેરું, ગંગા સ્વરૂપા આર્થિક સહાય, નિરાધાર આર્થિક સહાય જેવી યોજનાઓના લાભોનું વિતરણ કરાયું હતું.

THE BARODA RAYON CORPORATION LIMITED

Reg. Office: P.O. Baroda Rayon, Fatehnagar, Udhna, Dist. Surat-394220 (T) 0261-2899555 Email-admin@brcl.in

CIN – L45100GJ1958PLC000892 website-www.brcl.in.

ભૌતિક શેરના ટ્રાન્સફર અને ડિમટીરિયલાઇઝેશન માટે ખાસ વિન્ડો

SEBI ના પરિપત્ર ક્રમાંક HO/૩૮/૧૩/૧૧(૨)૨૦૨૬-MIRSD-POD/I/૩૭૫૦/૨૦૨૬ તારીખ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ અનુસાર, બધા શેરધારકોને આથી જાણ કરવામાં આવે છે કે એપ્રિલ ૦૧, ૨૦૧૯ પહેલાં વેચાયેલી/ખરીદી કરેલી ભૌતિક સિક્યોરિટીઝના ટ્રાન્સફર અને ડિમટીરિયલાઇઝેશન ("ડીમેટ") માટે ફેબ્રુઆરી ૦૫, ૨૦૨૬ થી ફેબ્રુઆરી ૦૪, ૨૦૨૭ સુધી એક વર્ષના સમયગાળા માટે એક ખાસ વિન્ડો ખોલવામાં આવશે. ઉપરોક્ત ખાસ વિન્ડો આવી ટ્રાન્સફર વિનંતી માટે પણ ઉપલબ્ધ રહેશે જે અગાઉ સબમિટ કરવામાં આવી હતી અને દસ્તાવેજો/પ્રક્રિયા/અથવા અન્યથા ખામીને કારણે નકારવામાં આવી હતી/પરત કરવામાં આવી હતી/ધ્યાનમાં લેવામાં આવી ન હતી. વધુમાં, આ રીતે ટ્રાન્સફર કરાયેલી સિક્યોરિટીઝ ફરજિયાતપણે ફક્ત ડીમેટ મોડમાં ટ્રાન્સફર કરનારને જમા કરવામાં આવશે અને ટ્રાન્સફરની નોંધણીની તારીખથી એક વર્ષના સમયગાળા માટે લોક-ઈન હેઠળ રહેશે. ઉપરોક્ત લોક-ઈન સમયગાળા દરમિયાન આવી સિક્યોરિટીઝ ટ્રાન્સફર/લીન-માર્ક/ગીરવે મૂકવામાં આવશે નહીં. આ વિન્ડો હેઠળ ટ્રાન્સફર કરનાર અને ટ્રાન્સફર કરનાર વચ્ચેના વિવાદો અને ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF) માં ટ્રાન્સફર કરાયેલી સિક્યોરિટીઝને લગતા કેસોને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

શેરધારકોને આ તકનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે કે તેઓ મૂળ સુરક્ષા પ્રમાણપત્ર, શેર ટ્રાન્સફર ડીડ, ક્લાયન્ટ માસ્ટર લિસ્ટ (CML) અને ઉપરોક્ત સેબી પરિપત્રમાં સૂચિબદ્ધ અન્ય તમામ દસ્તાવેજો કંપનીના રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ ("RTA") એટલે કે એમયુએફજી ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, સી-૧૦૧, ૨૪૭ પાર્ક, એલબીએસમાર્ગ, વિક્રોલી વેસ્ટ, મુંબઈ ૪૦૦૦૮૩ (મહારાષ્ટ્ર) ને સુપરત કરે.

કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, શેરધારકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ RTA ને investro.helpdesk@in.mpms.mufg.com પર અથવા કંપનીને www.brcl.in પર સેવા વિનંતી કરે.

તારિક : ૧૬/૧૧/૨૦૨૬ ફોર ધી બરોડા રેયોન કોર્પોરેશન લિમિટેડ
સ્થળ : સુરત સહી/- કુંજલદેસાઈ કંપનીસેક્રેટરી

હવાઈ સેવા ખોરવાયા
પહેલા પાનાનું ચાલુ

થોડા વખતમાં સેવા ઉપલબ્ધ બની જવાની આશા છે.સુત્રોના કહેવા પ્રમાણે અમેરિકી સમય મુજબ સવારે ૯ વાગ્યાથી બેંકીંગ સેવામાં વિક્ષેપ શરૂ થયો હતો. ચેઝ બેંક પર સૌથી વધુ અસર હતી અને તેને સેંકડો ફરીયાદો મળી હતી. ગ્રાહકો બેંક બેલેન્સ કે ટ્રાન્ઝેકશન ઓનલાઈન નિહાળી શકતા ન હતા તેવી જ રીતે લોગ ઈન પણ થઈ શકતુ નથી. નાણાં ટ્રાન્સફર કરવામાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો.ડાઉન રીએકટરનાં રીપોર્ટ પ્રમાણે બેંક ઓફ અમેરિકામાં પણ સેંકડો ફરીયાદો હતી. યુએસ બેંક, વેલ્સ કાર્ગો, કેપીટલ વન, પેમેન્ટ નેટવર્ક જેલ જેવી અન્ય બેંકોમાં પણ વ્યાપક ફરીયાદો હતી.અમેરિકામાં છેલ્લા એક સમાહમા ટેકનોલોજીમાં વિક્ષેપની આ ત્રીજી ઘટના છે આ પૂર્વે ગત શુક્રવારે એર ટ્રાફીક કન્ટ્રોલ ફેલ થતાં સમગ્ર દેશની ફલાઈંગ અટકાવી દેવામાં આવી હતી. સાડા ચાર કલાક સુધી વિમાનોને ગ્રાઉન્ડેડ રાખવામાં આવ્યા હતા. આ ઘટનાનાં ચાર દિવસ પછી પણ હજુ વિમાની સેવા સંપૂર્ણ નોર્મલ થઈ શકી નથી, ઉપરાંત માઈક્રોસોફટમાં સર્જાયેલા આઉટેજથી પણ અબજો રૂપિયાનો ફટકો પડયો હતો.બેંકો દ્વારા ગ્રાહકોને એવી સલાહ આપવામાં આવી હતી કે અર્જટ નાણાંકીય વ્યવહાર માટે બેંકની જ અધિકૃત સહાયતા કેન્દ્રનો સંપર્ક કરે અને શંકાસ્પદ કે અજાણી લીંકથી દુર રહે.આ ઉપરાંત પેમેન્ટ કે નાણાં ટ્રાન્સફર પૂર્વે અગાઉના વ્યવહાર ચેક કરવામાં આવે. પાસવર્ડ પીન કે ઓટીપી ગુમ રાખવામાં આવે.

ઉત્તરાખંડમાં બે
પહેલા પાનાનું ચાલુ

જવાનોએ રાત્રે મોડા સુધી રાહત અને બચાવ કાર્ય ચાલુ રાખીને સ્ટ્રેચરની મદદથી તમામ ૬ ઘાયલોને

સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન ચલાવશે

ટ્રેન નં.	મૂળ સ્ટેશન તારીખ અને ગંતવ્ય સ્થાન	સેવાની તારીખ	પ્રસ્થાન	આગમન
04673	બાંદ્રા ટર્મિનસ - છહેરતા	૧૭/૧૧/૨૦૨૬	૧૦.૩૦ કલાકે (મંગળવાર)	૧૯:૩૦ કલાકે (આગામી દિવસે)

હોલ્ટ્સઃ બોરીવલી, વાપી, સુરત, ભરૂચ, વડોદરા, રતલામ, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, ભરતપુર, મથુરા, દિલ્હી સફદજંગ, પાણીપત, અંબાલા કેન્ટ, લુધિયાણા, ફગવાડા, જલંધર સિટી, બિયાર અને અમૃતસર સ્ટેશન

રચના : એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.


ટ્રેન નંબર ૦૪૬૭૩ માટે બુકિંગ બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર ખુલ્લું છે.
ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલ્વે
wr.indianrailways.gov.in
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને બધી આરક્ષિત ટિકિટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો.

દિવાળીના વેકેશનના કારણે અડધુ સુરત ખાલી છતાં એક્યુઆઈ ૧૭૫ નોંધાયો

કારખાના, મીલો, બાંધકામ સાઈટો બંધ અને વાહનોની સંખ્યા ઘટી ગઈ પણ સુરતની પ્રદૂષિત હવામાં સુધારો થયો નહીં



પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭

સુરત શહેરમાં હાલ વેકેશનના કારણે મોટાભાગના પરપ્રાંતીય શ્રમિકો વતન જતા રહ્યા છે. બીજી તરફ અનેક ટેક્સટાઈલ અને અન્ય ઔદ્યોગિક એકમો બંધ હોવાથી તેમજ બાંધકામ સાઈટો પર પણ કામકાજ બંધ અથવા મર્યાદિત હોવાથી શહેરમાં ધૂળ-રજકણ અને વાહનોની અવરજવરમાં ઘટાડો થયો છે. આમ છતાં સુરતની હવાની ગુણવત્તામાં અપેક્ષિત સુધારો જોવા મળ્યો નથી. સુરત મહાનગરપાલિકા દ્વારા અપડેટ કરવામાં આવેલા હવાના પ્રદૂષણના આંકડા અને ખાનગી વેબસાઈટ પર દર્શાવાયેલા એર ક્વોલિટી ઈન્ડેક્સના આંકડા હવાની ગુણવત્તા અંગે ચિંતા ઊભી કરે છે.સુરત મહાનગરપાલિકાના આંકડા મુજબ શહેરમાં સલ્ફર ડાયોક્સાઈડ (SO2)નું પ્રમાણ ૧૮.૪ માઈક્રોગ્રામ પ્રતિ ઘનમીટર, નાઈટ્રોજન ઓક્સાઈડ (NOx)નું પ્રમાણ ૧૭.૦૭ અને કાર્બન મોનોક્સાઈડ (CO)નું પ્રમાણ ૨.૫૮ માઈક્રોગ્રામ પ્રતિ ઘનમીટર નોંધાયું છે. જ્યારે હવામાં રહેલા અતિસૂક્ષ્મ ધૂળકણો PM2.5નું પ્રમાણ ૧૧૧ અને PM10નું પ્રમાણ ૨૬૦ માઈક્રોગ્રામ પ્રતિ ઘનમીટર નોંધાયું છે. ખાસ કરીને ધૂળકણોનું આ પ્રમાણ હવાની ગુણવત્તા અંગે ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે.બીજી તરફ આજે બપોરે એક ખાનગી વેબસાઈટ પર સુરતનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૭૫ નોંધાયો હતો. ભારતીય હવા ગુણવત્તા માપદંડ મુજબ ૧૦૧થી ૨૦૦ સુધીનો AQI મધ્યમ શ્રેણીમાં આવે છે. આ સ્તરે સામાન્ય લોકોને ખાસ અસર ન થાય, પરંતુ અસ્થમા, ફેફસાં અને હૃદયની બીમારી ધરાવતા લોકોને શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે.સામાન્ય રીતે વાહનોના ધુમાડા, ઔદ્યોગિક એકમોમાંથી નીકળતા ઉત્સર્જન, બાંધકામની પ્રવૃત્તિઓ અને રસ્તાઓ પર ઊડતી ધૂળ હવાના પ્રદૂષણ માટે જવાબદાર હોય છે. હાલ આ પ્રવૃત્તિઓમાં ઘટાડો થયો હોવા છતાં પ્રદૂષણનું પ્રમાણ ઊંચું રહેવું ચિંતાનો વિષય છે. બાળકો, વૃદ્ધો અને શ્વસનના દર્દીઓએ ખાસ સાવચેતી રાખવાની જરૂર છે. શહેરમાં હવાની ગુણવત્તા સુધારવા માટે ધૂળ નિયંત્રણ, રસ્તાઓની નિયમિત સફાઈ અને પ્રદૂષણ ફેલાવતા સ્ત્રોતો સામે અસરકારક પગલાં લેવાની જરૂરિયાત ઊભી થઈ છે.

પવનની મંદ ગતિને કારણે તાપમાનમાં વધારો

સુરત શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી અનુભવાઈ રહેલી ઠંડીની અસર આજે સવારે આંશિક રીતે ઓછી જોવા મળી હતી. શહેરના લઘુત્તમ તાપમાનમાં થોડો વધારો થતાં વહેલી સવારે ઠંડીનો અહેસાસ અગાઉની સરખામણીએ ઓછો રહ્યો હતો. હવામાનમાં આવેલા આ ફેરફારને પગલે સવારે બહાર નીકળતા નાગરિકોને ઠંડીથી થોડી રાહત મળી હતી.છેલ્લા ૨૪ કલાક દરમિયાન સુરત શહેરનું મહત્તમ તાપમાન ૩૩.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૦.૮૯ ટકા નોંધાયું હોવાનું હવામાનના આંકડામાં દર્શાવવામાં આવ્યું છે. પવનની ગતિ મંદ રહેવાને કારણે તાપમાનમાં આંશિક વધારો થયો હોવાનું મનાય છે. પવનની ગતિ ઓછી રહેતાં વાતાવરણમાં ઠંડકની અસર પણ ઘટી હતી.

હવામાનમાં થઈ રહેલા આ ફેરફારને કારણે દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ અને વહેલી સવારે ઠંડીની અસર વચ્ચે મિશ્ર વાતાવરણ જોવા મળી રહ્યું છે. આગામી દિવસોમાં તાપમાનમાં કેવો ફેરફાર થાય છે તેના પર શહેરીજનોની નજર રહેશે.

ભૂતમામા મંદિર ગ્રાઉન્ડમાં કારે અઢી વર્ષની બાળકીને કચડી મારી

ગંભીર ઈજાગ્રસ્ત બાળકીનું સારવાર દરમિયાન મોત

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭

સુરત જિલ્લાના સાંબા ગામની સીમમાં આવેલા બ્રહ્મણીયા ભુત મામાના મંદિરના ગ્રાઉન્ડમાં ઈકો ગાડીના ચાલકે બેફિકરાઈ અને ગફલતભરી રીતે વાહન હંકારતાં અઢી વર્ષની બાળકી ગંભીર અકસ્માતનો ભોગ બની હતી. રમતી વખતે બાળકી ઈકો ગાડીની અડફેટે આવી જતાં ચાલકે ગાડીનું આગળનું વ્હીલ તેના શરીર પર ચઢાવી દીધું હતું. એટલું જ નહીં, બાળકીને થોડે દૂર સુધી ઘસેડી જતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. સારવાર દરમિયાન બાળકીનું મોત નીપજતાં પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

પોલીસ ફરિયાદ મુજબ, ગત તા.૧૫ નવેમ્બર ૨૦૨૬ના રોજ સાંજે પાંચ વાગ્યાના અરસામાં સાંબા ગામની સીમમાં આવેલા બ્રહ્મણીયા ભુત મામાના મંદિરના ગ્રાઉન્ડમાં આ દુર્ઘટના બની હતી. બીલીમોરા, ઓરીયામોરા ફળિયામાં રહેતા તુષારભાઈ રાજેશભાઈ પટેલ (ઉં.વ.૩૨)ના ભત્રીજી ભવ્ય (ઉં.વ. અઢી વર્ષ) ગ્રાઉન્ડમાં રમતી હતી. તે દરમિયાન જીજે-૦૫-આરઈ-૬૬૮૫ નંબરની ઈકો ગાડીના અજાણ્યા ચાલકે બેદરકારીપૂર્વક ગાડી હંકારી બાળકીને અડફેટે લીધી હતી. ગાડીનું આગળનું વ્હીલ બાળકી ઉપર ફરી વળતાં તેને થોડે દૂર સુધી ઘસેડવામાં આવી હતી અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

સુરત-ભૂસાવળ ટ્રક પર ટ્રેન અડફેટે યુવાનનું મોત થયું

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭

સુરત જિલ્લાના પલસાણા તાલુકાના બગુમરા ગામની સીમમાંથી પસાર થતા સુરત-ભુસાવલ રેલવે ટ્રેક પર ટ્રેનની અડફેટે આવી જતાં ૩૧ વર્ષીય યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. ટ્રેનની અડફેટે યુવકને માથા સહિત શરીરના ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી અને શરીરના ભાગો કપાઈ જતાં ઘટનાસ્થળે જ તેનું મોત થયું હતું.

મળતી માહિતી મુજબ, બગુમરા સ્થિત બંસી પાર્ક, ક્રિષ્ના રેસિડેન્સીમાં રહેતા વિકાસકુમાર શંભુ પાંડે (ઉં.વ.૩૧) બગુમરા ગામની હદમાંથી પસાર થતા સુરત-ભુસાવલ રેલવે ટ્રેક પર થાંભલા નંબર ૧૫/૨૬થી ૧૫/૨૮ વચ્ચે કોઈ અજાણી ટ્રેનની અડફેટે આવી ગયા હતા. આ બનાવમાં તેમને ગંભીર ઈજાઓ થતાં સ્થળ પર જ દમ તોડી દીધો હતો. બનાવની જાણ થતાં દિલીપકુમાર ઉમેશ ઝા (ઉં.વ.૫૬)એ પોલીસને જાણ કરી હતી. પોલીસે અકસ્માત મોતનો બનાવ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ઉધનાના સફાઈ કામદારના બેંક ખાતામાંથી રૂા.૧.૪૫ લાખ સાફ

મોબાઈલ હેક કરી ઢગોએ બે બેંક એકાઉન્ટ ખાલી કરી નાખ્યા

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭

સુરતના ઉધના વિસ્તારમાં રહેતા એક સફાઈ કામદારનો મોબાઈલ ફોન હેક કરી અજાણ્યા ઠગે તેના બે અલગ-અલગ બેંક ખાતામાંથી કુલ રૂ.૧,૪૫,૯૦૦ ઉપાડી લેતાં ચકચાર મચી ગઈ છે. મોબાઈલ હેક કર્યા બાદ ઠગે ટુકડે-ટુકડે બેંક ખાતામાંથી નાણાં ટ્રાન્સફર કરી લીધા હતા. આ અંગે ભોગ બનનાર પોપટ નિરામન કાશીરામ વાલ્હે (ઉં.વ.૩૨)એ ઉધના પોલીસ મથકમાં અજાણ્યા શખસ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદ મુજબ, ઉધનાના ભીમનગર આવાસ, બિલ્ડિંગ નં.૩૩, રૂમ નં.૨૯માં રહેતા અનેસફાઈ કામ કરીને ગુજરાન ચલાવતા પોપટ વાલ્હેના બેંક ખાતામાંથી ગત તા.૧૧ નવેમ્બર ૨૦૨૬ના રોજ બપોરે ૧૨થી ૨ વાગ્યાના સમયગાળા દરમિયાન અજાણ્યા શખસે નાણાં ઉપાડી લીધાં હતાં. અજાણ્યા ઈસમે ફરિયાદીનો મોબાઈલ ફોન હેક કરી તેની જાણ બહાર બેંક ઓફ બરોડાના ઉધના રોડ નં.૧૦ શાખાના ખાતામાંથી ટુકડે-ટુકડે રૂ.૧,૦૦,૫૦૦ ઉપાડી લીધા હતા. આ ઉપરાંત એચડીએફસી બેંકના ખાતામાંથી પણ રૂ.૪૫,૪૦૦ ઉપાડી લીધા હતા. આમ, બંને બેંક ખાતામાંથી કુલ રૂ.૧,૪૫,૯૦૦ની રકમ ઉપાડી લઈ અજાણ્યા ઠગે છેતરપિંડી આચરી હતી.

સચીન પોલીસે કારમાંથી રૂ.૪.૬૨ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭

સુરત શહેરમાં દારૂ અને જુગારની ગેરકાયદે પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરી દરમિયાન સચીન પોલીસે વિદેશી દારૂની હેરાફેરી કરતા એક યુવકને ઝડપી પાડ્યો છે. પોલીસની ટીમે સચીન-મોઢીણી-નિયોલ રોડ પર બુલેટ ટ્રેનના થાંભલા નંબર ૨૬૧ પાસે એક સફેદ કલરની આઈ-૨૦ કારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયરના ટીન મળી કુલ ૨૩૫૨ નંગ જપ્ત કર્યા હતા. પોલીસે કારચાલક સહિત રૂ.૧૦.૬૭ લાખનો મુદ્દામાલ કબજે કરી નોંધપાત્ર પ્રોહિબિશનનો ગુનો નોંધ્યો છે.

પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ દ્વારા દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને શહેરમાં દારૂ અને જુગારની ગેરકાયદે પ્રવૃત્તિઓને ડામવા સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે પોલીસ ઈન્સ્પેક્ટર પી.એન. વાઘેલાના



Happy New Year
NARMADA CLEAN TECH
(NCT)
(A Subsidiary of GIDC)
Committed Organization
For Environmental Protection & upgradation



૩૧ વીં પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ

સ્વ. સુખદેવ મોહનલાલ રાઠી
જન્મ દિ.: ૬.૧૨.૧૯૬૦/ સ્વ. દિ. : ૧૭.૧૧.૧૯૯૫
આપકी विदाई को आज ३१ साल हो गये। जीवन के मध्याहन मे मोक्ष मार्ग ग्रहण किया, आपका शरीर हमारे साथ न होते हुए भी आपका अहसास हर पल हमारे साथ है। आपके बनाए लक्ष्य की ओर निरंतर बढ रहे है यही हमारे लिए आपके प्रति सच्ची श्रद्धांजलि है।
प्रभु आपकी दिव्य आत्मा को परम शांति प्रदान करे, ऐसी हम सभी परिवार जनों की प्रार्थना है।
Maakhan Bhog परिवार
सूरत - बीकानेर - जयमलसर

सर्वेજનોને પ્રકાશ પર્વ દિવાળીની શુભેચ્છા તથા નૂતનવર્ષાભિનંદન

પલસાણા તાલુકા ભારતીય જનતા પાર્ટી
પ્રમુખ
કૃણાલ અનિલભાઈ પટેલ
મહામંત્રી
મીતેશભાઈ બચુભાઈ નાયક
મહામંત્રી
કૃણાલસિંહ બળવંતસિંહ ગોહિલ

Happy Diwali
DINESH MODI
Managing Director
RIDDHI LIFESCIENCES
INDIA PRIVATE LIMITED
(Formerly known as Riddhi Pharma)
Mfr. of API Intermediates & Speciality Chemicals




ધી ભરૂચ ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લી.
રેલ્વે સ્ટેશન સામે, હોટલ કરોના પાછળ, ભરૂચ - ૩૯૨ ૦૦૧
Phone: 02642 – 240201, 240268, 240701,242421 Fax: 02642 - 241877, 240701, 252585
Email ID : ceo@bharuchdccb.bank.in Website : www.bharuchdccb.bank.in
નૂતન વર્ષાભિનંદન
વ્યક્તિ, ટ્રસ્ટ, મંડળી તથા અર્બન બેંકો (તમામ થાપણદાર) માટે ફીકસ તથા રીકરીંગ ડીપોઝીટનાં વ્યાજનાં દર ૧૩/૦૪/૨૦૨૬ થી અમલમાં

અં.નં.	મુદ્દત	સામાન્ય વ્યાજનો દર	સિનીયર સીટીઝન
૧	૦૭ દિવસ થી ૧૪ દિવસ સુધી	૩.૫૦%	૩.૫૦%
૨	૧૫ દિવસ થી ૪૪ દિવસ સુધી	૩.૫૦%	૩.૫૦%
૩	૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી	૫.૦૦%	૫.૦૦%
૪	૯૧ દિવસ થી ૧૭૯ દિવસ સુધી	૫.૦૦%	૫.૦૦%
૫	૧૮૦ દિવસ થી ૧ વર્ષની અંદર (૩૬૪ દિવસ સુધી)	૫.૫૦%	૫.૫૦%
૬	૧ વર્ષ અને તેથી વધુ પરંતુ ૨ વર્ષની અંદર (૩૬૫ દિવસથી ૭૨૯ દિવસ)	૬.૫૦%	૭.૦૦%
૭	૨ વર્ષ અને તેથી વધુ પરંતુ ૩ વર્ષની અંદર (૭૩૦ દિવસથી ૧૦૯૪ દિવસ)	૬.૫૦%	૭.૦૦%
૮	૩ વર્ષ અને તેથી વધુ પરંતુ ૪ વર્ષની અંદર (૧૦૯૫ દિવસથી ૧૪૫૯ દિવસ)	૬.૫૦%	૭.૦૦%
૯	૪ વર્ષ અને તેથી વધુ પરંતુ ૫ વર્ષની અંદર (૧૪૬૦ દિવસથી ૧૮૨૪ દિવસ)	૬.૫૦%	૭.૦૦%
૧૦	૫ વર્ષ (૬૦ માસ) (૧૮૨૫ દિવસ)	૬.૫૦%	૭.૦૦%

નોંધ: રીકરીંગ ડીપોઝીટ ૧ વર્ષ અને તેથી વધુ સમય માટે જ મુકી શકાશે.
અમારા માનવંતા ગ્રાહકો માટે બેંક તરફથી આપવામાં આવતી અદ્યતન સેવાઓ :-
(૧) મોબાઈલ બેકીંગ, ઈન્ટરનેટ બેકીંગ તથા UPI જેવી અદ્યતન સેવાઓ દ્વારા નાણાં ટ્રાન્સફરની અને મેળવવાની સુવિધા.
(૨) બેંક દ્વારા QR કોડ આપવાની સુવિધા.
(૩) રૂા.૫ લાખ સુધીની ડિપોઝીટ રિઝર્વ બેંક દ્વારા સુરક્ષિત.
(૪) બેંકની તમામ શાખાઓને RBI દ્વારા બેકીંગ કામ કાજ કરવા અંગેનું લાઈસન્સ મળેલ છે.
(૫) RTGS, NEFT તથા IMPS દ્વારા નાણાં ટ્રાન્સર કરવાની સુવિધા તથા ઈમેજ કલયરીંગ દ્વારા દેશ ભરમાં ઝડપી ચેક કલીયરીંગની સુવિધા.
(૬) બેંક દ્વારા ૫૦ શાખાઓ, ૩૮૫ માઈકો એ.ટી.એમ. તથા ૨૮ મોટા એ.ટી.એમ. દ્વારા જીલ્લાનું સૌથી મોટુ બેંકીંગ નેટવર્ક.
અજયસિંહ એ. રણા મેનેજીંગ ડીરેક્ટર
કરશનભાઈ જી. પટેલ વાઈસ ચેરમેન તથા બોર્ડ ઓફ ડીરેક્ટર્સ
અરૂણસિંહ એ. રણા ચેરમેન-ધી ભરૂચ ડી.સે.કો.ઓ.બેંક લિ. ધારાસભ્ય-વાગરા વિધાનસભા મત વિસ્તાર

દિપાવली एवं नए वर्ष की हार्दिक शुभकामना
आदर्श हिन्दी विद्यालय
चलथाण ता. पलसाना जिला-सूरत



DEEPAWALI GREETINGS
BIRLA CELLULOSIC
Birladham, Kharach, Kosamba (E.S.),
Dist. Bharuch (Gujarat)-394 120
Tel: 02646 270001-5, 270301-5
liva
"LIVA" Fabric - Natural Fluid Fashion
"LIVA" is a leading Fashion Fabric Brand from Aditya Birla Group. The Fabric has a sense of comfort and vast versatility.
VISCOSE reviva MODAL LYOCELL spunshades by Birla Cellulose

સર્વેજનોને પ્રકાશ પર્વ દિવાળીની શુભેચ્છા તથા નૂતનવર્ષાભિનંદન

પલસાણા તાલુકા પંચાયત
પ્રમુખશ્રી
અશ્વીનીકુમારી નીકુંજકુમાર વાંસીયા
ઉપપ્રમુખશ્રી
મુકેશભાઈ દિનેશભાઈ રાઠોડ
કારોબારી અધ્યક્ષ
હેમંતકુમાર ભીખુભાઈ પટેલ
તથા તમામ સભ્યશ્રીઓ

દીપાવली तथा नवा वर्षની હાર્દિક શુભેચ્છા...
વરૂણીકા પ્રિન્ટ
પ્રાઈવેટ લિમિટેડ મિલ
મુ.પો. તાતીથૈયા, તા. પલસાણા, જિ. સુરત.